દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 288 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 December 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૬ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત-રશિયાનું મિશન ૧૦૦ અબજ ડૉલર

**બન્ને દેશોએ આરોગ્ય, મોબિલિટી અને સ્થળાંતર, અન્ન સુરક્ષા, શિપિંગ અને લોકોના સાંસ્કૃતિક આદાનપ્રદાન સહિતના ક્ષેત્રોમાં કરાર કર્યા હતા**


## હાથ મળ્યા પણ શસ્ત્રો કેમ ન મળ્યાં?



રાષ્ટ્રપતિભવનમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈ કાલે લાલ જાજમ પાથરીને આવકાર્યા હતા. (એજન્સી)

નવી દિલ્હીઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારતની મુલાકાત દરમિયાન બન્ને દેશોએ આરોગ્ય, મોબિલિટી અને સ્થળાંતર, અન્ન સુરક્ષા, શિપિંગ અને લોકોના સાંસ્કૃતિક આદાનપ્રદાન સહિતના ક્ષેત્રોમાં કરાર કર્યા હતા. જોકે બે દેશો વચ્ચે કોઈ સંરક્ષણ કરાર થવાની જાહેરાત થઈ નથી. સંરક્ષણ નિષ્ણાતોનુ 'કહેવુ' છે કે અમેરિકાના પ્રમુખ (જુઓ પાનું ૨) ▶▶

**મોદી અને પુતિન વચ્ચેની શિખરમંત્રણામાં વેપાર માટેનો આ ટાર્ગેટ નક્કી કરાયોઃ બંને દેશ વચ્ચે અનેક કરારો સાથે આર્થિક સહકારની પાંચ વર્ષની રૂપરેખા તૈયાર કરાઈઃ ન્યુક્લિયર રિએક્ટરની ટેક્નોલોજીની ઑફર પણ પુતિને કરી**



નવી દિલ્હીઃ ભારત અને રશિયાએ બન્ને દેશોના આર્થિક અને વેપારી સંબંધો મજબૂત બનાવવા પાંચ વર્ષની યોજના ઘડી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે ભૂ-રાજકીય પરિસ્થિતિના પડકાર છતાં બે દેશો વચચેના સંબંધો ઉત્તર ધ્રુવના તારાની જેમ અચળ રહ્યા છે. બન્ને દેશોએ આરોગ્ય, મોબિલિટી અને સ્થળાંતર, અન્ન સુરક્ષા, શિપિંગ અને લોકોના સાંસ્કૃતિક આદાનપ્રદાન સહિતના ક્ષેત્રોમાં કરાર કર્યા હતા. પુતિને કહ્યું હતું કે બન્ને દેશ ફ્રી ટ્રેડ કરાર વાર્ષિક વેપારનું કદ ૨૦૩૦ સુધીમાં ૬૪ અબજ ડૉલરથી વધારીને ૧૦૦ અબજ ડૉલર પર લઈ જશે. પુતિને કહ્યું હતું કે રશિયા તેલ, ગેસ, (જુઓ પાનું ૨) ▶▶

## ઈન્ડિગો કટોકટી: સ્થિતિ નૉર્મલ થતાં હજી દસ દિવસ લાગી શકે છે



**ક્યારે પહોંચાશે મંઝિલે?:** ઈન્ડિગોની કટોકટીને લીધે બેંગ્લૂરુ ઍરપૉર્ટ પર પ્રવાસીઓનો લગેજ મોટી સંખ્યામાં ભેગો થઈ ગયો હતો. (એજન્સી)

**૧,૦૦૦થી વધુ ફ્લાઈટ શુક્રવારે રદ, એટલી જ ફ્લાઈટ આજે પણ કૅન્સલ થશેઃ પ્રવાસીઓ હેરાનપરેશાન, વધી રહ્યો છે આક્રોશઃ ડીજીસીએ નમ્યું, એફડીટીએલનો અમલ મોકૂફ**

મુંબઈઃ હવાઈ ઉડ્ડયનના નિયામક ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ ઈન્ડિગો ઍરલાઈનમાં ઑપરેશનમાં મોટા વિક્ષેપને ધ્યાનમાં લઈને સાપ્તાહિક આરામ ગાળાના બદલામાં રજા આપવાની છૂટ આપી છે અને હાલ ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન્સ (એફડીટીએલ)ના અમલને મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. ઈન્ડિગોની સમસ્યાનો હજી દસ દિવસ સુધીમાં અંત આવે એવું લાગે છે અને ઍરલાઇનના સીઈઓ પીટર ઇલબર્સે શુક્રવારે કહ્યું હતું કે, આજે એટલે કે શનિવારે ૧,૦૦૦થી (જુઓ પાનું ૨) ▶▶

## લોન સસ્તી થશે

**રિઝર્વ બૅન્કે રેપોરેટ પા ટકા ઘટાડી ઊંચો વિકાસ ને નીચો ફુગાવો ધરાવતા અર્થતંત્રને વધુ વેગ આપવાની તૈયારી કરી**

મુંબઈઃ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ શુક્રવારે છ મહિનામાં પહેલી વાર મુખ્ય બેન્ચમાર્ક વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે અને ઊંચા અમેરિકી ટૅરિફનો સામનો કરવા માટે ઊંચો વિકાસને નીચા ફુગાવો ધરાવતા અર્થતંત્રને ટેકો આપવા માટે બૅન્કિંગ ક્ષેત્રને એક લાખ કરોડની લિક્વિડિટી બૂસ્ટ આપવાનું વચન આપ્યું છે. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળ છ સભ્યની નાણાકીય નીતિ સમિતિએ સર્વાનુમતે રેપો રેટ પચીસ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૫.૨૫ ટકા કરવા માટે મતદાન કર્યું હતું અને તટસ્થ વલણ જાળવી રાખ્યું હતું, જેનાથી વધુ દર (જુઓ પાનું ૨) ▶▶

## યુક્રેન મુદ્દે ભારત તટસ્થ નથી, શાંતિના પક્ષમાંઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ અટકાવવાના છેલ્લામાં છેલ્લા પ્રયાસોને જોરદાર ટેકો આપ્યો હતો. તેમણે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને ભારત યુદ્ધનો સુલેહભર્યો ઉકેલ શોધવાના પ્રયાસમાં તેમની સાથે ખભેથી ખભા મિલાવશે.બન્ને વડા વચ્ચેની શિખર પરિષદમાં યુક્રેનના યુદ્ધના મુદ્દા પર વ્યાપક ચર્ચા થઈ હતી. આ શિખર પરિષદનો હેતુ ખરાબ ભૂ-રાજકીય પરિસ્થિતિ અને તંગદિલી વચ્ચે પણ આઠ દાયકા જૂની દ્વિપક્ષીય ભાગીદારીને મજબૂત (જુઓ પાનું ૨) ▶▶

## બે પાસપોર્ટઃ આઝમ ખાનના દીકરાને સાત વર્ષનો કારાવાસ

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનના પુત્ર અબ્દુલ્લા આઝમને બે પાસપોર્ટ રાખવા બદલ સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. અબ્દુલ્લા આઝમ ખાનને પહેલેથી જ બે પૅન કાર્ડ રાખવા બદલ સજા ફટકારવામાં આવી છે. આઝમ ખાનનો પુત્ર હાલ જેલમાં સજા કાપી રહ્યો છે જેના લીધે તેને વિડીયો કૉન્ફરન્સથી હાજર કરવામાં આવ્યો હતો.

આ અંગે ભાજપના ધારાસભ્ય આકાશ સક્સેનાએ સિવિલ લાઇન્સ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપ હતો કે અબ્દુલ્લાએ અલગ અલગ જન્મતારીખનો ઉપયોગ કરીને બે પાસપોર્ટ મેળવ્યા હતા. જે નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. તેમજ પાસપોર્ટ ખોટા અને બનાવટી દસ્તાવેજોના આધારે ઇશ્યુ કરવામાં આવ્યા હતા અને તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે પાસપોર્ટ કાયદા હેઠળ ગંભીર ગુનો છે. ટ્રાયલ દરમિયાન અબ્દુલ્લા આઝમ ખાનને દોષી ઠેરવવામાં આવ્યો હતો અને સજા ફટકારવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, ૧૯ નવેમ્બરના રોજ રામપુરની ખાસ સાંસદ/ધારાસભ્ય અદાલતે આઝમ ખાન અને તેમના પુત્ર અબ્દુલ્લા આઝમને રામપુર જેલમાં રહેવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે શરત મૂકી હતી કે તેમને પૂર્વ પરવાનગી વિના અન્ય કોઈપણ જેલમાં ટ્રાન્સફર કરવામાં નહિ આવે.




11 DAYS
Explore VIETNAM

| DEP DATES | 25th DEC | 03rd JAN | 22nd JAN | 05th FEB | 21st FEB | 07th MAR | 19th MAR | 11th APR |
|---|---|---|---|---|---|---|---|---|
| | 23rd APR | 07th MAY | 21st MAY | 04th JUN | 18th JUN | 26th SEP | | |

PACKAGE INCLUSIONS
- Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, Basket Boat, Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
- Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.



SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત-રશિયા ગાઢ દોસ્તીનો પાયો નહેરુએ નાખેલો

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારત યાત્રા સમાપ્ત થઈ ગઈ. આ યાત્રા દરમિયાન ભારત અને રશિયા વચ્ચેના આર્થિક સંબંધો ગાઢ બનાવવા માટે ઘણાં બધા કરાર થયા. પુતિન પોતાનું અડધું વહીવટીતંત્ર લઈને ભારત આવેલા તેના પરથી જ સ્પષ્ટ હતું કે, ભારત-રશિયા દોસ્તીનું નવું પ્રકરણ આલેખાશે ને એવું જ થયું છે. ભારત રશિયા પાસેથી થોકબંધ ક્રૂડ તો ખરીદે જ છે પણ હવે બીજાં ક્ષેત્રોમાં પણ સહકાર વધશે.

આ સહકારની વિગતો મીડિયામાં આવી ગઈ છે તેથી રિપીટ નથી કરતા પણ પુતિનની યાત્રાથી અમેરિકાને મરચાં લાગી ગયાં છે એ સ્પષ્ટ છે. ડોનલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી ભારતને રશિયા સાથેના આર્થિક સંબંધો પર પૂર્ણવિરામ મૂકવા કહી રહ્યા છે પણ નરેન્દ્ર મોદી તેમની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખે છે. અત્યારે પણ એવું જ થયું છે તેથી અમેરિકા ફૂંગરાયેલું છે.

પુતિનની યાત્રાના પગલે ભક્તજનો મોદીનાં ઓવારણાં લઈ રહ્યા છે અને રશિયા સાથેના સંબંધો ગાઢ બનાવવા બદલ વખાણ કરી રહ્યા છે. મોદી અમેરિકાને બદલે રશિયા તરફ વધુ ઢળી રહ્યા છે એ સાચું પણ પહેલાં અમેરિકા તરફ ઢળવાનો નિર્ણય મોદીએ જ લીધેલો. બાકી ભારતના તો રશિયા સાથે એકદમ ગાઢ સંબંધો જ હતા. પરંપરાગત રીતે ભારત રશિયાનું જ મિત્ર હતું પણ મોદીને ડોનલ્ડ ટ્રમ્પને પોતાના દોસ્ત ગણાવવાના અભરખા છે તેથી ૨૦૧૬માં ટ્રમ્પ પહેલી વાર પ્રમુખ બન્યા પછી ભારત રશિયાને છોડીને અમેરિકા તરફ વધારે ઢળવા માંડેલું.

ટ્રમ્પે તો પહેલી ઈનિંગમાં જ ભારતને પરચો આપી દીધેલો કે, અમેરિકાને ભારત સાથે દોસ્તીમાં નહીં પણ આર્થિક ફાયદામાં રસ છે ને ટ્રમ્પ ભારત પોતાનું આંગળિયાત બનીને રહે એવી માનસિકતા ધરાવે છે. ટ્રમ્પે પહેલી ઈનિંગમાં જ ભારતને નુકસાનકારક ઘણા નિર્ણયો લીધેલા પણ મોદી પાસે વટનાં ગાજર ખાધા વિના છૂટકો નહોતો એટલે અમેરિકા સાથે સંબંધો ગાઢ હોવાનો ડોળ કરવો પડેલો. ભારતના સદનસીબે ટ્રમ્પ ૨૦૨૦ની પ્રમુખપદની ચૂંટણીમાં હારી ગયા ને જો બાઈડન પ્રમુખ બન્યા એટલે ભારતને સાવ ચૂસી લેવાની વૃત્તિમાંથી છુટકારો મળ્યો પણ અમેરિકા સાથેના સંબંધો ભારત માટે વિન-વિન સિચ્યુએશન જેવા એટલે કે બંનેને માટે ફાયદાકારક બિલકુલ નહોતા.

દરમિયાનમાં રશિયાએ યુક્રેન પર આક્રમણ કરતાં અમેરિકા અને તેના સાથી દેશોએ રશિયા પર આર્થિક નિયંત્રણો મૂકી દીધાં તેમાં રશિયાને ભારતની ગરજ પડી ગઈ. રશિયાને પોતાનું અર્થતંત્ર ચલાવવા માટે ક્રૂડ ઓઈલના ખરીદદારો જોઈતા હતા તેથી સસ્તા ભાવે ક્રૂડ આપવા વ્લાદિમિર પુતિન તૈયાર હતા ને મોદીએ આ તક ઝડપી લેતાં ભારત અને રશિયાની દોસ્તી પાછી ગાઢ થઈ ગઈ.

મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પની ઐસીતૈસી કરીને રશિયા સાથેના સંબંધો ગાઢ બનાવ્યા છે એ સ્વીકારવું જોઈએ પણ આ મામલે પણ મોદી જેમને સૌથી વધારે ગાળો આપે છે એવા જવાહરલાલ નહેરુના રસ્તે ચાલી રહ્યા છે. વિધિની વક્રતા એ છે કે, મોદી નહેરુની વિદેશ નીતિને કારણે ભારત કંગાળ રહી ગયું એવા આક્ષેપો કરે છે પણ હવે એ જ વિદેશ નીતિને અપનાવી રહ્યા છે. નહેરુએ યુએઈ, સાઉદી અરેબિયા સહિતના મધ્ય પૂર્વના દેશો સાથે સંબધો ગાઢ બનાવેલા અને રશિયાને તો ભારતનું સૌથી વિશ્વાસપાત્ર સાથી બનાવી દીધેલું. મોદી પણ એ જ કરી રહ્યા છે ને ? મોદી અને ભાજપના નેતા નહેરુ-ગાંધી ખાનદાનની નીતિઓની ઝાટકણી કાઢ્યા કરે છે, દેશની સમસ્યાઓ માટે નહેરુ-ગાંધી ખાનદાન પર આળ મૂક્યા કરે છે પણ પોતે એ જ નીતિ અપનાવી રહ્યા છે.

ભારત ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયો ત્યારે અમેરિકા અને સોવિયેત યુનિયન એટલે કે રશિયા એ બેમાંથી કોની તરફ ઢળવું તેની અવઢવ હતી. નહેરુએ અમેરિકાની નારાજગી વહોરીને રશિયાને પસંદ કર્યું કેમ કે રશિયા મૂડીવાદી નહોતું. અમેરિકાની જેમ પોતાની કંપનીઓને ઘુસાડીને પોતાના સાથી દેશોને ચૂસી લેવાની માનસિકતા રશિયાની આજે પણ નથી. અમેરિકાની જેમ દૂધ અને દહીં બંનેમાં પગ રાખીને આર્થિક લાભ સિવાય બીજા કશા વિશે નહીં વિચારવાની રશિયાની માનસિકતા આજે પણ નથી.

રશિયા ભારતને દોસ્ત માને છે અને સમયાંતરે આ દોસ્તીના ટેસ્ટ રશિયાએ પાસ કર્યા છે. ૧૯૫૧માં યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં પાકિસ્તાને અમેરિકાના ખોળામાં બેસીને કાશ્મીર આખું પોતાને મળવું જોઈએ એવી દરખાસ્ત મૂકી ત્યારે અમેરિકા સહિતના દેશો પાકિસ્તાનના પડખે હતા. એ વખતે રશિયા આપણી સાથે ના હોત તો કાશ્મીર હાથથી જતું રહ્યું હોત.

યુએસએસઆરએ ભારતના સમર્થનમાં કાશ્મીર વિવાદ પર વીટો પાવરનો ઉપયોગ કરીને કાશ્મીરને ભારતના હાથમાંથી જતું બચાવેલું. ૧૯૫૩માં રશિયાના સર્વેસર્વા જોસેફ સ્ટાલિને ભારતના રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનને ડંકે કી ચોટ પર કહેલું કે, ભારતને અમે અમારું દુશ્મન નથી માનતા. આ અમારી નીતિ છે અને હંમેશાં રહેશે. ભારતને જ્યારે પણ જરૂર પડશે ત્યારે તમે અમારી મદદના ભરોસે નિશ્ચિંત થઈ જાઓ.

જવાહરલાલ નહેરુ જૂન, ૧૯૫૫માં પહેલી વાર સોવિયેત સંઘ ગયા એના થોડા મહિના પછી કોમ્યુનિસ્ટ પાર્ટીના વડા નિકિતા ખ્રુશ્ચેવ ભારત આવેલા. ભારતમાં, ખ્રુશ્ચેવે જાહેરાત કરી કે સોવિયેત સંઘ કાશ્મીર અને ગોવા સહિતના દરિયાકાંઠાના વિસ્તારો પર ભારતીય સાર્વભૌમત્વને સમર્થન આપે છે. ભારતને પોતાના આ વિસ્તારોના રક્ષણ માટે જે પણ મદદ જોઈએ એ બધી રશિયા આપશે. રશિયાએ ૧૯૭૧ના બાંગ્લાદેશ યુદ્ધ વખતે આ વચન પાળી બતાવેલું. પાકિસ્તાનને બચાવવા માટે અમેરિકાએ પોતાનાં યુદ્ધજહાજો હિંદ મહાસાગરમાં રવાના કરેલાં. રશિયાના સુપ્રીમો લિયોનેદ બ્રેઝનેવે ઈન્દિરા ગાંધીના એક કોલ પર ભારત સાથે સલામતીના કરાર કરીને પોતાનાં યુદ્ધજહાજોને મોકલી આપેલાં. રશિયા યુદ્ધમાં ઉતરે તો પોતાનો ખુરદો થઈ જાય એ ડરે ફફડેલા અમેરિકાએ પોતાનાં યુદ્ધજહાજોને પાછાં બોલાવી લીધેલાં. તેના કારણે ભારતના લશ્કર માટે પાકિસ્તાન પર હલ્લાબોલ કરવાનો રસ્તો ખૂલી ગયો ને બાંગ્લાદેશનું સર્જન થઈ ગયું.

આ તો બે ઉદાહરણ આપ્યાં છે પણ રશિયા ભારતની પડખે ઊભું રહ્યું હોય એવા બીજા ઘણા પ્રસંગો છે અને આ દોસ્તીનો પાયો જવાહરલાલ નહેરુએ નાંખ્યો હતો. ભારતમાં ભાજપ શાસનમાં આવ્યો પછી નહેરુને ગાળો દેવાની ફેશન થઈ ગઈ છે પણ રશિયા સાથેની ગાઢ દોસ્તી નહેરુ કેવા વિઝનરી હતા તેનો પુરાવો છે. નહેરુ ૭૮ વર્ષ પહેલાં સમજી ગયેલા કે, અમેરિકા ભરોસાપાત્ર સાથી નથી ને રશિયા કદી દગો નહીં દે.

આ વાત સાચી પડી ને આજે પણ સાચી પડી રહી છે. મોદીએ અમેરિકાભક્તિ મૂકીને રશિયા તરફ પાછા વળવું પડી રહ્યું છે.■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, શનિવાર, તા. ૬-૧૨-૨૦૨૫, બુધ વૃશ્ચિકમાં

- ભારતીય દિનાંક ૧૫, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૬મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૦૮-૪૯ સુધી, પછી આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. 30-૧૨ (તા. ૭) ● સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૨ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૦, સાંજે ક. ૧૮-30
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - દ્વિતીયા. હુથરી કુર્ગ, બુધ વૃશ્ચિકમાં ક. ૨૦-૨૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, શનિ દેવતાનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, ખેરનું વૃક્ષ વાવવું, નિત્ય થતાં પશુ લે-વેંચ, ખેતીવાડી, દુકાન-વેપાર, દસ્તાવેજના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શિવપૂજા, રાહુદેવતાનું પૂજન, અગરના ઔષધીય પ્રયોગો, બગીચો બનાવવો, મંદિરોમાં અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ સંયમહીન, બુધ-ગુરુ ત્રિકોણ દાર્શનિક વૃત્તિવાળા, ચંદ્ર-રાહુ ત્રિકોણ કરકસરિયા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, બુધ-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ (તા. ૭)
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-તુલા/ વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# પાન મસાલા, સિગરેટ મોંઘાંઃ આ આવકનો ઉપયોગ હવે રાષ્ટ્રીય સલામતી માટે થશે

નવી દિલ્હીઃ સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભાએ હેલ્થ સિક્યોરિટી અને નેશનલ સિક્યોરિટી સેસ બિલ પસાર કર્યું હતું. આ બિલ કાયદો બની ગયા પછી સરકાર સિગારેટ અને તમાકુ જેવા ઉત્પાદનો પર વધારાના કર લાદશે. સરકારનું કહેવું છે કે આ વધેલા કરમાંથી ઉત્પન્ન થતા બજેટનો ઉપયોગ રાષ્ટ્રીય સુરક્ષા માટે કરવામાં આવશે. નાણા પ્રધાન નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં આ જાહેરાત કરી હતી.

લોકસભામાં શુક્રવારે પાન મસાલાના ઉત્પાદન એકમો પર સેસ લાદવા અને ભંડોળનો ઉપયોગ રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવવા અને જાહેર આરોગ્ય સુધારવા માટે કરવા માટે બિલ પસાર કરવામાં આવ્યું હતું. હેલ્થ સિક્યોરિટી અને નેશનલ સિક્યોરિટી સેસ બિલ ૨૦૨૫ પર ચર્ચાનો જવાબ આપતા નિર્મલા સીતારમણે કહ્યું કે સેસ રાજ્યો સાથે શેર કરવામાં આવશે કારણ કે જાહેર આરોગ્ય રાજ્યનો વિષય છે. આ બિલ બાદમાં લોકસભા દ્વારા ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.

આ બિલ પાન મસાલા અને સમાન માલના ઉત્પાદન માટે લગાવવામાં આવનારા મશીનો અથવા અન્ય પ્રક્રિયાઓ પર સેસ લગાવીને રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્ય પર ખર્ચને પહોંચી વળવા માટે સંસાધનોમાં વધારો કરવાનો પ્રયાસ કરે છે. તેમણે જણાવ્યું હતું કે બિલનો હેતુ રાષ્ટ્રીય મહત્વના બે ક્ષેત્રો - આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માટે સમર્પિત અને અનુમાનિત સંસાધન પ્રવાહ બનાવવાનો છે.

સીતારમણે જણાવ્યું હતું કે પાન મસાલા પર તેના વપરાશના આધારે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ હેઠળ મહત્તમ ૪૦ ટકાના દરે કર લાદવામાં આવશે અને આ સેસની જીએસટી આવક પર કોઈ અસર થશે નહીં.પ્રસ્તાવિત આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા સેસ તે પાન મસાલાનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓમાં મશીનોની ઉત્પાદન ક્ષમતા પર વસૂલવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કુલ આવકના ટકાવારી તરીકે સેસ ચાલુ નાણાકીય વર્ષમાં ૬.૧ ટકા હતો,જે ૨૦૧૦-૨૦૧૪ વચ્ચે ૭ ટકા કરતા ઓછો હતો.

# પુતિનની ભારત મુલાકાત દરમ્યાન જ તમિળનાડુના અણુ ઊર્જા પ્લાન્ટે પહોંચ્યું રશિયાનું ન્યૂક્લિયર ફ્યુઅલ

નવી દિલ્હીઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ભારતના પ્રવાસે છે. બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. રશિયાના સરકારી માલિકીના ન્યૂક્લિયર કોર્પોરેશને જાહેરાત કરી કે તેણે તમિળનાડુના કુડનકુલમ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ ખાતે ત્રીજા રિએક્ટરના પ્રારંભિક લૉડિંગ માટે પરમાણુ ઈંધણની પ્રથમ શિપમેન્ટ પહોંચાડી દીધું છે. પરમાણુ ઈંધણની ડિલિવરી એવા સમયે કરવામાં આવી રહી છે જ્યારે પુતિન ભારતની બે દિવસની મુલાકાતે છે.રશિયન કોર્પોરેશને જણાવ્યું હતું કે રોસાટોમના ન્યૂક્લિયર ફ્યુઅલ ડિવિઝન દ્વારા સંચાલિત કાર્ગો ફ્લાઇટ નોવોસિબિર્સ્ક કેમિકલ કોન્સન્ટ્રેટ્સ પ્લાન્ટ દ્વારા ઉત્પાદિત ઇંધણ રિએક્ટર પહોંચાડશે. સમગ્ર રિએક્ટર કોર અને કેટલાક રિઝર્વ ઇંધણ પહોંચાડવા માટે રશિયાથી કુલ સાત ફ્લાઇટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિપમેન્ટ ૨૦૨૪માં કરાયેલા કરાર હેઠળ કરવામાં આવી રહ્યા છે, જેમાં કુડનકુલમ પ્લાન્ટ ખાતે ત્રીજા અને ચોથા વીવીઈઆર -૧૦૦૦ રિએક્ટર માટે ઇંધણ પુરવઠો, પ્રારંભિક લૉડિંગથી લઈને તેમના સમગ્ર સર્વિસ સુધીનો સમાવેશ થાય છે.

કુડનકુલમ પ્લાન્ટમાં છ વીવીઈઆર-૧૦૦૦ રિએક્ટર હશે જેની કુલ સ્થાપિત ક્ષમતા ૬,૦૦૦ મેગાવોટ હશે. કુડનકુલમ ખાતેના પહેલા બે રિએક્ટર અનુક્રમે ૨૦૧૩ અને ૨૦૧૬માં ભારતની પાવર ગ્રીડ સાથે જોડાયેલા હતા. બાકીના ચાર રિએક્ટર હાલમાં નિર્માણાધિન છે. રોસાટોમે જણાવ્યું હતું કે કુડનકુલમ પ્લાન્ટના પ્રથમ તબક્કામાં આ બે રિએક્ટરના સંચાલન દરમિયાન, રશિયન અને ભારતીય ઇજનેરોએ એડવાન્સ્ડ ન્યૂક્લિયર ઈંધણ અને એક્સટેન્ડેડ ફ્યુઅલ સાઇકલ રજૂ કરીને તેમની કાર્યક્ષમતા વધારવા માટે વ્યાપકપણે કામ કર્યું છે.

# રાષ્ટ્રપતિ ભવનમાં પુતિનને ત્રણેય સેનાનું ગાર્ડ ઑફ ઓનર

નવી દિલ્હી : રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનનું શુક્રવારે રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું અને તેમને ત્રણેય સેનાઓએ ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતુ. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને મોદીએ ભવ્ય રાષ્ટ્રપતિ ભવનમાં રશિયન રાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.એક દિવસ પહેલા વડાપ્રધાને રશિયન રાષ્ટ્રપતિને પ્રાઈવેટ ડિનર માટે આમંત્રિત કર્યા હતા.ઔપચારિક સ્વાગત પછી પુતિન રાજઘાટની મુલાકાત લીધી અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. રશિયન પ્રમુખ ચાર વર્ષમાં ભારતની તેમની પ્રથમ મુલાકાત માટે ગઈકાલે સાંજે ૭ વાગ્યે નવી દિલ્હી પહોંચ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેનમાં યુદ્ધ શરૂ થયા પછી આ તેમનો ભારતનો પ્રથમ પ્રવાસ પણ છે.મોદીએ પાલમ એરપોર્ટ પર રશિયન નેતાનું સ્વાગત કર્યું જ્યાંથી બંને નેતાઓ એસયુવીમાં વડા પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને ગયા હતા. ડિનર દરમિયાન બંને નેતાઓ વચ્ચે થયેલી વાતચીત ૨૩મી ભારત-રશિયા શિખર સંમેલન વાટાઘાટો માટે હોવાનું માનવામાં આવે છે. સંરક્ષણ સંબંધોને પ્રોત્સાહન આપવું,ભારત-રશિયા વેપારને બાહ્ય દબાણથી દૂર રાખવું અને નાના મોડ્યુલર રિએક્ટરમાં સહયોગની શોધ કરવી એ આ સમિટનું કેન્દ્રબિંદુ રહેશે. રશિયન નેતાની નવી દિલ્હી મુલાકાત વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે.

# બાબરી જેવી મસ્જિદનો શિલાન્યાસઃ હાઇ કોર્ટનો દખલ આપવાનો સાફ ઇનકાર

કોલકાતાઃ કોલકાતા હાઈકોર્ટે શુક્રવારે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદના બેલડાંગા ખાતે અયોધ્યાની બાબરી મસ્જિદના મોડલ પર બનેલી મસ્જિદના નિર્માણમાં દખલ કરવાનો ઇનકાર કર્યો હતો, જેનો ટીએમસીના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીર દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો.

કોર્ટનું આ અવલોકન ૬ ડિસેમ્બરે પ્રસ્તાવિત 'બાબરી મસ્જિદ'ના શિલાન્યાસ સમારોહ પહેલા આવ્યું છે, જે મૂળ મસ્જિદના ધ્વંસની તારીખ પણ છે.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ સુજોય પૌલની ડિવિઝન બેન્ચે પ્રસ્તાવિત મસ્જિદના શિલાન્યાસ સમારોહ પર રોક લગાવવાની માગ કરતી પીઆઈએલની સુનાવણી કર્યા પછી, નિર્દેશ આપ્યો કે કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પશ્ચિમ બંગાળ સરકારની રહેશે.ગુરુવારે દાખલ કરાયેલી પીઆઈએલમાં આ સમારોહ પ્રદેશમાં સાંપ્રદાયિક સુમેળને ખલેલ પહોંચાડી શકે છે તેના આધારે સ્ટે માગવામાં આવ્યો હતો.

અરજદારે પ્રાર્થના કરી હતી કે કોર્ટ કબીરની ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ સામે તાત્કાલિક પગલાં લે, જેના કારણે સાંપ્રદાયિક સુમેળને કથિત રીતે ખલેલ પહોંચી છે.

પહેલા પાનાનું ચાલુ

## સ્થિતિ નોર્મલ

થોડી ઓછી ફ્લાઇટ રદ થવાની શક્યતા છે અને પરિસ્થિતિ ૧૦-૧૫ ડિસેમ્બર સુધીમાં નૉર્મલ થાય એવી સંભાવના અત્યારે લાગી રહી છે. ગઈ કાલે ૧,૦૦૦થી વધુ ફ્લાઇટ રદ થઈ હતી. આ દરમ્યાન સરકાર કટોકટીના દિવસો પછી જાગી હતી અને આ કટોકટી ભણી દોરી જનાર સંજોગોની સમીક્ષા તથા આકારણી કરવા માટે ચાર સભ્યની સમિતિની રચના કરી હતી જે પખવાડિયામાં પોતાનો અહેવાલ સુપરત કરશે.

એફડીટીએલ નિયમો પ્રમાણે સાપ્તાહિક આરામના બદલામાં કોઈ રજા નહીં અપાય. આનો અર્થ એ થયો કે સાપ્તાહિક આરામ અને રજાને અલગ રીતે ગણવી પડશે. પાઈલટના થાકની સમસ્યા ઉકેલવા આ નિયમ બનાવામાં આવ્યો હતો. ઈન્ડિગો ફ્લાઈટ રદ થવાનું કારણ આપીને ડીજીસીએએ સાપ્તાહિક આરામની જગ્યાએ રજા નહીં લઈ શકાય એવી તેની જોગવાઈ એફડીટીએલ નિયમોમાંથી પાછી ખેંચી હતી. દેશની સૌથી મોટી ઍરલાઈન છેલ્લા થોડા દિવસોથી ઑપરેશનમાં વિક્ષેપની સમસ્યાનો સામનો કરી રહી છે અને ગુરુવારે ૫૫૦ ફ્લાઈટ અને શુક્રવારે ૧,૦૦૦થી વધુ ફ્લાઈટ રદ થઈ હતી, જ્યારે અનેક ફ્લાઈટ મોડી પડી હતી. દિલ્હીથી કોઈ ફ્લાઈટ રવાના થઈ નહોતી. વિરોધ પક્ષોએ સરકાર પર પ્રહારો કર્યા હતા કે સરકાર કશું કરતી નથી. દરમિયાન દેશમાં ફ્લાઈટ ટિકિટના ભાવ ગઈ કાલે આસમાને ગયા હતા. મુંબઈ અને દિલ્હી વચ્ચેની વિમાની ટિકિટ ૬૦,૦૦૦ રૂપિયામાં વેચાતી હતી.

નિયામક ડીજીસીએના વડા ફૈઝ અહમદ કિડવાઈએ ઈન્ડિગો ફ્લાઈટના મોટા વિક્ષેપ વચ્ચે સહકાર આપવાની બધા પાઈલોટને વિનંતી કરી હતી. તેમણે એક અપીલમાં કહ્યું હતું કે ઈન્ડિગો કટોકટી ઑપરેશનમાં મર્યાદા, અકળ હવામાનની પેટર્ન અને વધતી મોસમી માગને લીધે એવિયેશન સેક્ટર પર તાણ આવી રહ્યું છે. આ વિક્ષેપોને લીધે વિલંબ, પેસેન્જરને અગવડ અને ઍરલાઈન ઑપરેશન્સમાં જબરદસ્ત દબાણ આવ્યું છે. હવે ધુમ્મસની મોસમ, રજાની ચરમસીમાનો સમયગાળો અને લગ્ન માટેની મુસાફરીની મોસમને લીધે વિમાનની સેવા ચલાવવામાં મોટા પડકારો ઊભા થયા છે. પેસન્જરની સંખ્યા મોટા પ્રમાણમાં વધે એમ છે અને હવામાન સંબંધિત અસરો વિમાનના સમયપત્ર અને વિમાનની સલામતીને વધુ જટિલ બનાવશે. હાલની સેવામાં ગરબડ અને વિવિધ ઍરલાઈન તરફથી થયેલી રજૂઆતને પગલે સાતત્ય અને સ્થિરતા જાળવી રાખવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ જોગવાઈની સમીક્ષા કરવામાં આવી છે. સુધારેલા એફડીટીએલનો બીજો તબક્કો પહેલી નવેમ્બરે અમલમાં આવવાનો છે. એફડીટીએલના અમલના આયોજનમાં ભૂલોને લીધે ઈન્ડિગોમાં કર્મચારીની અછત સર્જાઈ છે.

ઈન્ડિગોના ફ્લાઈટમાં વિક્ષેપ વચ્ચે તેના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પીટર એલ્બર્સે કહ્યું હતું કે એરલાઈનનું તત્કાળ લક્ષ્ય સેવા સામાન્ય કરવાનું અને સમયપાલનને પાટા પર લાવવાનું છે, જે લક્ષ્ય સરળ નથી. તેમણે કર્મચારીઓને મોકલેલા સંદેશામાં કબૂલાત કરી હતી કે ઍરલાઈન ગ્રાહકોને સારો અનુભવ આપવાનું વચન સાકાર કરી શકી નથી.

અમુક પેસેન્જર તો હવાઈમથકે ત્રણ દિવસ માટે રઝળી પડ્યા હતા. ઈન્ડિગોની અમુક ફ્લાઈટ ૧૨ કલાકથી વધારે સમય માટે મોડી પડતાં હવાઈમથકે અરાજકતાના દૃશ્યો જોવાં મળ્યાં હતાં. અનેક પેસેન્જરે વિરોધ નોંધાવ્યો હતો. આ વિક્ષેપ શુક્રવારે ચોથા દિવસે પ્રવેશ્યો છે. પેસેન્જરને ભારે હાડમારી સહન કરવી પડી હતી. પીટીઆઈના એક કર્મચારીએ ૨૫,૦૦૦ રૂપિયામાં દિલ્હીથી મુંબઈ જનારી ઈન્ડિગો ફ્લાઈટની ટિકિટ લીધી. ફ્લાઈટ સવારના સાડાઆઠ વાગ્યે ઉપડવાની હતી. આ મહિલા કર્મચારીને આખી રાત હવાઈમથકે ગાળવી પડી. શુક્રવારે ફ્લાઈટ કેન્સલ કરવાની ઈન્ડિગોએ જાહેરાત કરી હતી. મહિલા કર્મચારીને તેનો સામાન પણ ન મળ્યો.

## ભારત-રશિયાનું

કોલસા અને ભારતની ઊર્જા જરૂરિયાત પૂરી કરવા માટે જરૂરી છે એ દરેક વસ્તુનો વિશ્વાસપાત્ર પુરવઠાકાર છે. મોદીએ જાહેરાત કરી હતી કે રશિયાના નાગરિકો માટે ૩૦ દિવસના ઈ-ટૂરિસ્ટ વિઝા અને ૩૦ દિવસના ગ્રૂપ ટૂરિસ્ટ વિઝા દાખલ કરાશે.

મોદીએ કહ્યું હતું કે ઊર્જાની સલામતી મજબૂત છે અને નાગરિક અણુ ઊર્જાના ક્ષેત્રે બન્ને દેશ વચ્ચે સહકાર છે. ક્રિટિકલ મિનરલ્સમાં પુરવઠામાં અમારો સહકાર વિશ્વની સપ્લાઈ ચેન સુરક્ષિત બનાવે છે. મોદીએ કહ્યું હતું કે ભારત અને રશિયાએ આતંકવાદ સામેની લડાઈમાં સારો સહકાર દાખવ્યો છે. પછી આ પહલગામનો આતંકવાદી હુમલો હોય કે ક્રોકસ સિટી હૉલ પરનો હુમલો હોય.

પુતિને બેઠક પછી કહ્યું હતું કે, ભારતને ન્યુક્લિયર રિએક્ટરની ટેક્નોલોજીની ઑફર આપવામાં આવી છે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સાંજે પુતિનના માનમાં ખાનગી ભોજન સમારોહ રાખ્યો હતો. આમાં થયેલી વાતચીતના આધારે ભારત-રશિયા વચ્ચેની ૨૩મી શિખર પરિષદનો તખ્તો ગોઠવાયો હતો. શિખર પરિષદમાં ભારત અને રશિયાના સંરક્ષણ સંબંધો મજબૂત કરાશે. બન્ને દેશો વચ્ચે અનેક કરારો થયા હતા. આમાં ભારતના કામદારોને રશિયા જવાની છૂટ સહિતના કરારોનો સમાવેશ થાય છે.

ભારતના અમેરિકા સાથેના સંબંધોમાં ખટાસ આવી છે એની પાર્શ્વભૂમિમાં પુતિનની મુલાકાત ભારત સાથેની દ્વિપક્ષીય વ્યૂહાત્મક અને આર્થિક ભાગીદારી મજબૂત બનાવે છે. આ મુલાકાત પર પશ્ચિમી દેશો અને અમેરિકાની નજર છે ત્યારે ભારત અને રશિયા સંરક્ષણ સંબંધોને સુદૃઢ બનાવે છે અને બાહ્ય દબાણ સામે ટકી શકે એવો વેપાર સંબંધ બાંધવા માગે છે.

નાના મોડ્યુલર રિએક્ટરમાં સહકાર અંગે પણ વિચાર કરાશે. પુતિન શુક્રવારે રાત્રે નવ કલાકે રશિયા જવા રવાના થયા હતા. પુતિને રશિયાના સરકારી બ્રોડકાસ્ટરની ભારતની ચેનલ લોન્ચ કરી હતી. ભારતની સમાચાર સંસ્થા પીટીઆઈ અને રશિયાની સમાચાર સંસ્થા તાસે સહકારનો કરાર કર્યો હતો.

રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ શુક્રવારે પુતિનના માનમાં સરકારી ભોજન સમારોહ રાખ્યો હતો. ભારતે રશિયા પાસેથી ખરીદેલા મોટા પ્રમાણમાં ખનિજ તેલ ખરીદ્યું હોવાથી વેપારી તુલનામાં મોટી વેપારી ખાધ ઊભી થઈ છે. ભારત આ ખાધ ઓછી થવા માટે ભારતની નિકાસ વધારવાનું રશિયાને કહેશે.

ભારતની આયાત ૬૫ અબજ ડૉલરની અને નિકાસ પાંચ અબજ ડૉલરની છે. ભારત ફાર્મા, કૃષિ, ખાદ્ય પદાર્થો અને કન્ઝ્યુમર ગૂડ્સની નિકાસ વધારે એવી સંભાવના છે. (એજન્સી)

## લોન સસ્તી થશે

ઘટાડા માટે જગ્યા થઇ હતી. આ પગલાને અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર લાદવામાં આવેલા ૫૦ ટકાના ભારે ટેરિફથી ભારે ફટકો પડેલા અર્થતંત્રને ધિરાણ સહાય તરીકે જોવામાં આવી રહ્યું છે.ટ્રમ્પના પગલાને નિકાસમાં ઘટાડો અને વેપાર ખાધમાં વધારો તેમ જ રૂપિયાને રેકોર્ડ નીચા સ્તરે ધકેલી દીધો છે. આરબીઆઈનું આ પગલું જીએસટી સુધારા, શ્રમ નિયમોમાં છૂટછાટ અને નાણાકીય ક્ષેત્રના નિયમો હળવા કરીને અર્થતંત્રને ધિરાણ આપવાના સરકારી પ્રયાસોને પૂરક બનાવશે. રેપો રેટમાં ઘટાડો કરવાથી વ્યક્તિઓ તેમજ કોર્પોરેટ માટે ઉધાર ખર્ચમાં ઘટાડો થશે કારણ કે તે આરબીઆઈ પાસેથી ઉધાર લેવા માટે બૅન્કોને ચૂકવવામાં આવતા વ્યાજમાં ઘટાડો કરે છે.સસ્તા ભંડોળ સાથે, બૅન્કો એમસીએલઆર અને બેઝ રેટ જેવા ધિરાણ દર ઘટાડી શકે છે, જેનાથી ઘર, ઓટો અને વ્યવસાય લોન વધુ સસ્તી બને છે.આ ઈએમઆઈ ઘટાડે છે, ગ્રાહકો અને વ્યવસાયોને વધુ ઉધાર લેવા માટે પ્રોત્સાહિત કરે છે અને આર્થિક પ્રવૃત્તિને ટેકો આપે છે.

આરબીઆઈએ બેંકિંગ સિસ્ટમને પૂરતી તરલતા પૂરી પાડવાની તેની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો છે. તેણે ૧૧ અને ૧૮ ડિસેમ્બરે રૂ. ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના બે તબક્કામાં એક લાખ કરોડ રૂપિયા સુધીના સરકારી બોન્ડની ઓપન માર્કેટ ખરીદી અને ૧૬ ડિસેમ્બરે પાંચ અબજ ડોલરના બાય-સેલ સ્વેપનો ઇરાદો જાહેર કર્યો હતો.

બંને પગલાં એવા સમયે ટકાઉ તરલતા ઉમેરશે જ્યારે બૅન્કો મોસમી તરલતાના દબાણનો સામનો કરે છે.

ફેબ્રુઆરી ૨૦૨૫ પછી કેન્દ્રીય બૅન્ક દ્વારા આ ચોથો દર ઘટાડો છે, જેનાથી કુલ દર ૧૨૫ બેસિસ પોઈન્ટ થયા છે.

તેણે ઓગસ્ટ અને ઓક્ટોબરમાં દ્વિમાસિક નાણાકીય નીતિ બેઠકો યોજી હતી.

૨૦૨૫-૨૬ના પ્રથમ છ મહિનામાં (૨૦૨૫-૨૬ના એપ્રિલ-સપ્ટેમ્બર) ફુગાવો ૨.૨ ટકા અને વૃદ્ધિ ૮.૦ ટકા એક દુર્લભ ગોલ્ડીલોક સમયગાળો રજૂ કરે છે, એમ મલ્હોત્રાએ નાણાકીય નીતિના નિર્ણયોની જાહેરાત કરતા કહ્યું હતું.

આરબીઆઈએ માર્ચ સુધીના નાણાકીય વર્ષ માટે ફુગાવાનો અંદાજ ૨.૬ ટકાથી ઘટાડીને બે ટકા કર્યો છે, જ્યારે તેનો જીડીપી વૃદ્ધિ અંદાજ ૬.૮ ટકાના અગાઉના અંદાજથી વધારીને ૭.૩ ટકા કર્યો છે.

## હાથ મળ્યા

જો બાઈડન ભારતે અમેરિકા પાસેથી એમક્યુ-૯બી ખરીદ્યું ત્યારે ફણ તેની જાહેરાત થઈ નહોતી. ડિફેન્સ ડીલના આંતરરાષ્ટ્રીય રીએક્શન આવે છે એટલે એની જાહેરાત કરાતી નથી. એસ-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને ખરીદવા અંગે પણ કોઈ જાહેરાત થઈ નથી.

ચીનના સોશ્યલ મીડિયાના ઝણાવ્યા પ્રમાણે રશિયા ભારતને પાંચ કાતિલ હથિયારો એસયુ-૫૭, આર-૩૭ મિસાઈલ, એસ-૫૦૦ મિસાઈળ ડિફેન્સ સિસ્ટમ, જિરકોન હાઈપરસોનિક મિસાઈલ અને એન્ટિ સ્ટેલ્થ રડાર આપી શકે.

ચીનમાં આ અંગે ગભરાટ હતો. આને લીધે જ ડિફેન્સ ડીલ વિશે કોઈ ચર્ચા થઈ નથી.

ભારત અને રશિયાનો વેપાર યુક્રેનના યુદ્ધ પછી ઘણો વધ્યો છે. જોકે આ મોટા ભાગે ડિફેનસ અને નાગરિક અણુઊર્જામાં છે. ભારતે યુદ્ધ પછી રશિયાથી તેલ ખરીદવાનું શરૂ કર્યું.

## યુક્રેન મુદ્દે

બનાવવાનો છે. મોદીએ પરિષદની શરૂઆતમાં પ્રસારિત થયેલી ટિપ્પણીમાં કહ્યું હતું કે ભારત તટસ્થ નથી, શાંતિની બાજુએ છે. યુક્રેન સાથેનો જંગ શરૂ થયો ત્યારથી અમે ચર્ચા કરી રહ્યા છીએ. નિકટ મિત્ર તરીકે તમે નિયમિત રીતે અમને પરિસ્થિતિની જાણકારી આપો છો. હું માનું છું કે વિશ્વાસ એ મોટી તાકાત છે. મોદીએ વધુમાં કહ્યું હતું કે આપણે બધાએ શાંતિનો માર્ગ શોધવો જોઈએ. મને છેલ્લામાં છેલ્લા પ્રયાસોની જાણકારી છે અને મને વિશ્વાસ છે કે વિશ્વ શાંતિ તરફ ઝુકશે. રશિયાના પ્રમુખ પુતિને કહ્યું હતું કે મોસ્કો યુદ્ધનો શાંતિમય ઉકેલ શોધવા કામ કરી રહ્યું છે.

## ગુજરાતમાં એક વર્ષમાં ક્રિમિનલ કેસમાં ૩.૪૪ લાખનો વધારો, કોર્ટમાં દરરોજ ૧૦૨૮ નવા કેસ

અમદાવાદઃ ગુજરાતની ટ્રાયલ કોર્ટમાં એક વર્ષમાં ક્રિમિનલ કેસમાં ૩.૪૪ લાખનો વધારો થયો હોવાના આંકડા પ્રકાશમાં આવ્યાં છે. ગુજરાતમાં ક્રિમિનલ કેસમાં થયેલો વધારો ગુજરાતમાં ગુનાખોરી વધી છે તેનો પુરાવો છે. વર્ષ ૨૦૨૪ની સરખામણીએ ગુજરાતમાં ૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં સિવિલ કેસમાં ૧૫ હજાર જેટલો ઘટાડો નોંધાયો હતો. ગુજરાતની ટ્રાયલ કોર્ટમાં ગયા વર્ષે ૧ ડિસેમ્બર સુધી ૧૨,૩૬,૫૨૪ હતા અને તે ૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી વધીને ૧૬,૦૮,૨૭૧ થયા છે. ક્રિમિનલ કેસમાં વધારો થયો તેની સાથે ટ્રાયલ કોર્ટમાં ક્રિમિનલ કેસમાં સૌથી વધુ વધારો થયો હોય તેમાં પશ્ચિમ બંગાળ બાદ ગુજરાતનું નામ આવે છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ગુજરાતની ટ્રાયલ કોર્ટમાં દરરોજ સરેરાશ ૧૦૨૮ કેસ નોંધાય છે. ગુજરાતની ટ્રાયલ કોર્ટમાં ૨૭ જેટલા કેસ ૩૦-૪૦ વર્ષથી ૧ કેસ ૪૦થી ૫૦ વર્ષથી પેન્ડિંગ હોવાનું પણ પ્રકાશમાં આવ્યું હતું.

## ગુજરાતમાં માથાદીઠ આવક ₹ ત્રણ લાખને પાર, ૮.૪૨ ટકાના વૃદ્ધિદર સાથે મોખરાનું રાજ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની માથાદીઠ આવક પહેલી વાર રૂ.ત્રણ લાખને પાર થઈ ગઈ છે અને રાજ્યએ આર્થિક પ્રગતિમાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે. એટલું જ નહીં, સપ્ટેમ્બરમાં પૂરા થયેલા બીજા ક્વાર્ટરમાં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ગ્રોથ ૮.૨ ટકા નોંધાયો છે, જેમાં ગુજરાતનું મજબૂત પ્રદર્શન રહ્યું છે.

તાજેતરના ડેટા અનુસાર ગુજરાતે છેલ્લા દાયકામાં અસાધારણ વૃદ્ધિ હાંસલ કરી છે. ૨૦૨૩-૨૪માં રૂ.૨૪.૬૨ લાખ કરોડના કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન (જીએસડીપી) સાથે, ગુજરાત હવે મહારાષ્ટ્ર, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક પછી ભારતના ટોચના પાંચ સૌથી મોટા અર્થતંત્રોમાં સ્થાન ધરાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વૃદ્ધિને સચોટ રીતે સમજવા માટે લાંબા ગાળાના પ્રદર્શનને વાસ્તવિક દ્રષ્ટિએ એટલે કે કોન્સ્ટન્ટ પ્રાઇસિસ પર માપવામાં આવે છે. આ ફુગાવાની અસરને દૂર કરે છે અને ઉત્પાદન અને આર્થિક પ્રવૃત્તિમાં વાસ્તવિક વધારો દર્શાવે છે. તેના આધારે, ૨૦૧૨-૧૩થી ૨૦૨૩-૨૪ના સમયગાળા દરમ્યાન ગુજરાતે સરેરાશ ૮.૪૨ ટકા વૃદ્ધિ દર હાંસલ કર્યો છે, જે રૂ.૧૦ લાખ કરોડથી વધુની અર્થવ્યવસ્થા ધરાવતા તમામ મુખ્ય રાજ્યોમાં સૌથી વધુ છે. આ સાથે ગુજરાતે કર્ણાટક (૭.૬૯ ટકા) અને તમિળનાડુ (૬.૨૯ ટકા)ને પણ પાછળ છોડી દીધા છે. એવા સમયમાં જ્યારે મોટા અર્થતંત્રો સામાન્ય રીતે સ્ટ્રક્ચરલ સેચ્યુરેશનના કારણે ધીમા પડી જાય છે, પરંતુ ગુજરાત તેના મજબૂત ઔદ્યોગિક આધાર, રોકાણ-મૈત્રીપૂર્ણ વાતાવરણ, મજબૂત માળખાગત સુવિધાઓ અને કાર્યક્ષમ નીતિઓને કારણે ઝડપથી વિકાસ પામી રહ્યું છે.

જીએસડીપીના નવા આંકડાઓ એ સૂચવે છે કે, ગુજરાતની અર્થવ્યવસ્થા વિવિધ ક્ષેત્રોની મજબૂત કામગીરીના કારણે ઝડપથી બદલાઈ રહી છે. રાજ્યની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું ૨૦૨૩-૨૪માં રૂ.૭.૪૩ લાખ કરોડનું યોગદાન રહ્યું, જે ગ્રોસ સ્ટેટ વેલ્યુ એડેડ (જીએસવીએ) નો લગભગ એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત, કન્સ્ટ્રક્શન અને યુટિલિટી ક્ષેત્રનો ફાળો રૂ.૨.૩૧ લાખ કરોડ અને વેપાર, પરિવહન, નાણાકીય સેવાઓ અને રિયલ એસ્ટેટ જેવા સેક્ટરનો ફાળો રૂ.૭.૮૧ લાખ કરોડ રહ્યો. તો કૃષિ, વન અને માછીમારી જેવા પરંપરાગત ક્ષેત્રોએ રૂ.૩.૬૯ લાખ કરોડનું યોગદાન આપીને રાજ્યનો સમાવેશી વિકાસ સુનિશ્ચિત કર્યો.

એકંદરે, મૂળ કિંમતો પર ગુજરાતનું ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (ડીએસડીપી) ૨૦૧૧-૧૨માં રૂ.૬.૧૬ લાખ કરોડથી વધીને ૨૦૨૩-૨૪માં રૂ.૨૪.૬૨ લાખ કરોડ થયું, જે એક દાયકામાં લગભગ ચાર ગણો વધારો દર્શાવે છે.

ગુજરાતે આર્થિક ક્ષેત્રે નવું સીમાચિહ્ન મેળવ્યું છે અને માથાદીઠ આવક પહેલી વાર રૂ.૩ લાખને પાર થઈ ગઈ છે. રૂ.૩,૦૦,૯૫૭ની માથાદીઠ આવક સાથે ગુજરાત ભારતના ટોચના પાંચ મોટા અર્થતંત્રો પૈકીનું એક બન્યું છે.

## જામનગરમાં ગોપાલ ઈટાલિયા પર યુવકે જૂતું ફેંક્યું, આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના ટાઉનહોલમાં ૫ ડિસેમ્બર શુક્રવારની સાંજે આમ આદમી પાર્ટી દ્વારા જાહેરસભાનું આયોજન કરાયું હતું. જેમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ ગોપાલ ઈટાલિયાની આ સભામાં હંગામો થયો હતો.

જ્યારે ગોપાલ ઈટાલિયાના વક્તવ્ય સમયે કોઈ વ્યક્તિ દ્વારા ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકાતા ખળભળાટ મચી ગયો હતો. જૂતું ફેંકવાની ઘટના બનતા જ ભારે દોડધામ મચી હતી. સ્ટેજ ઉપર બેઠેલા અન્ય અગ્રણીઓ તથા કેટલાક 'આપ'ના કાર્યકરોએ હુમલાખોરને મેથીપાક ચખાડ્યો હતો. ત્યારબાદ પોલીસે જૂતું ફેંકનારની અટકાયત કરી હતી.

મળતી માહિતી મુજબ, છત્રપાલસિંહ જાડેજા નામના કોંગ્રેસના કાર્યકર્તાએ ગોપાલ ઇટાલિયા પર જૂતાનો ઘા કરતાં કાર્યક્રમમાં રહેલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ છત્રપાલસિંહ પર તૂટી પડ્યા હતા અને ઢોર માર માર્યો હતો. આ દરમિયાન પોલીસે ૧૫થી ૨૦ મિનિટ બાદ માંડ છોડાવીને જીપમાં બેસાડી જી.જી હોસ્પિટલે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં ૧૦૬ ફ્લાઈટ કૅન્સલ થતાં મુસાફરો અકળાયા, ઍરપોર્ટ પર 'ઈન્ડિગો મુર્દાબાદ'ના નારા

અમદાવાદઃ ભારતભરમાં ઇન્ડિગોની અનેક ફ્લાઈટ રદ થઈ હતી. આ સાથે ગુજરાતમાં પણ ઇન્ડિયોની કુલ ૧૦૦થી પણ વધારે ફ્લાઈટ કેન્સલ થઈ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. પાઇલટ્સ અને ક્રૂ મેમ્બર્સની અછતના કારણે દેશની સૌથી મોટી એરલાઇનની ઇન્ડિગોની ફ્લાઈટો રદ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર ૧૦૬ ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. જેથી પેસેન્જર્સમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોએ તો ઇન્ડિગો ચોર હૈ, ઇન્ડિગો મુર્દાબાદના નારા લાગ્યા હતા.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ઇન્ડિગો ઇમર્જન્સીને કારણે હજારો લોકોને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. આવી સ્થિતિમાં અન્ય એરલાઈન્સે લૂંટ મચાવી હોવાના આંકડા પણ પ્રકાશમાં આવ્યા હતા. ઈન્ડિગોની ફ્લાઈટ્સ રદ થઈ હોવાના કારણે એર ઇન્ડિયાએ ફ્લાઇટના ભાડામાં ચાર ગણો વધારો કરી દીધો હતો. ગઈ કાલે વડોદરાથી મુંબઈ, દિલ્હી, પુણે અને ગોવા જતી ઈન્ડિગોની નવ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. ટિકિટ કેન્સલની સાથે ઇન્ડિગો એરલાઈન્સે એક બીજી પણ મોટી ભૂલ કરી હતી. ૪ ડિસેમ્બરની ફ્લાઈટના જેટલા પણ પેસેન્જર હતા તેમને લગેજ પણ પાછા આપવામાં નહોતા આવ્યાં જેના કારણે લોકોએ હોબાળો મચાવ્યો હતો. એટલે કે ૪ ડિસેમ્બરની ફ્લાઇટ એકઓફ થઈ ગઈ હતી, પરતુ તેમના લગેજ અમદાવાદ એરપોર્ટ પર જ રહી ગયાં હતાં. એક બાજુ ફ્લાઈટ રદ થઈ અને જેટલી ફ્લાઈટ એકઓફ થઈ તેના પેસેન્જરોને પણ હેરાન કરવામાં આવ્યા હતા. ૫ ડિસેમ્બરની ફ્લાઈટના પેસેન્જરનો સામાન ૪ ડિસેમ્બરની જે ફ્લાઈટ ગોવા ગઈ છે, તેમાં જતો રહ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

## ભૂલ સુધારાઈઃ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખમાં ફેરફાર

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાનું ટાઈમટેબલ જાહેર કર્યું હતું. જેમાં ૪ માર્ચના રોજ ધુળેટીની જાહેર રજા હોવા છતાં પેપરનું આયોજન કરાતા વાલી-વિદ્યાર્થી મૂંઝવણમાં મુકાયા હતા. જોકે, આ મુદ્દે હોબાળો થતાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પોતાની ભૂલ સ્વીકારવામાં આવી હતી. બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખ પણ બદલી દેવામાં આવી છે.

આમ ધુળેટીના ૪ માર્ચના રોજ આયોજન કરાયેલા ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાના પેપર માટે અન્ય તારીખ જાહેર કરવામાં આવી હતી. જેમાં ૪ માર્ચે આયોજન કરાયેલું પેપર હવે વિદ્યાર્થીઓએ તેમના ધોરણ આધારે ૧૬-૧૭-૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ આપવાનું રહેશે. આ મામલે શિક્ષણ વિભાગે પરિપત્ર જાહેર કરીને વાલી અને વિદ્યાર્થીને નોંધ લેવા જણાવ્યું હતું.

બોર્ડના નવા ટાઇમ ટેબલ મુજબ, ધોરણ ૧૦માં ૪ તારીખે યોજાનારી સામાજિક વિજ્ઞાન પરીક્ષા હવે ૧૮ તારીખે લેવાશે. જ્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહની એકાઉન્ટની પરીક્ષા ૧૭ તારીખે યોજાશે.

## સુરતનો અણુવ્રતદ્વાર ઓવરબ્રિજ નવ વર્ષમાં જ ખખડધજ, પિલરમાં મોટી-ઊંડી તિરાડો પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના વ્યસ્ત સિટી લાઈટ વિસ્તારમાં આવેલા અણુવ્રતદ્વાર ઓવરબ્રિજના એક પિલરમાં મોટી તિરાડો પડવા સાથે અંદરના લોખંડના સળિયા ખુલ્લા દેખાઈ રહ્યા છે. ૨૦૧૬માં ૫૫ કરોડના ખર્ચે બનેલા અને માત્ર નવ વર્ષના ગાળામાં જ સાત કરોડના ખર્ચે રિહેબિલિટેશન કરાયેલા આ બ્રિજની જર્જરિત હાલત અને રિપેરિંગની ગુણવત્તા પર મોટો સવાલ ઊભો કર્યો છે. થોડા સમય અગાઉ જ મહિના સુધી બ્રિજ બંધ રાખીને કરાયેલા રિપેરિંગ બાદ ગણતરીના સમયમાં જ પિલરમાં તિરાડો દેખાતા વાહનચાલકો અને સ્થાનિકોમાં ભય ફેલાયો છે. આ મામલે બ્રિજના નિર્માણ સાથે સંકળાયેલી એજન્સી અને અધિકારીઓની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે અને સુરત મનપા દ્વારા તાત્કાલિક ધોરણે સ્ટ્રક્ચરલ એન્જિનિયરોની ટીમ દ્વારા આખા બ્રિજની વૈજ્ઞાનિક ચકાસણી કરવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અણુવ્રતદ્વાર ઓવરબ્રિજના મધ્ય ભાગમાં આવેલા એક પિલરમાં સ્પષ્ટ અને ઊંડી તિરાડો જોવા મળી છે. આ તિરાડો એટલી મોટી છે કે પિલરની અંદરનું કોંક્રીટ તૂટી ગયું છે અને લોખંડના સળિયા ખુલ્લા પડી ગયા છે. સ્થાનિકોના મતે, આ દ્રશ્ય બ્રિજની હાલત જર્જરિત હોવાનો સંકેત આપે છે, જે સુરત મહાનગરપાલિકાની ઈજનેરી સેવાઓ પર શંકા પેદા કરે છે.

આ મામલો એટલા માટે વધુ ગંભીર બને છે કારણ કે, થોડા સમય અગાઉ જ આ બ્રિજને મહત્ત્વપૂર્ણ રિપેરિંગ માટે બંધ કરવામાં આવ્યો હતો. રિપેરિંગ કામગીરી માટે આ બ્રિજને વાહનચાલકો માટે લગભગ એક મહિના સુધી બંધ રાખવામાં આવ્યો હતો, જેના કારણે વાહનવ્યવહારને ભારે અસર થઈ હતી.

## અમદાવાદ સુભાષ બ્રિજ પાંચ દિવસ માટે બંધ, લોકોને પારાવાર હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઉત્તર તથા મધ્ય ભાગને જોડતો ૫૪ વર્ષ જૂનો સુભાષ બ્રિજ અચાનક તિરાડો પડતાં શહેરના વહીવટી તંત્રમાં ચકચાર મચી ગઈ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સલામતીને ધ્યાનમાં રાખી આ મહત્ત્વપૂર્ણ બ્રિજને પાંચ દિવસ માટે સંપૂર્ણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ નિર્ણયના તરત પછી જ શહેરમાં અનેક જગ્યાએ ભારે ટ્રાફિક જામ સર્જાતા વાહનચાલકોને અસહ્ય મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

મનપાના જણાવ્યા અનુસાર, સુભાષ બ્રિજના મધ્ય ભાગમાં ક્ષતિ (તિરાડ) માલૂમ પડી છે. જાહેર જનતાની સલામતીને ધ્યાનમાં રાખીને, તંત્રએ ૪ ડિસેમ્બર, ૨૦૨૫ થી શરૂ કરીને આગામી પાંચ દિવસ માટે વાહનવ્યવહાર માટે બ્રિજ બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. આ સમયગાળા દરમિયાન બ્રિજનું સમારકામ અને તેની સુરક્ષા ચકાસવાની ઝીણવટભરી કામગીરી કરવામાં આવશે. ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે તંત્રએ વાહનચાલકોને વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, બ્રિજના એક સ્પાનનો ભાગ નીચે બેસી જતા મધ્ય ભાગમાંથી બ્રિજ નમી ગયો હોવાનું બહાર આવ્યું છે. ઇજનેરી વિભાગના જણાવ્યા મુજબ આ સ્થિતિ ગંભીર સ્ટ્રક્ચરલ ડેમેજની નિશાની છે અને તાત્કાલિક અસરથી બ્રિજ પર વાહન વ્યવહાર ચાલુ રાખવો ખૂબ જોખમી છે. મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું કે, બ્રિજ પર દેખાઈ રહેલી તિરાડોના પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે સ્પેશ્યલાઇઝ્ડ ટેકનિકલ ટીમો આગામી પાંચ દિવસ સુધી રાઉન્ડ ધ ક્લોક ઇન્સ્પેક્શન કરશે. જેમાં સ્ટ્રક્ચરલ હેલ્થ, લોડ બેરિંગ ક્ષમતા, કોંક્રીટ સ્ટ્રેન્થ અને સ્પાનની સ્ટેબિલિટીનો વિગતવાર અભ્યાસ કરવામાં આવશે.

બ્રિજ બંધ થતા પ્રથમ જ દિવસથી શહેરની મુખ્ય માર્ગવ્યવસ્થા બગડી ગઈ હતી. સુભાષ બ્રિજ દ્વારા દૈનિક હજારો વાહનો પસાર થાય છે. આ બ્રિજ બંધ થતાં વિકલ્પરૂપે વાહનોને અન્ય માર્ગો તરફ વાળવામાં આવતા અશ્રમ રોડ, શાહીબાગ, મિરઝાપુર, નહેરુ બ્રિજ અને રિલીફ રોડ જેવા વિસ્તારોમાં લાંબી લાઈનો લાગી ગઈ. ઘણા વિસ્તારોમાં ૩૦થી ૪૫ મિનિટનો વધારાનો મુસાફરી સમય લાગતો જોવા મળ્યો હતો. રિવરફ્રન્ટના બંને બાજુના માર્ગો પણ તાત્કાલિક બંધ કરી દેવાતા લોકોમાં વધુ અસુવિધા સર્જાઈ છે.

ટ્રાફિક વિભાગે નાગરિકો માટે વૈકલ્પિક રૂટ જાહેર કર્યા છે તેમજ પીકઅવર્સમાં વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરી છે. તંત્રના જણાવ્યા મુજબ આગામી ચારથી પાંચ દિવસ ટ્રાફિક દબાણ વધુ રહેશે અને નાગરિકો જરૂરી હોય ત્યારે જ વાહન લઈને નીકળે તો શ્રેષ્ઠ રહેશે. સાયન્સ સિટી, મેમનગર, શાહીબાગ અને કાલુપુર તરફ જતા વાહનો માટે ખાસ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે.

## ભરણપોષણના ₹ ૪૫ લાખ આપવાના આદેશ સામે સ્ટેઃ પત્ની પર સાસુની હત્યાનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૨૦માં ઘરની વહુએ પોતાની સાસુની હત્યા કરી નાખવાનો હચમચાવતો કિસ્સો બહાર આવ્યો હતો. શહેરના ગોતા વિસ્તારમાં રહેતી નિકિતા અગ્રવાલે પોતાની સાસુ રેખા અગ્રવાલ (ઉં. ૫૨ વર્ષ)ની માથામાં સળિયાના ઘા મારી હત્યા કરી હતી. નિકિતાએ સાસુની હત્યા કર્યા બાદ તેમની લાશ સળગાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. આ કેસમાં ગુજરાત હાઇ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. આ કેસમાં ફેમિલી કોર્ટે પતિને પત્નીને ભરણપોષણના ૪૫ લાખ આપવાનો આદેશ આપ્યો હતો. આ ચુકાદા સામે મહિલાના પતિએ હાઇ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, આ મામલે કોર્ટે સ્ટે આપ્યો હતો. જેમાં દલીલ કરવામાં આવી હતી કે, તેની માતાની હત્યાના ગંભીર આરોપ તેની પત્ની પર લાગ્યો છે. તો તે મહિલાને ભરણપોષણ આપવું અયોગ્ય છે. હાઇ કોર્ટે પતિની દલીલ સ્વીકારીને ફેમિલી કોર્ટના નિર્ણય પર વચગાળાનો સ્ટે મૂક્યો હતો.

દીપક અગ્રવાલ ગ્રેનાઇટના વ્યવસાય સાથે સંકળાયેલો છે. દીપકે તેની પત્ની પર માનસિક અને શારીરિક ક્રૂરતાનો આરોપ લગાવ્યો હતો. પત્ની પર માતાની હત્યાનો ગંભીર આરોપ છે. આ વર્ષના ઓગસ્ટમાં, ફેમિલી કોર્ટે આ દંપતીના છૂટાછેડાની અરજી મંજૂર કરી હતી. પરંતુ તેને ભરણપોષણ તરીકે ૪૫ લાખ ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો. આ નિર્ણય દીપકની આવકના આધારે લેવામાં આવ્યો હતો. દીપકના વકીલ રાહિલ જૈને હાઇ કોર્ટમાં દલીલ કરી હતી કે, આવા ગંભીર આરોપોનો સામનો કરતી પત્નીને ભરણપોષણ આપવું યોગ્ય નથી અને શક્ય પણ નથી.

હાઈ કોર્ટે પોતાના નિર્ણયમાં જણાવ્યું હતું કે, આ કોઈ સાદો છૂટાછેડાનો કેસ નહોતો, પરંતુ પત્ની દ્વારા તેની માતાની હત્યા કરવાથી પતિએ માત્ર ભાવનાત્મક જ નહીં પણ શારીરિક ક્રૂરતાનો પણ ભોગ બનવું પડ્યું હતું. કોર્ટે નિકિતાને નોટિસ ફટકારી હતી અને જાન્યુઆરીમાં વધુ સુનાવણી નક્કી કરી હતી. હાઈ કોર્ટ બેન્ચે ફેમિલી કોર્ટના ભરણપોષણના આદેશ પર પણ સ્ટે આપ્યો હતો.

## અમિત શાહ ત્રણ દિવસ માટે ગુજરાતના પ્રવાસેઃ 'ધ અર્થ સમિટ ૨૦૨૫-૨૬'નું ઉદ્‌ઘાટન કર્યું

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા પ્રધાન અમિત શાહ આજથી ત્રણ દિવસ એટલે તે ૭ ડિસેમ્બર સુધી ગુજરાતની મુલાકાતે છે. આ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરના નાગરિકોને ૧,૫૦૬ કરોડ રૂપિયાનાં વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં સ્વદેશોત્સવ કાર્યક્રમમાં સ્ટોલ નિહાળ્યા બાદ અમિત શાહે ગાંધીનગરમાં ધ અર્થ સમિટ ૨૦૨૫-૨૬માં હાજરીમાં હાજરી આપી હતી.




અમિત શાહે નાબાર્ડ આઈએએમએઆઈના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરમાં યોજાયેલી 'ધ અર્થ સમિટ ૨૦૨૫-૨૬'નું ઉદ્ઘાટન કર્યું હતું. આ ઉપરાંત સહકાર સારથી એપનું લોકાર્પણ કરી ગ્રામીણ અર્થતંત્ર મજબૂત કરવાની દિશામાં ૧૩ નવી ડિજિટલ સેવાઓનો પ્રારંભ કરાવ્યો હતો. આ સમિટ દરમિયાન મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, કૃષિ પ્રધાન જીતુ વાઘાણી, નાબાર્ડના ચેરમેન સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે, આજની અર્થ સમિટ દેશ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે અને ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવાનો મુખ્ય હેતુ ધરાવે છે. કૃષિ, પશુપાલન અને સહકાર-દેશના વિકાસના ત્રણ આધારસ્તંભ છે, અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ત્રણ વિભાગોના બજેટમાં ત્રણ ગણો વધારો કર્યો છે. દેશનો વિકાસ ગામડાઓને બાજુમાં રાખીને સંભવ નથી. ટેક્નોલોજી વિના સહકારી ક્ષેત્ર આગળ વધી શકશે નહીં. સહકાર સારથી ડિજિટલ પારદર્શિતા અને ઓછા ખર્ચે સેવા ઉપલબ્ધ કરાવશે. બનાસકાંઠા અને પંચમહાલમાં ચાલતા પાયલોટ પ્રોજેક્ટ સફળ રહ્યા છે, જેના આધારે ભવિષ્યમાં આ સિસ્ટમ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું હતું. ડેરી ક્ષેત્રની સર્ક્યુલર ઇકોનોમી માટે ગુજરાત રોલ મોડલ બન્યું છે. પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતીનાં પ્રયાસો વધતા, દેશમાં હાલ ૪૯ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી ચૂક્યા છે, અને અમૂલની ૪૦ ઓર્ગેનિક પ્રોડક્ટ ઓનલાઈન ઉપલબ્ધ છે. જે ગુજરાત માટે ખૂબ જ ગર્વની વાત છે.

## વર્તમાન મતદાર યાદીમાં ૧૭ લાખ મૃત વ્યક્તિનાં નામોઃ એસઆઈઆરમાં ખુલાસો

અમદવાદઃ ગુજરાતમાં અત્યારે જઈછ ની કામગીરી (જઈછ શક્ષ ત્રશ્રીષફફિ ટિંજ્ઞયિં ક્શિતર્િ) ચાલી રહી છે, તેમાં અનેક મોટી જાણકારીઓ પ્રકાશમાં આવી રહી છે. જઈછ ની કામગીરી દરમિયાન વિગતો એવી જાણવા મળી છે કે, વર્તમાન મતદાર યાદી (ત્રશ્રીષફફિ ટિંજ્ઞયિંક્શિતર્િ)માં હજી પણ ૧૭ લાખ મતદારો એવા છે, તેમનું મોત થઈ ગયું હોવા છતાં પણ તેમનું નામ યાદીમાં સામેલ છે. એટલું જ નહીં પરંતુ ગુજરાતમાં એસઆઈઆરની કામગીરી બાદ ૫૩ લાખ નામ હટાવી દેવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. મુખ્ય ચૂંટણી અધિકારીની ઓફિસ દ્વારા આ જાણકારી શેર કરવામાં આવી હતી.

ગુજરાતમાં ૪ નવેમ્બરે એસઆઈઆરની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આગામી ૧૧મી ડિસેમ્બર સુધીમાં આ કામગીરી ચાલવાની છે. બીએલઓ દ્વારા પોતાના વિસ્તારમાં આ લોકોનું નામ યાદીમાં છે કે કેમ? તેવી તમામ વિગતો એકઠી કરવામાં આવી રહી છે. મળતી વિગતો પ્રમાણે બીએલઓ દ્વારા ગુજરાતમાં છેલ્લા એક મહિલાના ૫ કરોડથી વધારે મતગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. ૩૩ જિલ્લામાં સંપૂર્ણ રીતે ફોર્મ વિતરણનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. હવે પાછા આવેલા ફોર્મની ચકાસણી કરવામાં આવી રહી છે.

ગુજરાતની ૧૮૨ વિધાનસભામાંથી ૧૨ વિધાનસભા વિસ્તાર જેવા કે, બનાસકાંઠા જિલ્લાના ધાનેર અને થરાદ, દાહોલ જિલ્લામાં લિમખેડા અને દાહોદ, અરવલ્લી જિલ્લામાં બયાદ, રાજકોટ જિલ્લામાં ધોરાજી, જસદણ અને ગોંડલ, જૂનાગઢ જિલ્લામાં કેશો, ખેડા જિલ્લામાં મેહમદાબાદ, આણંદ જિલ્લામાં ખંભાત અને નવસારી જિલ્લામાં જલાલપોરમાં ડિજિટાઇઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

એસઆઈઆરની કામગીરીમાં અત્યારે ડાંગ જિલ્લો સૌથી આગળ ચાલી રહ્યો છે. અહીં ૯૪.૩૫ ટકા ડિજિટાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આ કામગીરી દરમિયાન મતદાર યાદીમાંથી ૧૭ લાખ મૃત મતદારો હજી પણ યાદીમાં સામેલ હોવાનું જાણવા મળ્યું હતું.

## બાળકી સાથે દુષ્કર્મ-હત્યા મામલે વાપીના આરોપીને કોર્ટે ફાંસીની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાયદાના શાસન અને ઝડપી ન્યાયનું ઉદાહરણ પૂરું પાડતા એક ચુકાદામાં વાપીની વિશેષ પોક્સો કોર્ટે છ વર્ષની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યાના ઘૃણાસ્પદ કૃત્યને અંજામ આપનાર ૪૨ વર્ષીય આરોપી રઝાક સુભાન ખાનને ફાંસીની સજા ફટકારી હતી. આ સજાથી કોર્ટ રૂમમાં હાજર લોકોમાં સંતોષ અને ન્યાય મળ્યાની લાગણી વ્યાપી ગઈ હતી.

આ ચોંકાવનારો કિસ્સો વાપીના ડુંગરા વિસ્તારનો છે, જ્યાં વર્ષ ૨૦૨૩માં એક શ્રમજીવી પરિવારની બાળકી શિકાર બની હતી.

આરોપી રઝાક સુભાન ખાને એક શ્રમજીવી પરિવારની માત્ર છ વર્ષની માસૂમ બાળકીને ચોકલેટની લાલચ આપીને ઝાડીઓમાં લઈ ગયો હતો. નરાધમે બાળકી પર પહેલા દુષ્કર્મ આચર્યું અને પછી તેની હત્યા કરી હતી. આ ઘટના બાદ વાપીના ડુંગરા પોલીસ સ્ટેશને તાત્કાલિક ગુનો નોંધી આરોપીને ઝડપી પાડ્યો હતો.આ કેસની સુનાવણી વાપીની વિશેષ પોક્સો કોર્ટમાં ઝડપી ગતિએ ચાલી હતી. પોલીસે ઝડપથી તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરી હોવાથી માત્ર થોડા મહિનાઓમાં જ આરોપીને સૌથી કડક સજા મળી શકી હતી. બાળકીના પરિવારજનોએ પણ આ ઝડપી અને કડક ન્યાય બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. હવે આગામી સમયમાં આરોપી રઝાક સુભાન ખાન વાપી કોર્ટના આ ચુકાદાને આગળ હાઈ કોર્ટમાં પડકારી ફાંસીની સજાને આજીવન કેદમાં પરિવર્તિત કરવા કોર્ટને વિનંતી કરી શકે છે.

## રાજકુમાર જાટ મૃત્યુકેસમાં ગોંડલના ગણેશ ગોંડલ અને બસ ડ્રાઈવરના નાર્કો ટેસ્ટ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના ગોંડલમાં રાજકુમાર જાટના મોત મામલે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહના પુત્ર ગણેશ જાડેજાના નાર્કો ટેસ્ટની માગ કોર્ટે ગ્રાહ્ય રાખતાં આગામી દિવસોમાં નાર્કો ટેસ્ટ કરાશે. આ મામલે સુરેન્દ્રનગર જિલ્લાના પોલીસ વડા(એસપી) પ્રેમસુખ ડેલુએ મંજૂરી માગી હતી. રાજકોટની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જેએમએફસી) કોર્ટે ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહના પુત્ર ગણેશ જાડેજા (ગણેશ ગોંડલ) અને મહાસાગર ટ્રાવેલ્સના ડ્રાઈવર રમેશ મેરનો નાર્કો ટેસ્ટ કરવાની મંજૂરી આપતા ખળભળાટ મચી ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત તારીખ ૯ માર્ચ, ૨૦૨૫ના રોજ રાજકોટ-અમદાવાદ હાઈવે પર તરઘડિયા નજીક ઓવરબ્રિજ પરથી રાજકુમાર જાટનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટના બાદ ૧૪ માર્ચે રાજકોટ પોલીસે ખુલાસો કર્યો હતો કે રાજકુમારનું મોત કોઈ હુમલાથી નહીં પરંતુ માર્ગ અકસ્માતમાં થયું છે. તત્કાલીન ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, મહાસાગર ટ્રાવેલ્સની બસની અડફેટે આવતા યુવકનું મોત થયું હતું, જે બાદ પોલીસે બસ ચાલક રમેશ મેરની અટકાયત કરી ગુનો નોંધ્યો હતો.

# સંસ્થા સમાચાર

## જેતપુરમાં તપસ્વી ગુરુદેવ માણેકચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતિથિ ઉજવાઈ

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ એવમ્ નંદાબાઈ મ. - સુનંદાબાઈ મ. આદિ, સુનીતાબાઈ મ. આદિ, ડૉ. સુજિતાબાઈ મ. આદિ, પ્રબોધિકાબાઈ મ., પરમ સૌમ્યાજી મ. આદિ એવમ્ લીંબડી અજરામર સંપ્રદાયના તરલાબાઈ મ. આદિ ૪૫થી વધુ સંત - સતીજીઓ અને દેશ-વિદેશથી આવેલા ભાવિકોએ પ્રગટ પ્રભાવક તપસ્વી ગુરુદેવને ભક્તિભાવે ગુણાંજલિ અર્પણ કરી. પરમ ગુરુદેવે ફરમાવ્યું કે 'મહાપુરુષો વિદાય બાદ પણ ભક્તિ અને ગુણગ્રામથી જનહૃદયમાં શ્રદ્ધારૂપે બિરાજે છે.' પરમ ગુરુદેવની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રૂપના અથાગ પુરુષાર્થથી અનેક સેવાકાર્યો યોજાયાં, જેના અંતર્ગત હજારો ગાયોને માટી - કાંકરા વિનાનું શુદ્ધ ભોજન અને ઘાસચારો મળી રહે તે માટે સ્ટેનલેસ સ્ટીલના ગમાણ - ભોજનપાત્ર જેતપુરના આસપાસના ગામડાઓની ગૌશાળાને અર્પણ કર્યાં, રખડતા શ્વાનને કડકડતી ઠંડીમાં આશ્રય આપવા માટે ૫૦૦૦ શ્વાનઘરની અર્પણતા સાથે કચ્છ ભુજમાં ભાડાની રિક્ષા ચલાવતા રિક્ષાચાલકોને રિક્ષા અર્પણ કરીને આજીવિકાની નિશ્ચિંતતા આપવામાં આવી હતી.

## ડાલમિયા લાયન્સ ખેલમહોત્સવનો શુભારંભ



પ્રહલાદરાય ડાલમિયા લાયન્સ કૉલેજના ૧૬મા આંતર મહાવિદ્યાલયીન 'ડાલમિયા લાયન્સ ખેલમહોત્સવ'નો શુભારંભ મશાલ પ્રજ્જવલિત કરીને અને આકાશમાં ફુગ્ગાઓને મુક્ત કરીને વુશૂ અને કુંફૂની રાષ્ટ્રીય વિજેતા વિધિ અંગ્રવાલ -કોટપ તથા સ્વબચાવ તક્નિક તંજ્ઞ કુંફૂના રાષ્ટ્રીય ખેલાડુ કાર્તિકી દળવીના હસ્તે કરવામાં આવ્યું. કૉલેજના ટ્રસ્ટી અને કર્ણધાર પરિષદના મહામંત્રી લાયન કન્હૈયાલાલ ઘ. સરાફે આયોજનના ઉદ્દેશ્ય પર પ્રકાશ નાખતા જણાવ્યું કે ટેબલ ટેનિસ, કેરમ, શતરંજ, રિંક ફૂટબોલ, વૉલીબોલ અને કબડ્ડીની સ્પર્ધામાં ૬૩ કૉલેજના ૧૫૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# મહાપરિનિર્વાણ દિન: પાંચ હજારથી વધુ પોલીસ બંદોબસ્તમાં તહેનાત

મુંબઈ: ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૯મા મહાપરિનિર્વાણ દિન નિમિત્તે તેમના લાખો અનુયાયીઓ શનિવારે દાદર વિસ્તારના ચૈત્યભૂમિ ખાતે એકઠા થવાની અપેક્ષા હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે એ માટે પાંચ હજારથી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ બંદોબસ્તમાં તહેનાત કરવામાં આવ્યા છે. આ અનુયાયીઓ નજીકના શિવાજી પાર્કમાં ભેગા થવા લાગ્યા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મહાપરિનિર્વાણ દિન નિમિત્તે તેમના અનુયાયાઓ દેશભરમાંથી તથા મહારાષ્ટ્રના અલગ અલગ સ્થળેથી મોટી સંખ્યામાં ચૈત્યભૂમિ ખાતે એકઠા થતા હોય છે. એ સિવાય વિવિધ રાજકીય પક્ષો અને સંગઠનોના પદાધિકારીઓ-કાર્યકતાઓ પણ હાજર રહેતા હોવાથી શનિવારે આ વિસ્તારમાં પાંચ હજારથી વધુ પોલીસ જવાનોને તહેનાત કરવામાં આવ્યા છે. આમાં ત્રણ એડિશનલ પોલીસ કમિશનર, આઠ ડેપ્યુટી પોલીસ કમિશનર અને ૨૧ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સહિત ૪૯૨ અધિકારી અને ૪,૬૪૦ કર્મચારીનો સમાવેશ છે.

ઉપરાંત મહત્ત્વનાં સ્થળોએ બંદોબસ્ત માટે સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ની પ્લાટૂન, ક્વિક રિસ્પોન્સ ટીમ, રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ, ડેલ્ટા, કોમ્બેટ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) તથા હોમગાર્ડસની મદદ લેવામાં આવી છે.

### ભાયખલાના પ્રાણીબાગમાં બે વાઘના મોત બાદ પ્રશાસન હરકતમાં

# પ્રશાસનની બેદરકારી સામે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીમાં ફરિયાદ કરવાની ભાજપના કાર્યકર્તાની ચીમકી

મુંબઈ: એક મહિનાની અંદર જ બે રોયલ બંગાલ વાઘના મૃત્યુથી ભાયખલામાં વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય પ્રશાસન હરકતમાં આવી ગયું છે. ભાયખલાના વિધાનસભા મતવિસ્તારના સ્થાનિક રાજકીય કાર્યકર્તાએ પ્રાણી સંગ્રહાલયના અધિકારીઓ સામે બેદરકારીનો આરોપ લગાવ્યો છે અને બંને વાઘના પોસ્ટમોર્ટમ રિપોર્ટની માગણી કરી છે. તેમ જ રિપોર્ટ મળ્યા બાદ આ મામલાને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી સમક્ષ ઉઠાવવાની ચીમકી આપી છે.

ફેબ્રુઆરી ૨૦૨૦માં છત્રપતિ સંભાજીનગરના સિદ્ધાર્થ ગાર્ડન અને પ્રાણીસંગ્રહાલયમાંથી રોયલ બંગાલ વાઘ શક્તિ અને કરિશ્માને ભાયખલા પ્રાણીબાગમાં લાવવામાં આવ્યા હતા. આ જોડીને ત્રણ બચ્ચા હતા. નવેમ્બર, ૨૦૨૧માં જન્મેલી વીરા, અને ચાર નવેમ્બર ૨૦૨૨માં જન્મેલા જય અને રુદ્રનો સમાવેશ થાય છે.

# ભાજપની ૧૪૪ સભ્યોની કમિટી

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની આગામી થનારી ચૂંટણી માટે ભાજપની મુંબઈ યુનિટે શુક્રવારે ૧૪૪ સભ્યોની સ્ટિરિંગ કમિટીની જાહેરાત કરી હતી. આ પેનલના સુકાન મુંબઈ ભાજપના અધ્યક્ષ અમિત સાટમ સંભાળશે. આ કમિટીમાં કેબિનેટ મિનિસ્ટર અને વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર સહિત પક્ષના અનેક વરિષ્ઠ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કમિટી આગામી મહિનામાં થનારી પાલિકાની ચૂંટણી માટે વોર્ડ સ્તરે વ્યૂહરચના બનાવશે.

# સ્યુએજ ટનલના કામો માટે પર્યાવરણ વિભાગની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પર્યાવરણના સંરક્ષણની દૃષ્ટિએ મુંબઈ મહાનગરપાલિકાના સાત ઠેકાણે સ્યુએજ ટ્રીટમેન્ટ (ગંદા પાણી પર પ્રક્રિયા) પ્લાન્ટ ઊભા કરી રહી છે. આ સાત ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા પાણીનો પુનઃઉપયોગ થવાનો હોઈ તે માટે પાણીને ધારાવીથી ઘાટકોપર અને આગળ ભાંડુપ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં લઈ જવામાં આવવાનું છે અને ત્યાં તેના પર પ્રક્રિયા કરીને પાણીનો અન્ય કામ માટે ઉપયોગ કરવામાં આવવાનો છે. બે તબક્કામાં બાંધવામાં આવનારી ધારાવીથી (વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ ફેસિલીટી) ઘાટકોપર સુધીની ટનલના કામને કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ)ની મંજૂરી મળી ગઈ છે. તેથી સ્યુએજ ટનલના કામ આડેથી મોટો અવરોધ દૂર થયો છે.

સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કારણે દરિયામાં ગંદુ પાણી સીધું નહીં છોડતા પ્રક્રિયા કરેલા પાણીને કારણે દરિયાના પાણીની ગુણવત્તામાં પણ સુધારો થવાનો છે. મુંબઈ મહાનગરપાલિકાએ દરિયામાં છોડવામાં આવતા ગંદા પાણી પર બીજા અને ત્રીજા તબક્કાની પ્રક્રિયા કરીને તેનો ઉપયોગ અન્ય કામ માટે કરવાનો નિર્ણય લીધો છે.

પાલિકાના પમ્પિંગ સ્ટેશનમાં આ પાણી પર પ્રક્રિયા કરીને તે પાણી દરિયામાં ખાડી અને નદીમાં છોડવામાં આવે છે. તેની પાણી દૂષિત થતું નથી. જોકે હવે આ પાણીનો યોગ્ય ઉપયોગ કરવા માટે ૨,૪૬૪ મિલ્યન લિટર ક્ષમતાના વરલી, બાન્દ્રા, ઘાટકોપર, ધારાવી, મલાડ, વર્સોવા અને ભાંડુપ આ સાત સ્થળે રહેલા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને ઊભા કરવામાં આવી રહ્યા છે.

આ સાત પ્લાન્ટમાંથી વર્સોવા, ભાંડુપ, ઘાટકોપર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જુલાઈ ૨૦૨૬ સુધી અને બાન્દ્રા, વરલી, ધારાવી પ્લાન્ટ જુલાઈ ૨૦૨૭ અને મલાડ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જુલાઈ ૨૦૨૮માં પૂરા થવાના છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧૭,૦૦૦ કરોડ રૂપિયા છે.

પાંચમા પાનાનું ચાલુ

### બાવનકુળેએ

મહિલા સશક્તિકરણ વગેરેમાં કરેલી પહેલ લાંબા ગાળાના આયોજન સાથે લાગુ કરવામાં આવી રહી છે. ફડણવીસ સરકાર 'વિકસિત મહારાષ્ટ્ર ૨૦૪૭'ને અનુરૂપ આગળ વધી રહી છે, જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રીય આયોજન સાથે સુસંગત છે. મહેસૂલ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે 'ભારે વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને ૩૨ હજાર કરોડ રૂપિયાની રાહત આપવામાં આવી છે, દુષ્કાળ નિવારણ માટેના પગલાં શરૂ કરવામાં આવ્યા છે અને પાક લોનની વસૂલાત અટકાવી દેવામાં આવી છે. સિંચાઈ ક્ષમતા વિસ્તરણ, નદી જોડાણ માટે મંજૂરીઓ અને સિંચાઈ યોજનાઓ માટે ભંડોળને પ્રાથમિકતા આપવામાં આવી હતી. જલયુક્ત શિવાર ૨.૦ હેઠળ એક વર્ષમાં કુલ ૩૭,૧૬૬ કામ પૂર્ણ થયા છે.' ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે બાવનકુળેએ જણાવ્યું હતું કે સમૃદ્ધિ એક્સપ્રેસ વે હવે ટ્રાફિક માટે સંપૂર્ણપણે ખુલ્લો છે અને શક્તિપીઠ હાઇવે, વાઢવણ બંદર અને ઓફશોર એરપોર્ટ માટે આયોજન ચાલી રહ્યું છે. મેટ્રો લાઇન ૧૧ માટે મંજૂરી, મુંબઈ માટે ૨૩૮ ઉપનગરીય ટ્રેનોની ખરીદી અને રેલવે સેવાઓ માટે વિકાસ ભંડોળ જેવી ગતિવિધિ રાજ્ય કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રિત કરે છે એને સમર્થન આપે છે. મહિલાઓ માટે લાડકી બહિણ યોજના ચાલી રહી છે અને સ્વ-સહાય જૂથો માટે ૧૦ જિલ્લામાં 'ઉમેદ મોલ' શરૂ કરવામાં આવ્યા છે.'

તેમણે આપેલી માહિતી અનુસાર 'ઔદ્યોગિક, ઇલેક્ટ્રોનિક્સ અને જેમ્સ એન્ડ જ્વેલરી પોલિસી સહિતના નવા માળખાનો હેતુ રોકાણને વેગ આપવાનો છે. દાવોસમાં ૧૬ લાખ કરોડ રૂપિયાના એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાંથી ૮૦ ટકા હાલમાં અમલીકરણ હેઠળ છે. મહારાષ્ટ્રમાં વર્ષ દર વર્ષે વિદેશી રોકાણ ૩૪ ટકા વધીને ૨૦૨૪-૨૫માં ૧ લાખ ૬૪ હજાર ૮૭૫ કરોડ રૂપિયા થયું છે. આગામી પાંચ વર્ષમાં વીજ દરો ઘટાડવા માટે સુધારા કરવામાં આવી રહ્યા છે. પીએમ આવાસ યોજના હેઠળ લગભગ પાંચ લાખ મકાન પૂર્ણ થયા છે.' (પીટીઆઈ)

### શિંદે કે પવાર

સ્તરે, ભાજપના કાર્યકરો શિવસેનામાં અને શિવસેનાના કાર્યકરો ભાજપમાં જોડાઈ રહ્યા છે. પરંતુ એકનાથ શિંદેના કાર્યકરો ભાજપને નુકસાન પહોંચાડી રહ્યા છે કે અજિત દાદાના કાર્યકરો ભાજપ સરકારને નુકસાન પહોંચાડી રહ્યા છે એવું નથી.

ભાજપના નેતાએ કહ્યું, ''સ્થાનિક સ્તરે થોડી ખટપટ થાય, પરંતુ એવું નથી કે મહારાષ્ટ્રમાં કાર્યકરો લડી રહ્યા છે. અમારા કાર્યકરો મહાવિકાસ આઘાડીની જેમ એકબીજાને મારતા નથી. ગઠબંધનમાં ત્રણ પક્ષો છે. સ્થાનિક સ્તરે, બધા કોર્પોરેટ, જિલ્લા પંચાયત અને જિલ્લા પરિષદનાં પદો પર પ્રવેશ કરવા માંગે છે. આ જ કારણ છે કે કાર્યકરો ભાજપમાં જોડાઈ રહ્યા છે.'' બાવનકુલેએ વધુમાં કહ્યું, ''દેવેન્દ્ર ફડણવીસની સરકારમાં પણ, મહારાષ્ટ્ર ભાજપ સરકારની સાથે ઊભા છે. આ ઉપરાંત, શિવસેના અને અજિત દાદાના કાર્યકરો પણ સરકારની સાથે મજબૂત રીતે ઊભા છે.'' રાજ્ય પરના નાણાકીય બોજ અંગે તેમણે કહ્યું, ''રાજ્ય પર ૩૨,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું છે. પૂરને કારણે ખેડૂતોને નુકસાન થયું છે . આનાથી થોડી કટોકટી ઊભી થઈ. પરંતુ સરકારે તેનો સામનો કર્યો છે. કોઈને ખબર નહોતી કે આવું થવાનું છે. તેનાથી વિકાસની ગાડી થોડી ધીમી પડી ગઈ. પરંતુ જે રીતે બેંકોએ મદદ કરી, તેનાથી અમે બહાર નીકળી ગયા.''

### નેરુલ, બેલાપુર

પ્રધાન અશ્વિની વૈષ્ણવનો આભાર માન્યો હતો.

X પરની તેમની પોસ્ટમાં, ફડણવીસે જણાવ્યું હતું કે આ પગલાથી દૈનિક મુસાફરોને ઘણો ફાયદો થશે અને નવી મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં રહેતા લોકો માટે મુસાફરી સરળ બનશે. મંજૂરીમાં તારઘર અને ગવહન સ્ટેશનો પર સ્ટોપેજનો પણ સમાવેશ થાય છે, જે સ્થાનિક મુસાફરોની લાંબા સમયથી માંગણીઓ છે. ૩ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ રેલવે બોર્ડ દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત મુજબ, પોર્ટ લાઇન રૂટ પર કુલ ૧૦ નવી ઉપનગરીય સેવાઓને મંજૂરી આપવામાં આવી છે. આમાં નેરુલ-ઉરણ-નેરુલ: ૪ સેવાઓ, બેલાપુર-ઉરણ-બેલાપુર: ૬ સેવાઓનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ મોકલવામાં આવેલા પ્રસ્તાવને મંજૂરી આપતા આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં જાહેર સુવિધા માટે ઉપનગરીય રેલ કનેક્ટિવિટીમાં સુધારો કરવાની માંગ કરવામાં આવી હતી.

### શ્વેતપત્ર

ગઈ છે. નાગપુરમાં સંવાદદાતાઓ સાથે વાત કરતા પૂર્વ પ્રધાને દાવો કર્યો હતો કે છેલ્લા એક વર્ષમાં ખેડૂતોની આત્મહત્યામાં વધારો થયો છે અને કૃષિ પેદાશોને બાંયધરી અનુસાર ભાવ નથી મળી રહ્યા અને ખેડૂતોને સમયસર બિયારણ અથવા ખાતર મેળવવા મુશ્કેલી પડી રહી છે.

સરકાર પોતાની પીઠ થાબડવામાં વ્યસ્ત છે એવો આક્ષેપ કરી કૉંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે 'ફાઇવ સ્ટાર હોટલમાં બેસી એ લોકો પોતાની સિદ્ધિઓના ગુણગાન ગાય છે, પરંતુ લોકોને નિરાશા સિવાય કંઇ નથી મળ્યું.' રાજ્ય સરકાર નાગપુરમાં ૮ ડિસેમ્બરથી શરૂ થનારા વિધાનસભાના શિયાળુ સત્રમાં શ્વેતપત્ર રજૂ કરી એમાં ચૂંટણી પૂર્વેનાં વચનો, નિર્ણયો અને કયા વચન પૂર્ણ થયા એની રૂપરેખા આપવામાં આવે એવી માગણી તેમણે કરી હતી. શ્વેત પત્ર જાહેર હિતના મુદ્દા પર માહિતી અથવા દરખાસ્તો આપતા સરકારી અહેવાલનો સંદર્ભ આપે છે. પીટીઆઈ)

### મહાયુતિ સરકારનું

સાથે શાસન જોવા મળ્યું છે, જ્યારે વિપક્ષે દેવેન્દ્ર ફડણવીસ સરકારની સિદ્ધિઓ અથવા તેના અભાવ પર શ્વેતપત્રની માગણી કરી દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના લોકો નિરાશ છે. ભાજપ, એનસીપી

અને શિવસેનાના બનેલા મહાયુતિએ નવેમ્બર ૨૦૨૪ ની વિધાનસભાની ચૂંટણીમાં ૨૮૮ સભ્યોની વિધાનસભામાં ૨૩૫ બેઠકો જીતી હતી. ફડણવીસે ૫ ડિસેમ્બરે મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા, જોકે સરકાર રચવામાં વિલંબથી અટકળો વહેતી થઈ હતી. ૫ ડિસેમ્બરે અને નાગપુરમાં નવી વિધાનસભાના પ્રથમ (શિયાળુ) સત્રની પૂર્વસંધ્યાએ પ્રધાનોના શપથ ગ્રહણ થયા હતા.

સરકાર સમક્ષ પહેલો પડકાર ૯ ડિસેમ્બરે બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યાને પગલે આવ્યો હતો, કારણ કે એનસીપીના પ્રધાન ધનંજય મુંડેના નિકટવર્તી અને મુખ્ય આરોપી વાલ્મીક કરાડની ધરપકડ કરવામાં આવતા વિપક્ષે બાંયો ચડાવી હતી. મુંડેએ આ વર્ષે માર્ચમાં આરોગ્યના કારણોસર પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું હતું.

# હિન્દુ મરણ

ગામ કઠોર (કામરેજ-સુરત) હાલ ભાયંદર રાજેન્દ્ર મગનલાલ પટેલ (ઉં. વ. ૫૯)તા. ૨૬-૧૧-૨૫ના કૈલાસવાસી થયા છે. તે સ્વ. ગંગાબેન અને સ્વ. મગનલાલ કાલીદાસ પટેલના પુત્ર. ભાવનાબેનના પતિ. રવિ, કૃપાલીના પિતા. સ્વ. દિનેશભાઇ. તારાબેન, ગં. સ્વ. મીનાબેનના ભાઇ. ગં. સ્વ. દમયંતીબેનના દિયર. ગં. સ્વ. હંસાબેન મોહનભાઇના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૬-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઉત્તરક્રિયા : રવિવાર, તા. ૭-૧૨-૨૫ના સવારના ૧૦.૦૦ કલાકે. ઠે. બી-૩૦૮, સાંઇલક્ષ્મણી પાર્ક, ગુરુદ્વારાની સામે, સાંઇબાબા નગર, નવઘર રોડ, ભાયંદર (ઇસ્ટ).

**પાટણ પટેલ**

સ્વ. રમેશચંદ્ર ચીમનલાલ પટેલના ધર્મપત્ની લીલાવંતી રમેશચંદ્ર પટેલ (ઉં.વ. ૯૦) તા. ૪-૧૨-૨૫ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. મિલનના માતુશ્રી. સોનલના સાસુ. અને મૈત્રીના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

મુંબઇ કફપરેડ નિવાસી હસમુખભાઇ સુંદરજી ઘીયા (ઉં. વ. ૮૩) બુધવાર, તા. ૩-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગુલાબબેન અને સ્વ. સુંદરજીભાઇના પુત્ર.સ્વ. વીણાબેન ઘીયાના પતિ. રૂપા, આશિષ, મનીષના પિતાશ્રી. નિલેશ, સેજલ અને તેજના સસરા. પ્રતિમા અને સ્વ. કિરીટભાઇના મોટાભાઇ. સ્વ. ચંપકલાલ, સ્વ. કમળાબેન ગગલાણીના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૬-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. વાય. બી. ચવાણ હોલ, સચિવાલય, મુંબઇ-૨૧.

**વીસા સોરઠીયા વણિક**

જામનગરવાળા સ્વ. ભાઇલાલ તુલસીદાસના પત્ની મંજુલાબેન શા (ઉં. વ. ૯૨) તા. ૩-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે નીલેશ, અનીતા, લીનાના મમ્મી. મનીશા, હસમુખ, તરૂનના સાસુ. સાર્થકના દાદી. હાર્દિક, પુર્વેશ, મીતલના નાની. જુણેજવાળા સ્વ. રતનજી જેચંદના પુત્રી. તે સ્વ. ચીમનભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. દીલીપભાઇ, શીરીષભાઇના બહેન. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

રામોદ નિવાસી હાલ કાંદિવલી મધુબેન જયંતીલાલ શ્રીમાંકર (ઉં. વ. ૮૬) તા. ૨૮-૧૧-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયંતીલાલ મથુરાદાસ શ્રીમાંકરનાં ધર્મપત્ની. સ્વ. લીલાવંતી બાબુલાલ, સ્વ. વિમળાબેન ધીરજલાલનાં દેરાણી. સ્વ. નિર્મલાબેન સૂરજલાલના જેઠાણી. સ્વ. સુશીલાબેન પ્રભુદાસ, સ્વ. ગુણવંતીબેન અમૃતલાલ, સ્વ. વિલાસબેન અમૃતલાલ, સ્વ. રમાબેન શાંતિલાલના ભાભી. મીના રમેશભાઇ શ્રીમાંકર, ફાલ્ગુની યોગેશભાઇ શ્રીમાંકર તથા નિલેશભાઇનાં માતુશ્રી. તે ચંપકલાલ રણછોડદાસ ઝવેરી(ચમારડી)ના દીકરી. પ્રાર્થનાસભા તા. ૬-૧૨-૨૫ શનિવારે સાંજે ૫થી ૭. ઠે. શ્રીવર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ચોથે માળે, એસ. વી. રોડ, શ્રી

### મુલુંડ ડમ્પિંગ

થયેલા કચરાનો નિકાલ કરવાનો પ્રોજેક્ટ સત્તાવાર રીતે ૨૦૨૧માં શરૂ થયો હોવા છતાં કોવિડ-૧૯ને કારણે તેમ જ અન્ય મંજૂરીઓ મેળવવામાં વિલંબ થવાને કારણે પ્રોજેક્ટમાં અનેક અવરોધ આવ્યા હતા અને તેને કારણે અનેક પ્રયાસ બાદ પણ હજી ૩૨ ટકા કચરા પર પ્રક્રિયા કરવાનું બાકી છે.

મુંબઈમાં દરરોજ લગભગ ૭,૦૦૦ મેટ્રિક ટન કચરો નીકળે છે, જેમાંથી ૯૦ ટકા કચરા પર કાંજુરમાર્ગના પ્રોસેસિંગ પ્લાન્ટમાં પ્રક્રિયા માટે મોકલવામાં આવે છે. તો ૧૦ ટકા કચરો હજી પણ દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠાલવવામાં આવે છે.

લગભગ ૨૪ હેક્ટરમાં ફેલાયેલું અને ૧૯૬૮થી કાર્યરત મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ એક સમયે શહેરનું સૌથી મોટું ડમ્પિંગ ગ્રાઉન્ડ હતું, તેને સત્તાવાર રીતે ૨૦૧૮માં બંધ કરવામાં આવ્યું હતું. તે વર્ષે ઓક્ટોબરમાં પાલિકાએ બાયો-માઈનિંગ દ્વારા સાઈટને ફરીથી મેળવવા માટે ૭૩૧ કરોડ રૂપિયાનો કૉન્ટ્રેક્ટ આપ્યો હતો, જે કચરા પર પ્રક્રિયા કરવા અને જમીન ફરી મેળવવા માટેની અનુકુળ પદ્ધતિ છે. જોકે કોવિડ-૧૯ને કારણે લાગુ પડેલા લોકડાઉન સહિત અને જરૂરી મંજૂરીઓ મેળવવામાં અનેક પડકારોને સામનો કરવો પડયો હતો અને તેને કારણે ગ્રાઉન્ડ લેવલ પર કામ ૨૦૨૧થી શરૂ થયું હતું.

છેલ્લાં પાંચ વર્ષમાં મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડમાંથી ૭૮ લાખ ટન જમા કચરો છે, તેમાંથી લગભગ ૫૬ લાખ ટન કચરાને સાફ કરવામાં આવ્યો છે. બાકીના ૨૧ લાખ ટન કચરા પર બાયો-માઈગિ થવાની ધારણા છે. આગામી વર્ષમાં આ સાઈટ સંપૂર્ણપણે સાફ થઈ જશે એવું માનવામાં આવે છે. જોકે કૉન્ટ્રેક્ટર જૂન, ૨૦૨૫ની સુધીમાં કામ પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયો હતો અને ત્યારબાદ ચોમાસા દરમ્યાન કામ બંધ કરવું પડયું હતું. તેથી કામ લંબાઈ ગયું અને હવે કૉન્ટ્રેક્ટરને વધુ એક વર્ષનો સમય લંબાવી આપવાની માગણી કરી હતી પણ પાલિકાએ ફક્ત ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીની મુદત આપી છે. આ સમયગાળામાં કૉન્ટ્રેક્ટરને કચરા પર પ્રક્રિયા કરવાની રહેશે. અત્યાર સુધી તેની પાસેથી આઠ કરોડ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ખદરપર તળાજા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. દીપચંદ લવજીભાઇના સુપુત્ર નગીનભાઇ (ઉં. વ. ૮૬) ગુરુવાર તા. ૪-૧૨-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે કાંતાબેનના પતિ. બીપીન, પંકજ, રાજુ, નીલમબેન હરેશકુમાર દોશીના પિતાજી. કેનીલ, અંશ, પીંજલ, પૂજા સાગરકુમાર, વીહા, વિધાન, કેવલ, શ્રુતિ દર્શનકુમાર, હસ્તિ સંકેતકુમાર, પર્વ તથા બેબીના દાદા. શ્વસુર પક્ષે સ્વ. ગુલાબચંદ પ્રાગજીભાઇ મઢડાવાળાના જમાઇ. તેમની પિતૃવંદના તા. ૮-૧૨-૨૫ સોમવાર સવારે ૧૦થી ૧૨.ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ)

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી નિવાસી હાલ બોરીવલી સ્વ. સવિતાબેન શાંતિલાલ બાલુભાઇ ગાંધીના સુપુત્ર મધુકાન્ત શાંતિલાલ ગાંધી (ઉં. વ. ૭૫) શુક્રવાર, તા. ૫-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અ. સૌ. રમીલાબેનના પતિ. જલ્પાબેન, ચિરાગ તથા વિપુલના પિતાશ્રી. પરાગ કોઠારી, અ. સૌ. માનસી તથા અ. સૌ. અંકિતાના સસરા. તે જયોતિબેન બટુકલાલ શાહ, રીટાબેન કનકકુમાર દોશી, દિલીપભાઇ, જીતેન્દ્રભાઇ તથા હર્ષદભાઇના ભાઇ. રાણપુર નિવાસી માતુશ્રી સ્વ. કસ્તુરીબેન ઉજમશીભાઇ વસાણીના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

પીપળવા નિવાસી હાલ વિલેપાર્લે, હસમુખરાય કેશવલાલ બિલખિયા (ઉં. વ. ૮૨) ૩/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. જયેશ-ડિમ્પલ, ભાવેશ-અમિષા, હિતેષ-ઊર્મિના પિતા. પ્રભાબેન કેશવલાલ મોહનલાલ બિલખિયાના પુત્ર. સ્વ. મધુબેન કનકભાઈ બિલખિયા, જયાબેન જયંતીલાલ શાહ, સ્વ. જશવંતીબેન વજુભાઇ ગાંધી, નીલાબેન રમેશભાઈ બોટાદરા, સ્વ. કોકિલાબેન કેશવલાલ બિલખિયાના ભાઈ. સ્વ. મંછાબેન ચુનીભાઇ ગોવિંદજી રતાણીના જમાઈ.

હાલાઇ લોહાણા મહાજનવાડીની સામે, કાંદિવલી (વેસ્ટ).

**ઇડર ચૌદશી તપોધન બ્રાહ્મણ**

ગોરેગાંવ નિવાસી (ગામ ચોરીવાડ) રાવલ ગૌરીશંકરના પત્ની નિર્મલાબેન (ઉં.વ. ૭૦) તે તા. ૪-૧૨-૨૫ને ગુરુવારે દેવલોક પામ્યા છે. તે વડીયાવીર નિવાસી સ્વ. લલિતાબેન ચુનીલાલ રાવલની સુપુત્રી. સ્વ. સવિતાબહેનના બહેન. સ્વ. દશરથલાલના સાળી. મનોજ, મનીષ, રીટા, મમતાના માતુશ્રી. દેવલકુમાર, પ્રદીપકુમાર, દિનેશકુમાર, કામીનીના સાસુ. પ્રાર્થનાસભા તા. ૬-૧૨-૨૫ શનિવારે સાંજે ૫થી ૭ રાખેલ છે. ઠે. ગોવિંદ દલવી હોલ, ૧લે માળે, બેન્ક ઓફ મહારાષ્ટ્રની ઉપર, આરે.રોડ, ગોરેગાંવ (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

પોરબંદર નિવાસી, હાલ બોરીવલી, સ્વ. વેલાબેન પુરુષોત્તમદાસ અમલાણીના પુત્ર પ્રકાશભાઈ (ઉં. વ. ૭૦) તે કોકિલાબેનના પતિ. સ્વ. ભુપેન્દ્રભાઈ, સ્વ. ધીરજભાઈ, સ્વ. બિપીનભાઈના નાનાભાઈ. વંદના એલેક્સ સ્ટલીન તથા ભાવિનના પિતા. સ્વ. મનમોહનદાસ મંગલદાસ દાવડાના જમાઈ. ૩/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

ગં. સ્વ. નલિનીબેન નરોત્તમદાસ વેદ (ઉં. વ. ૮૫) તે સ્વ. નરોત્તમદાસ માધવજી વેદના ધર્મપત્ની. સ્વ. મણીબેન માધવજી વેદના પુત્રવધૂ. સ્વ. કુસુમ કરસનદાસ આશરના પુત્રી. રાજુભાઈ, હિતેશભાઇ, સ્વ. પૂર્ણિમાબેનના માતુશ્રી. સોનલબેન તથા હેતલબેનના સાસુ. ભક્તિ, સ્મિત, શ્રેયના દાદી. બુધવાર ૩/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઉમરેઠ વિશા ખડાયતા**

મૂળગામ ઉમરેઠ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચંદુલાલ અંબાલાલ પટેલના પુત્રવધૂ અ.સૌ જયશ્રીબેન મુકુંદભાઈ પટેલ (ઉં. વ. ૬૭) ૫/૧૨/૨૫ ના શ્રીજીચરણ પામ્યા છે. તે ડો. મુકુંદભાઈ પટેલના ધર્મપત્ની. જય તથા ધરાના માતુશ્રી. ખ્યાતિના સાસુ. પિયરપક્ષે સ્વ. ચંદ્રકાન્ત શંકરલાલ શાહ ઉમરેઠવાળાના દીકરી. તેમની પ્રાર્થનસભા તા. ૬/૧૨/૨૫ શનિવારના ૪ થી ૫.૩૦. વર્ધમાન સ્થા. જૈન સંઘ સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**ઉત્તર ગુજરાત બ્રહ્મક્ષત્રિય**

ગામ ચાણસોલ, જિલ્લો મહેસાણા હાલ ગોરેગામ, સ્વ. ગોમતીબેન અને સ્વ. બાબુલાલ નરસિંહદાસ ખત્રી (જારેચા) ના સુપુત્ર વિજયભાઈ (ઉં. વ. ૬૫) બુધવાર તા. ૩/૧૨/૨૫ના રામશરણ પામ્યા છે. તે દિપિકાબેનના પતિ. હર્ષિશભાઈ અને મીરાબેનના પિતા. જાગૃતિબેન, બિપીન, મહેશ, હસમુખ, જીકેન, મિતુલ અને રાહુલના ભાઈ. રમણભાઈ અને નવિનભાઈના ભત્રીજા. પ્રાર્થનાસભા શનિવાર તા. ૦૬/૧૨/૨૫ના ૫ થી ૭. પહેલા માળે, જીઈએસ સ્કૂલ, જવાહરનગર, રોડ નં ૧૧, ગોરેગામ વેસ્ટ.

**લોહાણા**

ગામ જિંજોડા હાલ કલ્યાણ, ધીરજલાલ શિવલાલ સોમૈયા (ઉં.વ.૭૩) તા. ૦૪/૧૨/૨૫ના ઈશ્વરચરણ પામ્યા છે. શ્રીમતી જ્યોત્સનાબેનના પતિ. તે અભિષેક, સોનલ (શીતલ), સ્નેહાના પિતાશ્રી. પિયુષ વિઠ્ઠલાની તથા વિરેન બારાઈના સસરા. સ્વ.કાંતિલાલ હરિલાલ રવાણીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેસાઈ સઈ સુથાર**

ભાવનગર નિવાસી, હાલ ઘાટકોપર, અ. સૌ. શારદાબેન નટવરલાલ રાઠોડ (ઉં. વ. ૬૯) ૪/૧૨/૨૫ના રામચરણ પામેલ છે. તે નટવરલાલ છોટાલાલ રાઠોડના પત્ની, કલ્પેશભાઈ, ભાવેશભાઈના માતુશ્રી. હિનાબેન, સિદ્ધિબેનના સાસુ. જીત, ખુશના દાદી. સ્વ. ઇન્દુબેન ધીરજલાલ વાઘેલા, જીતેન્દ્રભાઈ, હર્ષદભાઈ, સ્વ. રાજેશભાઈ, સ્વ. રશ્મિભાઈ, સ્વ. પિયુષભાઈના ભાભી. દિપકભાઈ બચુલાલ વાઘેલા, સ્વ. ગૌરીબેન પરમારના મોટાબેન.બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર ૬/૧૨/૨૫ના ૪ થી ૬. દેસાઈ દરજી વાડી, અશોક નગર, કાંદિવલી પૂર્વ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ મુંબઈ, સ્વ. મહાલક્ષ્મીબેન અમૃતલાલ મહેતાના પુત્રવધૂ દિનેશભાઈના પત્ની અ. સૌ. ચંદ્રિકા (ઉં. વ. ૬૫) શુક્રવાર તા. ૦૫.૧૨.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કુણાલ - મનોષી, અ. સૌ. તેજલ બંકિમ જાંગલાના માતુશ્રી. ગં.સ્વ. નિર્મળાબેન, ગં.સ્વ. ભારતીબેન, સ્વ. હસમુખભાઈ, રજનીકાંતભાઇના નાનાભાઈની પત્ની. સમઢિયાવાળા સ્વ. પદ્માવતી હિંમતલાલ મહેતાના પુત્રી. યોગેશની નાનીબહેન, સથરાવાળા સ્વ. ગુલાબબેન ગોવિંદજી મથુરિયાના ભાણેજ. પ્રાર્થનાસભા રવિવાર તા. ૦૭-૧૨-૨૫ના ૪ થી ૬. હાલાઈ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, શંકરમંદિરની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ).

# પારસી મરણ

મરહુમ ધનજીશાહ સોરાબજી કોન્ટ્રેક્ટર તે મરહુમ રોશનના ખાવીંદ. તે બીનાઇફર યઝદી ચીચગર તથા વિસ્તાસ્પના ડેડી. તે મરહુમ તેહમીના તથા મરહુમ સોરાબજીના દીકરાજી. તે મરહુમ આલામાય તથા મરહુમ ખોરશેદજી દાદાભાઇ ગઝદરના જમાઇ. તે યઝદી તથા હુફરીશના સસરાજી. તે ફરાહ, ફરહાન અશીશવંધ-વરઝાવંદના ગ્રેન્ડફાધર. રે. ઠે. એચ/૨૪, નવરોજી બાગ. ડો. એસ.એસ.રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. તા. ૩-૧૨-૨૫ના યુ.એસ.એ. અમેરિકા ન્યૂ યોર્કમાં ગુજર્યા છે.

પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દિગંબર મુમુક્ષુ જૈન**

સોનગઢ નિવાસી હાલ મલાડ, ગીરધરલાલ ઠાકરશી મોદી (ઉં. વ. ૮૯) તે ૨૯/૧૧/૨૫ના દેહપરિવર્તન કરેલ છે. તે વિમળાબેનના પતિ. દિલીપ, જિનેશ, છાયા, સોનલ, ભારતીના પિતા. આશાબેન મોદી, ફાલ્ગુનીબેન મોદી, દીપકભાઈ પારેખના સસરા. સ્વ. ચંપાબેન ચુનીલાલ શાહ, સ્વ. ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી, સ્વ. અંજવાણીબેન શાંતિલાલ દામણી, સ્વ. ચીમનભાઈ, શાંતિભાઈના ભાઈ. સાસરાપક્ષે સ્વ. મગનલાલ રુઘનાથ દોશી તથા અંજવાણીબેન દોશીના જમાઈ. પ્રાર્થનાસભા ૭/૧૨/૨૫ના ૧૦ થી ૧૨. પી ડી ખખ્ખર બેન્કવેટ હોલ, અસ્પી ઓડિટોરિયમ લક્ષ્મીનારાયણ મંદિર, નૂતન હાઈસ્કૂલ પાસે, માર્વે રોડ, મલાડ વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લખતર નિવાસી હાલ મલાડ, મંગળાબેન વસંતલાલ શાહનાં પુત્ર વિજયનાં ધર્મપત્ની માયા (ઉં. વ. ૫૫) તે ચેતના દિપકનાં દેરાણી. હિના નીતિનકુમાર ખંધારનાં ભાભી. અંકિત તથા નેહા ઈષાન પારેખનાં કાકી. હીરાગૌરી રસીકલાલ મકવાણાનાં પુત્રી. તા. ૪-૧૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસ - ૩, રોનક ભુવન, પ્રભુનિકેતન હૉટલની પાછળ, દફતરી રોડ, બચ્ચાની નગર રોડ, મલાડ ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમળી જૈન**

વંથલી નિવાસી હાલ ભાયંદર, નર્મદાબેન તારાચંદ ખુશાલચંદ વસાના સુપુત્ર ધનસુખલાલ (ઉં.વ.૭૨) ગુરુવાર તા. ૪/૧૨/૨૫ના અવસાન પામેલ છે. તે અલ્કાબેનના પતિ. સ્વ. અશોકભાઈ, સ્વ. નિરૂબેન જવાહરલાલ મહેતા, જ્યોત્સનાબેન સુરેશકુમાર કોરડીયા, સરોજબેન રમેશકુમાર સાવડિયા, ઇલાબેન રાજેશભાઈ શાહ, સાધ્વીજી મહારાજ પ્રિયવતાશ્રીજીના સંસારીભાઈ. સ્વસુરપક્ષે દાઠા નિવાસી હાલ ભાયંદર, હીરાલક્ષ્મી રમણીકલાલ ગાંધીના જમાઈ. મહાવીરનગર - સી, બી વીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નંબર ૮, અંબેમાતા રોડ, ભાયંદર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ સ્થાનકવાસી જૈન**

ગામ માંગરોળ હાલ ઘાટકોપર, સ્વ. કલાબેન જયંતીલાલ ભાવના પુત્ર નિશિકાંતભાઈ (ઉં. વ.૭૨) ગુરુવાર ૪-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નીતાબેનના પતિ. રૂચિત્તા, પ્રાચીના પિતા. સ્વ. નિર્મલભાઈના ભાઈ. મીનાક્ષી નિરંજન શાહ અને ઉર્વશી પરિમલ શાહના ભાઈ. સ્વ. ભીખાભાઈ લહેરચંદ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**બેતાલીશ દશા હુમ્મડ દિગંબર જૈન**

નાનપુર હાલ કાંદિવલી, અનિલાબેન રાજેશકુમાર દોશી ૨૬/૧૧/૨૫ના મેલબોર્ન ઓસ્ટ્રેલિયામાં અરિહંતશરણ પામ્યા છે. તે રાજેશભાઈના પત્ની. સ્વ. રતીલાલ ચુનીલાલ દોશીના માતુશ્રી. ચંપાબેન દોશીના પુત્રવધૂ. ચિ. પ્રિયાંકભાઈ, ચિ. દર્શિતભાઈના માતુશ્રી. જીનલબેન, પ્રણાલીબેનના સાસુ. હરેશભાઇ, કલ્પેશભાઈના મોટાભાભી. પિયરપક્ષ સ્વ. આનંદીબેન, સ્વ. રસિકલાલ શાહના પુત્રી પ્રાર્થનાસભા ૭/૧૨/૨૫ને રવિવાર ૯થી ૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર હોલ, ૪ થા માળે દત્ત મંદિર રોડ, શારદા સ્કૂલની બાજુમાં, મલાડ ઈસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉ ના સ્વ. પાલઈબેન આશા માડણ નિસરના પૌત્ર ગં.સ્વ. મીઠીબેન કરમણ આશાના પુત્ર ધનજી (ઉં. વ. ૬૬) ગુરૂવાર તા. ૪.૧૨.૨૫ના અવસાન પામેલ છે. ગં.સ્વ. ચંપાબેનના પતિ. વિશાલ, નિશા, તૃપ્તિ, નિકીતાના પિતાશ્રી. ડૉ.પુજા, કીર્તિ, જીતેન્દ્ર, મહેશના સસરા. બેબી વિશાલ નિસર ના દાદા. તનિષ્ક, મોક્ષી, આયુષી, વંશ, રીવાન, ચેશાના નાના. ભચાઉના ગં.સ્વ. કામલબેન ગોવર હીરજી ખુથીયાના જમાઈ. પ્રાર્થના સભા તા. ૬.૧૨.૨૦૨૫, શનિવારે બપોરે ૩.૦૦ થી ૪.૩૦. ઠે. ખાર એજ્યુકેશન સોસાયટી, પ્યુપીલ્સ સ્કુલ, ખાર (વેસ્ટ).

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના રાજીબેન કાનજી વાલજી છેડાના સુપુત્ર સ્વ.રૂપશી કાનજી છેડા (ઉં. વ. ૬૯) મુંબઇ મધ્યે તા. ૨.૧૨.૨૫, મંગળવારના અવસાન પામેલ છે. પુષ્પાબેનના પતિ. યોગેશ, સ્વ. ધવલના પિતાશ્રી. કુંજનના કાકા. રીંકલ, મિત્તલના સસરા. મયુરના કાકાજી સસરા. આરવી, મેરાંશના દાદા. લાકડીયાના સ્વ.કામલબેન જેસંગ વાલજી ગડાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, નવકાર ગણવા. નિવાસસ્થાન ૩૦૧, કનક દર્શન, એલ.ટી. નગર રોડ, નં.૩, એમ.જી.રોડ, ગોરેગામ (વે).

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના સ્વ. નાંગલબેન જીવણ ગાલા ના પૌત્ર. સ્વ. રામુબેન માંઈયા ગાલા નાં સુપુત્ર મુરજીભાઈ, (ઉં. વ. ૮૨) બુધવાર, તા. ૦૩.૧૨.૨૫ ના અવસાન પામેલ છે. ગં. સ્વ. મોંઘીબેનના પતિ. શાંતીલાલ, રમીલા, પાનુ, વિપુલના પિતાશ્રી. શાલીની, જીતેન્દ્ર, શાંતીલાલના સસરા. વિહાનના દાદા. દેવાંગ, ભવ્ય, હેત્વી, ફોરમના નાના.ગામ આધોઈના સ્વ. રાજીબેન દુદા શાહના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૦૬.૧૨.૨૫ના રાખેલ છે. ઠે. કરસન લધુ હોલ, દાદર (વે), મુંબઈ. સમય બપોરે ૨થી ૩.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડા રોહાના નીતિન મુલચંદ વિસરીયા (ઉં. વ. ૫૩) તા. ૨૯-૧૧-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. ભચીબાઈ ભવાનજી શામજીના પૌત્ર. લક્ષ્મીબેન મુલચંદના પુત્ર. હેમલતા, વિપુલ, નીલમ, ભાવેશ, ભારતીના ભાઈ. ગઢસીસા વેજબાઈ કુંવરજી વારજાંગના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મુલચંદ ભવાનજી વિસરીયા, કોટડા-રોહા, તા. નખત્રાણા, કચ્છ.

કોડાયના રસીક હિરજી શાહ/ગડા (ઉં. વ. ૭૨) તા.૩-૧૨-૨૫ ના અવસાન પામેલ છે. સાકરબેન હીરજીના પુત્ર. મીરાના પતિ. નૈનીલના પિતા. જીતેન્દ્ર, જયંતી, ઝવેરચંદ, કુસુમ કિશોરના ભાઈ. લાયજા જયવંતિ જગશી વાલજીના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. મીરા રસીક શાહ, ૭૦૨, શીતલ દર્શી, નડીયાડવાલા કોલોની-૨, મલાડ (વે), મું.-૬૪.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## મહાયુતિ સરકારનું એક વર્ષ

### ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો, રોકાણકારોનો વધેલો વિશ્વાસ અને ત્રણ પક્ષ વચ્ચે સંતુલન

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ સરકારે શુક્રવારે સત્તામાં એક વર્ષ પૂર્ણ કર્યું છે. આ એક વર્ષ દરમિયાન પાયાની સુવિધાઓનું વિસ્તરણ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક્સપાન્શન) અને રોકાણકારોના વિશ્વાસ વધારવાને પ્રાધાન્ય ઉપરાંત ત્રણ પક્ષના ગઠબંધનમાં સંતુલન જાળવી રાખવામાં આવ્યું છે.

શાસક પક્ષના નેતાઓએ કહ્યું હતું કે રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં પારદર્શિતા અને ઝડપી નિર્ણયો (જુઓ પાનું ૪) ▶▶

## બાવનકુળેએ નીતિના ગુણગાન ગાયા

મુંબઈઃ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં મહાયુતિ સરકારે ક્ષેત્રીય વિકાસને વેગ આપવા અને લાંબા ગાળાના આયોજન કરવાના હેતુથી નીતિગત નિર્ણયો લીધા હોવાનું

મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ શુક્રવારે જણાવ્યું હતું. સરકારને એક વર્ષ પૂર્ણ થવાના અવસર પર મુંબઈમાં આયોજિત પત્રકાર પરિષદમાં બાવનકુળેએ જણાવ્યું હતું કે કૃષિ, સિંચાઈ, મૂળભૂત સુવિધાઓ, ઉદ્યોગ, રોજગાર નિર્માણ અને (જુઓ પાનું ૪) ▶▶

## શ્વેતપત્ર રજૂ કરોઃ કૉંગ્રેસ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારે શુક્રવારે એક વર્ષ પૂર્ણ કર્યું એ નિમિત્તે વિપક્ષ કૉંગ્રેસે રાજ્ય વિધાનસભાના આગામી શિયાળુ સત્રમાં શ્વેતપત્ર રજૂ કરવાની માગણી કરી સરકારે છેલ્લા ૧૨ મહિનામાં શું પ્રાપ્ત કર્યું છે તેની વિગતો આપવા જણાવ્યું છે.

કૉંગ્રેસ વિધાયક દળ (સીએલપી)ના નેતા વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું કે ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારના એક વર્ષના શાસનમાં મહારાષ્ટ્રની જનતા નિરાશ થઈ (જુઓ પાનું ૪) ▶▶

#### શિંદે જૂથ સાથેના અણબનાવ પર ભાજપનું મોટું નિવેદન

## શિંદે કે પવાર નુકસાન પહોંચાડતા નથી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આજકાલ સત્તા પક્ષમાં રાજકારણ ગરમાયું છે. મહાયુતિમાં ચાલી રહેલા વિખવાદ પર ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ અને રાજ્યપ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ પ્રતિક્રિયા આપી છે. શુક્રવારે (૫ ડિસેમ્બર) મુંબઈમાં મીડિયા સાથે વાત કરતા બાવનકુળેએ કહ્યું કે કેટલીક ઘટનાઓ બની રહી છે. સ્થાનિક (જુઓ પાનું ૪) ▶▶

## નેરુલ, બેલાપુર અને ઉરણ વચ્ચે ૧૦ નવી લોકલ સેવાઓને મંજૂરી

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ઉરણ રૂટ પર વધારાની ઉપનગરીય ટ્રેન સેવાઓને મંજૂરી આપવાની જાહેરાત કરી, તેને ''મુંબઈવાસીઓ માટે ખાસ ભેટ'' ગણાવી. રેલવે મંત્રાલય તરફથી મળેલા પત્રને શેર કરતા, મુખ્ય પ્રધાને પ્રદેશમાં સ્થાનિક ટ્રેન કનેક્ટિવિટી વધારવાની તેમની વિનંતી સ્વીકારવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય રેલ્વે (જુઓ પાનું ૪) ▶▶

## મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ પર હજી ૩૨ ટકા કચરા પર પ્રક્રિયા બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ પરના કચરા પર પ્રક્રિયા કરવાની સમયમર્યાદા વધારીને હવે ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી કરી નાખી છે.

સતત ત્રીજી વખત આ મુદત વધારીને આપવામાં આવી છે. લગભગ ૭૮ લાખ ટન કચરો જમા (જુઓ પાનું ૪) ▶▶

## ૧૭ લોકોનો ભોગ લેનારી ઇમારત હોનારતઃ વસઈ-વિરાર પાલિકાના આસિસ્ટન્ટ કમિશનરની ધરપકડ

પાલઘરઃ પાલઘર જિલ્લાના વિરારમાં ઑગસ્ટમાં ૧૭ નિર્દોષ લોકોનો ભોગ લેનારી ઇમારત હોનારત પ્રકરણે ક્રાઇમ બ્રાન્ચે વસઇ-વિરાર મહાપાલિકાના આસિસ્ટન્ટ કમિશનર ગિલ્સન ગોન્ઝાલ્વીસની ગુરુવારે રાતે ધરપકડ કરી હતી. સ્ટ્રક્ચરલ ઑડિટમાં ઇમારત અનધિકૃત અને જોખમી જાહેર કરાઇ હોવા છતાં પાલિકાના સી વોર્ડના ઇન્ચાર્જ ગોન્ઝાલ્વીસે એમઆરટીપી એક્ટ હેઠળ કાર્યવાહી કરી નહોતી, એવો તેમના પર ઠપકો મૂકવામાં આવ્યો છે. વિરાર પૂર્વના વિજયનગરમાં આવેલી રમાબાઇ એપાર્ટમેન્ટ નામની ચાર માળની અનધિકૃત ઇમારત ૨૬ ઑગસ્ટે, ૨૦૨૫ના રોજ ધરાશાયી થઇ હતી, જેમાં બે બાળકો સહિત ૧૭ જણનાં મોત થયાં હતાં, જ્યારે નવ લોકો ઘવાયા હતા.

આ ઇમારતમાં પચાસ ફ્લેટ હતા, પણ માત્ર થોડાં વર્ષમાં આ ઇમારતન દુર્દશા થઇ ગઇ હતી. બિલ્ડરે ઇમારતના રહેવાસીઓની દિશાભૂલ કરીને ઇમારત અધિકૃત હોવાનું જણાવ્યું હતું. ઇમારત પત્તાંના મહેલની જેમ તૂટી પડ્યા બાદ પોલીસે ડેવલપર નિતલ સાને, જગ્યાના માલિક તથા અન્યો સામે ગુનો નોંધ્યો હતો.

દરમિયાન પોલીસ કમિશનરે આ પ્રકરણની તપાસ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ને સોંપી હતી. ઇમારત જેના પર બાંધવામાં આવી હતી, જે જગ્યાની માલકણ બે મહિલા અને રહેવાસીઓ પાસેથી ભાડાં વસૂલી કરનારા તેમના પતિઓનો આરોપીમાં સમાવેશ થાય છે. ડેવલપર હજી પણ કસ્ટડીમાં છે.■

## અનાથો માટે અનામત નીતિ ઐતિહાસિક, સામાજિક સમાનતાની દિશામાં પ્રગતિઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે અનાથ બાળકો માટે એક ટકા અનામત આપવાની રાજ્ય સરકારની નીતિને ઐતિહાસિક ગણાવી હતી અને તેને સામાજિક ન્યાય અને દરેકને સમાન તકની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું હતું. સીએમનું પદ સ્વીકાર્યું એની પ્રથમ વરસગાંઠ નિમિત્તે ફડણવીસે નીતિના લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી. આ નીતિ તેમણે ૨૦૧૮ માં મુખ્ય પ્રધાન તરીકે તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન રજૂ કરી હતી અને કહ્યું હતું કે આ નીતિ ડો. બી. આર. આંબેડકરના દરેકને સમાન તકના સિદ્ધાંતને અનુસરે છે.

અનાથ યુવાનો માટે અનામત આપવાની નીતિ તેમના જીવનનો સૌથી ભાવનાત્મક નિર્ણય છે. આ નીતિને પગલે ૮૬૨ લાભાર્થીઓ આત્મનિર્ભર બન્યા છે અને સમાજમાં યથાશક્તિ યોગદાન આપી રહ્યા છે.

ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન પદના શપથ લીધા એની પ્રથમ વરસગાંઠે આ પ્રકારના કાર્યક્રમનું આયોજન સુંદર શરૂઆત છે. સરકાર ઘણા નિર્ણયો લેતી હોય છે, ઘણા કામ પૂરા થાય છે, પરંતુ કેટલાક ખરા અર્થમાં હૃદયને સ્પર્શી જાય છે. અનાથ બાળકો માટે અનામત આવો જ એક નિર્ણય છે. સમાનતા માત્ર સામાજિક અનામત સુધી મર્યાદિત ન રહેવી જોઈએ. અનાથ, દિવ્યાંગ વ્યક્તિઓ અને અન્ય વંચિત વર્ગોને પણ તક મળવી જોઈએ. આ અનામતથી ઘણા લોકોના જીવનમાં વાસ્તવિક પરિવર્તન આવ્યું છે.

યુવાનોને અન્ય લોકો માટે ઉદાહરણ પૂરું પાડવા માટે આહવાન કરતા તેમણે કહ્યું હતું કે આપણે જે મેળવ્યું છે તે સમાજે બનાવેલી પ્રણાલીઓને કારણે શક્ય બન્યું છે. સમાજે જ શાળાઓ, સંસ્થાઓ, સરકાર અને ઉદ્યોગ શરૂ કર્યા છે. સમાજના ઘડતરમાં યોગદાન આપવું એ વ્યક્તિની ફરજ છે. સંઘર્ષ કરી આગળ આવેલા લોકો રોલ મૉડેલ બનવા જોઈએ.

## પોલીસના સ્વાંગમાં ગુજરાતી વેપારીના દાગીના પડાવનારા ૨૪ કલાકમાં પકડાયા

મુંબઈઃ પોલીસના સ્વાંગમાં ધમકાવીને અને વાતચીતમાં પરોવી રાખી ગુજરાતી વેપારીના દાગીના પડાવનારા ત્રણ આરોપીને ૨૪ કલાકમાં જ પોલીસે પકડી પાડ્યા હતા.

મુલુંડ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ તૌફિક મોફિદ સિદ્દીકી (૪૧), સિમોન ગેબ્રિયલ ગન્સાલ્વિસ (૬૩) અને મોહમ્મદ શરીફ મુનીર અહમદ સિદ્દીકી (૫૨) તરીકે થઈ હતી. કોર્ટે ત્રણેયને છ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના મંગળવારની બપોરે સાડાત્રણ વાગ્યાની આસપાસ મુલુંડ પશ્ચિમમાં જટાશંકર ડોસા રોડ પર બની હતી. ફરિયાદી કિરીટ શાહ (૭૧) અમુક દસ્તાવેજોની ઝેરોક્સ કઢાવવા ગયા હતા ત્યારે રસ્તામાં એક શખસ તેમની નજીક આવ્યો હતો. ગંદકી કરી હોવાનું બહાની કરીને શખસ શાહને ધમકાવવા લાગ્યો. તે સમયે રાહદારીઓની અવરજવર નહીંવત્ હતી. ■

## ફેરિયાઓથી ત્રસ્ત ઘાટકોપર-વલ્લભબાગ લેનના રહેવાસીઓ રસ્તા ઉપર ઉતર્યા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં ફેરિયાઓનો ત્રાસ દિવસે દિવસે વધતો જાય છે, ત્યારે ઘાટકોપર ઈસ્ટમાં આવેલા વલ્લભબાગ લેનના રહેવાસીઓ ફેરિયાઓ (ખાણી-પીણી)થી કંટાળીને શુક્રવારે રસ્તા ઉપર ઉતર્યા હતા અને ફેરિયાઓ સામે લડી લેવા માટે એકતા દેખાડી હતી.

સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે વલ્લભબાગ લેનમાં બપોરના ત્રણ વાગ્યાથી ફેરિયાઓ બેસી જાય છે અને રાતના બાર-એક વાગ્યા સુધી બેઠા હોય છે. આ ફેરિયાઓને કારણે ટ્રાફિક જામની સમસ્યા થાય છે અને રસ્તા ઉપર ચાલવાની પણ જગ્યા હોતી નથી.

વલ્લભબાગ લેનેમાં રહેતા પ્રશાંત કેનિયાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અમે વર્ષો થી અહીંયાં રહીએ છીએ પણ છેલ્લાં બે-ત્રણ વર્ષથી અહીં બહુ હેરાનગતિ વધી ગઈ છે. રાતના બે-બે વાગ્યા સુધી આ લોકો અહીં બેઠા હોય છે. અહીં ભારે ગંદકી થાય છે જેને કોઈ સાફ કરવા તૈયાર નથી થતું. જ્યારે શાહિદ દેસાઈએ જણાવ્યું હતું કે અમે અનેકવાર બીએમસીમાં ફરિયાદો કરી છે પણ નામની કાર્યવાહી કરવામાં આવે છે એક-બે દિવસમાં હતું એમનું એમ થઈ જાય છે. અમે કરેલી ફરિયાદોને કારણે અમને ધમકીના ફોન પણ આવે છે. એક સ્થાનિક વેપારીએ નામ ના આપવાની શરતે જણાવ્યું કે છેલ્લા ત્રણ- ચાર મહિનાથી જે ફેરિયા આવે છે એમાંથી કોઈ ઘાટકોપરના હોય એવું લાગતું નથી. બધા બહારના લોકો આવે છે અને ન્યૂસન્સ ફેલાવે છે. તિલક રોડ પર રહેતાં રાખી કોઠારીએ જણાવ્યું હતું કે આવા જ હાલ તિલક રોડના છે. અહીં પણ રાતના બે-બે વાગ્યા સુધી ફેરિયાઓનો ત્રાસ ભોગવવો પડે છે.

આમાં વલ્લભબાગ લેનની સાથે તિલક રોડ અને ખીમજી લેનના નિવાસીઓ પણ જોડાયા હતા. પ્રશાંત કેનિયાએ જણાવ્યું હતું કે અમે ઘાટકોપર-ઈસ્ટના વિધાનસભ્ય પરાગ શાહને ફરિયાદ કરી હતી અને તેમણે વલ્લભબાગ લેનના લોકોને આ સમસ્યાથી છુટકારો અપાવવા માટે અમને પૂરો સાથ સહકાર આપવાની ખાતરી આપી છે. ■

#### ફ્લાઈટ્સ રદ થવાને કારણે હજારો પ્રવાસીઓ રઝળી પડ્યા

## ઍરપોર્ટ પર પોલીસ અલર્ટ મોડમાં

મુંબઈઃ ઈન્ડિગોની ફ્લાઈટ્સ રદ થવાને કારણે પ્રવાસીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે ત્યારે નાગરિકોમાં રોષ ફાટી નીકળીને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસને અલર્ટ કરી દેવામાં આવી છે.

દેશની સૌથી મોટી ઍરલાઈન્સ ઈન્ડિગોએ સતત ચોથા દિવસે શુક્રવારે લગભગ ૫૦૦ ફ્લાઈટ્સ રદ કરતાં હજારો પ્રવાસીઓ કલાકો સુધી ઍરપોર્ટ પર રઝળી પડ્યા હતા.

એ સિવાય રદ ફ્લાઈટના વિકલ્પ તરીકે કોઈ જાણકારી નહીં મળતાં પ્રવાસીઓ હેરાનપરેશાન થઈ ગયા હતા, એવું અધિકારીએ જણાવ્યું હતું.

મુખ્ય ઍરલાઈન્સોમાંની એક ઈન્ડિગો સામાન્ય રીતે રોજ આશરે ૨,૩૦૦ ડોમેસ્ટિક અને ઈન્ટરનૅશનલ ફ્લાઈટ્સ ઑપરેટ કરે છે.

ફ્લાઈટ રદ થવાને કારણે સેંકડો પ્રવાસીઓ ઍરપોર્ટ પર રઝળી પડતાં છેલ્લા ૨૪ કલાકથી પોલીસ અધિકારીઓને અલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે.

ઍરપોર્ટ પર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની પૂરી તકેદારી પોલીસ દ્વારા રાખવામાં આવી રહી છે. ■

## પુણે એરપોર્ટ પર વધારાનો સ્ટાફ તૈનાત

પુણે : પુણે એરપોર્ટ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે મોટા પાયે ફ્લાઇટ્સ રદ કરવામાં આવતા તેણે મુસાફરોની અવરજવરનું સંચાલન કરવા માટે વધારાનો સ્ટાફ તૈનાત કર્યો છે અને તમામ વિભાગોમાં સંકલન મજબૂત બનાવ્યું છે. એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું હતું કે શુક્રવારે મધ્યરાત્રિથી સવારે ૮ વાગ્યા સુધી, કુલ ૧૬ ઇન્ડિગો અરાઈવલ ફ્લાઇટ્સ અને ૧૬ ઇન્ડિગો ડિપાર્ચર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી, જ્યારે ફ્લાઇટ ડ્યૂટી સમય મર્યાદા (FDTL) ને કારણે નાગપુર-પુણે ફ્લાઇટને હૈદરાબાદ ડાયવર્ટ કરવામાં આવી હતી.એરપોર્ટે ઓથોરિટીએ જણાવ્યું હતું કે ઘણા ઇન્ડિગો વિમાનો ઓપરેટિંગ ક્રૂની રાહ જોતા ઊભા હોવાથી પાર્કિંગ બેઝ પર જગ્યાની ઉપલબ્ધતા મર્યાદિત થઈ ગઈ હતી જેના કારણે અન્ય કેરિયર્સના આગમન અને પ્રસ્થાનમાં વિલંબ થયો હતો. (પીટીઆઈ)■

## ઑડિશનને બહાને યુવતીઓની અંગત તસવીરો મેળવી બ્લૅકમેઈલ કરનારા 'દિગ્દર્શક' સામે ગુનો

મુંબઈઃ નિર્માતા-દિગ્દર્શક વિકાસ બહલના નામ અને તસવીરનો ઉપયોગ કરીને ઑડિશનને બહાને યુવતીઓની અંગત તસવીરો મેળવ્યા બાદ તેમને બ્લૅકમેઈલ કરનારા શખસ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

ખાર પોલીસના જણાવ્યા મુજબ ફિલ્મ દિગ્દર્શક વિકાસ બહલને તેમના નામે ચાલતા આ ગોરખ ધંધાની જાણ થતાં તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. બહલની ફરિયાદને આધારે પોલીસે નકલી વિકાસ બહલ વિરુદ્ધ ગુનો નોંધી તેની તપાસ હાથ ધરી હતી.

ફરિયાદ અનુસાર વિકાસ બહલની તસવીરનો ઉપયોગ કરી આરોપીએ અનેક યુવતીઓનો સંપર્ક સાધ્યો હતો. ઑડિશનના નામે યુવતીઓ પાસેથી તેમની તસવીરો મગાવવામાં આવતી હતી. બાદમાં ફિલ્મ અથવા વેબસિરીઝમાં પસંદીને બહાને યુવતીઓને બિકિની અથવા અર્ધનગ્ન તસવીરો મોકલાવવાનું કહેવામાં આવતું. અંગત તસવીરોની મદદથી બ્લૅકમેઈલ કરીને આરોપી યુવતી પાસેથી નાણાં પડાવતો હતો. પછી મોબાઈલ સ્વિચ ઑફ્ફ કરી નંબર બદલી નાખતો હોવાનું કહેવાય છે. આ પ્રકરણે ખાર પોલીસે છેતરપિંડી અને આઈટી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. યુવતીઓ દ્વારા આરોપી સાથે કરાયેલી ચેટિંગ, તેમનાં સોશ્યલ મીડિયા એકાઉન્ટ, કૉલ ડિટેઈલ્સ અને સીસીટીવી ફૂટેજને આધારે પોલીસ તપાસ કરી રહી છે. આરોપીના સગડ મેળવવા માટે સાયબર પોલીસની પણ મદદ લેવાઈ રહી છે. ■

## રાજ્યભરમાં શિક્ષકોનું વિરોધ પ્રદર્શન

### પુણે સહિત રાજ્યની ૬૦ હજાર શાળાઓ બંધ

પુણેઃ ટી.ઈ.ટી. પરીક્ષાના વિરોધમાં શુક્રવારે સમગ્ર રાજ્યમાં શિક્ષકો રસ્તા પર ઉતર્યા હતા. ટી.ઈ.ટી. ફરજિયાત કરવા સામે અને ૧૫ માર્ચ, ૨૦૨૪ના સંચ માન્યતાના જી.આર. ના વિરોધમાં રાજ્યના શિક્ષકોએ 'શાળા બંધ' આંદોલનમાં ભાગ લીધો હતો. શિક્ષક સંગઠનોનો દાવો હતો કે મુંબઈમાં મુખ્યત્વે ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ પૈકી લગભગ ૨૦૦ થી ૩૦૦ શાળાઓ અને રાજ્યભરમાં લગભગ દોઢ હજાર શાળાઓ બંધ હતી.

સુપ્રીમ કોર્ટે ૫૩ વર્ષથી ઓછી ઉંમરના તમામ શિક્ષકો માટે ટી.ઇ.ટી. પરીક્ષા આપવી ફરજિયાત બનાવી છે. શિક્ષક સંગઠનો રાજ્ય સરકારને આ અંગે સમીક્ષા અરજી દાખલ કરીને પોતાનું વલણ રજૂ કરવાની માંગ કરી રહ્યા છે. આ સાથે, શૈક્ષણિક વર્ષના મધ્યમાં જૂથ માન્યતાના અન્યાયી માપદંડો લાદીને હજારો શિક્ષકોને વધારાના બનાવવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત શનિવારે, મુંબઈ પ્રિન્સિપલ્સ એસોસિએશન વતી મુંબઈ ડિવિઝનના ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ એજ્યુકેશનને એક રજૂઆત કરવામાં આવશે, આ રજૂઆતમાં

૧) સામાન્ય રીતે બધા શિક્ષકો માટે ટીઈટી પાસ કરવાની જરૂરિયાત નાબૂદ કરો.

૨) ૧૫ માર્ચ, ૨૦૨૪ ના અન્યાયી સરકારી નિર્ણયને રદ કરો.

૩) ૧ નવેમ્બર, ૨૦૦૫ પછી નિયુક્ત થયેલા તમામ વિભાગોમાં શિક્ષકો માટે જૂની પેન્શન યોજનાનો અમલ.

૪) શિક્ષકો માટે ૧૦-૨૦-૩૦ વર્ષની ખાતરીપૂર્વકની પ્રગતિ યોજનાનો અમલ કરવો.

૫) અનિલ બોરનારે જણાવ્યું હતું કે અન્ય માંગણીઓમાં શિક્ષણ સેવકનું પદ નાબૂદ કરવું અને શરૂઆતથી જ શિક્ષકોની કાયમી નિમણૂક કરવી સામેલ હશે. ■

## સાળીની સૂચનાથી બનેવીએ સાઢુની હત્યા કર્યા પછી મૃતદેહને ડીઝલ નાખી સળગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘરેલુ વિવાદથી કંટાળેલી સાળીની સૂચનાથી બનેવીએ બે સાથીની મદદથી પથ્થરથી માથું છૂંદી સાઢુની હત્યા કર્યા પછી તેના મૃતદેહને ડીઝલ નાખી સળગાવી દીધો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. શાહપુરના જંગલમાંથી મળેલા અર્ધબળેલા મૃતદેહનો કેસ ઉકેલી પોલીસે સાળી-બનેવી સહિત ચારની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ હસીના મેહબૂબ શેખ, ફૈયાઝ ઝાકીર હુસેન શેખ (૩૫), સિકંદર બાદશાહ મુજાવર (૩૫) અને ગુલામ અકબર ઈખ્તિયાર મૌલવી (૩૮) તરીકે થઈ હતી. કર્ણાટકના બેલારી જિલ્લાના સિરુગુંપા ગામમાં રહેતી હસીનાના પતિ તિપન્નાની હત્યાના આરોપસર ચારેયની ધરપકડ કરવામાં આવી હતી.

શાહપુર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર મૂકેશ ઢગેએ જણાવ્યું હતું કે હસીના અને તિપન્ના વચ્ચે લાંબા સમયથી ઘરેલુ વિવાદ ચાલી રહ્યો હતો. દંપતી વચ્ચેના ઝઘડામાં કર્ણાટક પોલીસમાં અગાઉ ફરિયાદ સુધ્ધાં નોંધાઈ હતી. પતિના ત્રાસથી કંટાળેલી હસીનાએ તેનો કાંટો કાઢવાનું કામ બહેનના પતિ ફૈયાઝને સોંપ્યું હતું.

કહેવાય છે કે દંપતી ફરવા માટે કલ્યાણમાં રહેતા ફૈયાઝના ઘેર આવ્યા હતા. અઠવાડિયા બન્ને જણ કલ્યાણમાં જ રહેતા હતા. ૧૬ નવેમ્બરની રાતે ફૈયાઝ તેના બે સાથી સિકંદર અને ગુલામ સાથે તિપન્નાને દારૂ પીવા લઈ ગયો હતો. દારૂના નશામાં ચૂર તિપન્નાને રિક્ષામાં નાશિક-મુંબઈ હાઈવે પાસે શાહપુરના જંગલમાં લઈ જવામાં આવ્યો હતો. ગળું દબાવ્યા પછી પથ્થરથી માથું છૂંદી તેની હત્યા કરવામાં આવી હતી. પછી તેના શબ પર ડીઝલ રેડી આગ ચાંપવામાં આવી હતી.

પોલીસને છેક ૨૫ નવેમ્બરે તિપન્નો મૃતદેહ અર્ધબળેલી અવસ્થામાં મળ્યો હતો. આગને કારણે તેનો કમરથી ઉપરનો ભાગ બળી ગયો હતો, જેને પગલે તેની ઓળખ મેળવવી મુશ્કેલ હતી. આ પ્રકરણે શાહપુર પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી. ■

## એન્જિનિયરોની ઉતાવળે બદલી કરનારા પાલિકાના એડિશનલ કમિશનરની બદલી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના એડિશનલ કમિશનર અમિત સૈનીની એન્જિનિયરોની ઉતાવળે બદલી કરવાના પ્રકરણમાં ભારે વિરોધ થતા રાજ્ય સરકારે તેમની બદલી કરી નાખી છે અને તેમના સ્થાને ડૉ. અવિનાશ ઢાકણેએ શુક્રવારે સવારના એડિશનલ કમિશનરના પદનો સ્વીકાર કર્યો હતો.

અવિનાશ ઢાકણેની પ્રશાસકીય સેવામાં ૧૯૯૪માં નાશિકના ડેપ્યુટી કલેક્ટર પદ તરીકે જોડાયા હતા. ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ (આઈપીએસ)ની ૨૦૧૦ની બેચના તેઓ અધિકારી છે. તેમના ૩૧ વર્ષની નોકરીમાં અત્યાર સુધી તેઓ કેન્દ્ર સરકારના વિત્ત અને ઉદ્યોગ મંત્રાલયથી લઈને સોલાપુર મહાનગરપાલિકાના કમિશનર, જળગાંવના કલેક્ટર, મહારાષ્ટ્રના ટ્રાન્સપોર્ટ કમિશનર, પર્યટન વિભાગ, મહારાષ્ટ્ર ઓદ્યોગિક વિકાસ મહામંડળથી લઈને અનેક પદ તેમણે સંભાળ્યા છે. હાલમાં જ તેઓ મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં સેક્રેટરી તરીકે કાર્યરત હતા. ■

## લોઅર પરેલમાં ઓફિસમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોઅર પરેલમાં કોહિનૂર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલી એક ઓફિસમાં શુક્રવારે સાંજે આગ ફાટી નીકળી હતી. અઢી કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં આવ્યું હતું. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ સેનાપતિ બાપટ માર્ગ પર કોહિનૂર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની કમર્શિયલ બિલ્ડિંગ આવેલી છે. શુક્રવારે સાંજના ૪.૧૭ વાગે ત્રીજા માળે આવેલી ઓફિસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને ૫.૨૬ વાગે આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું ■

## જાલનામાં એક કરોડના ગાંજાના છોડ જપ્ત

જાલનાઃ જાલના જિલ્લામાં આવેલા ખેતરમાંથી પોલીસે એક કરોડ રૂપિયાના ગાંજાના છોડ જપ્ત કર્યા હતા અને આ પ્રકરણે એક જણની ધરપકડ કરી હતી.

અંબડ તહેસીલના કૌચલવાડી ગામમાં ગાંજાની ગેરકાયદે ખેતી થતી હોવાની માહિતી મળ્યા બાદ સ્થાનિક પોલીસ અને એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) દ્વારા બુધવારે મોડી રાતે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

રેઇડ દરમિયાન પોલીસ ટીમે એક કરોડ રૂપિયાના ગાંજાના છોડ ખેતરમાંથી જપ્ત કર્યા હતા.

આ પ્રકરણે ધવલીરામ ચરવંદે નામના શખસની ધરપકડ કરવામાં આવી હતી. ■

## ₹ ૭૨ લાખના ડ્રગ્સ સાથે નાઇજીરિયનની ધરપકડ

મુંબઈઃ માલવણી વિસ્તારમાં ૭૨ લાખ રૂપિયાનું ડ્રગ્સ વેચવા માટે આવેલા નાઇજીરિયનને પોલીસે ઝડપી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. નાઇજીરિયનની ઓળખ મુનાચી અગવુ ઉર્ફે ઓલિવર અગવુ (૨૭) તરીકે થઇ હોઇ તેની વિરુદ્ધ એનડીપીએસ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

માલવણી પોલીસ સ્ટેશનના અધિકારીઓ ગુરુવારે પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે તેમને માહિતી મળી હતી કે નાઇજીરિયન નાગરિક ડ્રગ્સ સાથે અહીં આવવાનો છે. આથી પોલીસની ટીમે છટકું ગોઠવ્યું હતું અને મુનાચી અગવુને તાબામાં લીધો હતો. મુનાચીની પાસેથી ૭૨ લાખ રૂપિયાનું ૧૮૦ ગ્રામ કોકેન મળી આવ્યું હતું. ■

## વેપારીઓનો બંધ સફળ

### સોમવારે રાજ્ય સરકાર સાથે બેઠક

મુંબઈઃ રાજ્યભરના વેપારીઓની જુદી જુદી સમસ્યા પ્રત્યે સરકારનું ધ્યાન દોરવા માટે શુક્રવાર, પાંચ ડિસેમ્બરના રોજ રાજ્યભરના ખાદ્ય વેપારીઓએ બંધ પાળ્યો હતો. આ બંધને અનેક સંઘટનોએ સમર્થન આપ્યું હોવાનો દાવો પણ વેપારી વર્ગ દ્વારા કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર રાજ્ય વ્યાપારી કૃતિ સમિતિના બંધની રાજ્ય સરકારે સકારાત્મક નોંધ લઈને મહારાષ્ટ્ર રાજ્ય વ્યાપારી કૃતિ સમિતિ તેમ જ મહારાષ્ટ્રના જુદા જુદા વેપારી સંઘના પ્રતિનિધિઓને સોમવાર, આઠ ડિસેમ્બર, ૨૦૨૫ના ચર્ચા કરવા માટે બોલાવવામાં આવ્યા હોવાનું પ્રતિનિધિ દ્વારા જાણવા મળ્યું હતું. ■

# આજે નિર્ણાયક વન-ડે

## ભારત હારશે તો ૩૮ વર્ષમાં પહેલી વાર એક દેશ સામે સતત બે શ્રેણીમાં પરાજય

વિશાખાપટનમઃ અહીં સાઉથ આફ્રિકા સામે આજે રમાનારી નિર્ણાયક વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) જીતીને ભારતે ૩૮ વર્ષથી ચાલી આવતી એક અનોખી પરંપરા જાળવવાની છે અને જો એમાં રાહુલ ઍન્ડ કંપની નિષ્ફળ જશે તો છઠ્ઠા ક્રમના સાઉથ આફ્રિકા સામે નંબર-વન ભારત શરમજનક સ્થિતિમાં મુકાશે.

એક હરીફ ટીમની ટૂરમાં ભારત ઘરઆંગણે ટેસ્ટ અને વન-ડે બન્ને સિરીઝ હાર્યું હોય એવું છેક ૧૯૮૭માં (પાકિસ્તાન સામે) બન્યું હતું અને ત્યાર પછી ૩૮ વર્ષમાં ક્યારેય ફરી નથી બન્યું, પરંતુ આજે વિરાટ અને રોહિત જેવા દિગ્ગજોની હાજરીમાં એ પરંપરા જાળવવી પડશે. ■

# ઇન્ડિગોની ફ્લાઇટ્સ રદ થતાં ક્રિકેટરોને પણ વિપરીત અસર

## બીસીસીઆઇએ મુશ્તાક અલી ટ્રોફીની ૧૨ મૅચ ઇન્દોરથી બદલીને પુણેમાં રાખવી પડી

નવી દિલ્હીઃ ઇન્ડિગો ઍરલાઇન્સની ફ્લાઇટ્સ રદ થવાથી આખા દેશમાં વિપરીત અસર થઈ છે અને એમાંથી બીસીસીઆઇ પણ બાકાત નથી. ઇન્ડિગોની ફ્લાઇટ્સ કૅન્સલ થવાને પગલે ક્રિકેટ બૉર્ડે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની નૉકઆઉટ રાઉન્ડની મૅચોના વેન્યૂ બદલવા પડ્યા છે. ઇન્દોરમાં રમાનારી નૉકઆઉટ મૅચ હવે પુણેમાં રમાશે. આ મુકાબલા અગાઉ હોલ્કર ક્રિકેટ સ્ટેડિયમમાં અને એમરાલ્ડ હાઈ સ્કૂલ ગ્રાઉન્ડમાં થવાના હતા. અહીં ૧૨-૧૮ ડિસેમ્બર સુધીની અંતિમ ૧૨ મૅચ, સુપર લીગ તથા ફાઇનલ મૅચ રમાવાની હતી, પરંતુ બધી મૅચો પુણેમાં રાખવામાં આવી છે.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં હાલમાં ગ્રૂપ-એમાં મુંબઈ મોખરે છે, જ્યારે આંધ્ર બીજા સ્થાને છે. ગ્રૂપ-બીમાં હૈદરાબાદ પ્રથમ અને ઉત્તર પ્રદેશ બીજા નંબરે છે. ગ્રૂપ-સીમાં બેંગાલ તથા પંજાબ અનુક્રમે પહેલા અને બીજા ક્રમે છે, જ્યારે ગ્રૂપ-ડીમાં ઝારખંડ પહેલા અને રાજસ્થાન બીજા નંબરે છે. હવે તમામ મૅચો ઇન્દોરને બદલે પુણેમાં


ગુરુવારે કોલકાતામાં એમપીના રાહુલ બાથમને રનઆઉટ કરવાની કોશિશમાં મહારાષ્ટ્રનો તનય સંઘવી.

એમસીએ સ્ટેડિયમમાં અને ડીવાય પાટીલ ઍકેડેમીના મેદાન પર રમાશે. એક અહેવાલ મુજબ મધ્ય પ્રદેશ ઍસોસિયેશનના સીઇઓ રોહિત પંડિતે બીસીસીઆઇને ૧૫ દિવસ પહેલાં જ બીસીસીઆઇને જણાવી દીધું હતું કે તેઓ આ ટૂર્નામેન્ટની નૉકઆઉટ મૅચોનું આયોજન નહીં કરી શકે. ખરેખર તો ઇન્ડિગોના ડખા ઉપરાંત ૯-૧૨ ડિસેમ્બર દરમ્યાન ઇન્દોરમાં ડૉક્ટરોનું વિશ્વ સંમેલન પણ છે જેને લીધે શહેરની હોટેલોમાં રૂમ પણ ઉપલબ્ધ નથી.

હવે બીસીસીઆઇ માટે બીજી મુશ્કેલી એ હોઈ શકે કે એણે ટૂર્નામેન્ટના લીગ રાઉન્ડના ચાર વૅન્યૂ અમદાવાદ, કોલકાતા, લખનઊ, હૈદરાબાદથી ખેલાડીઓ, ટીમોના કોચ, અમ્પાયરો તેમ જ અધિકારીઓને પુણે લાવવા પડશે. અમદાવાદમાં મહિલાઓની અન્ડર-૨૩ ટી-૨૦ ટ્રોફી તેમ જ પુરુષોની અન્ડર-૧૯ કૂચ બિહાર ટ્રોફી ટૂર્નામેન્ટ પણ ચાલી રહી છે જેને લીધે અમ્પાયરો અને અધિકારીઓના પ્રવાસની વ્યવસ્થા પણ કરવાની હોય છે. આ બધી બાબતો બીસીસીઆઇ માટે મોટી ચૅલેન્જ બની રહેશે. ■

# નર્સરીમાં ભણતો ભારતનો ત્રણ વર્ષનો ટાબરિયો ફિડે રેટિંગ મેળવનાર ચેસ જગતનો યંગેસ્ટ ખેલાડી બન્યો

ઇન્દોરઃ ચેસમાં ભારતનો સુવર્ણકાળ ચાલી રહ્યો છે એનું વધુ એક ઉદાહરણ આપણા દેશે ચેસ જગતને આપ્યું છે. તામિલનાડુનો ડી. ગુકેશ ગયા વર્ષે પુરુષોમાં ૧૯ વર્ષની ઉંમરે સૌથી નાની ઉંમરનો વર્લ્ડ ચેસ ચૅમ્પિયન બન્યો ત્યાર પછી આ વર્ષે નાગપુરની ૧૯ વર્ષની દિવ્યા દેશમુખ મહિલાઓનો ચેસ વર્લ્ડ કપ જીતનારી યંગેસ્ટ ખેલાડી બની ત્યાર બાદ હવે મધ્ય પ્રદેશના માત્ર ત્રણ વર્ષની ઉંમરના સર્વજ્ઞ સિંહ કુશવાહાએ કમાલ કરી છે.

મધ્ય પ્રદેશમાં સાગર વિસ્તારમાં રહેતો સર્વજ્ઞ કુશવાહાની ઉંમર ત્રણ વર્ષ, સાત મહિના અને ૨૦ દિવસની છે. ફેડરેશન ઇન્ટરનૅશનલ ડેસ એકેક્સ (ફિડ) સામાન્ય રીતે ઇન્ટરનૅશનલ ચેસ ફેડરેશન અથવા વર્લ્ડ ચેસ ફેડરેશન તરીકે જાણીતું છે અને સર્વજ્ઞ કુશવાહા ફિડે રેટિંગ મેળવનાર ચેસ જગતનો



સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો છે.

સર્વજ્ઞ કુશવાહાએ ભારતના જ અનિશ સરકારનો રેકૉર્ડ તોડ્યો છે. અનિશે ગયા વર્ષે શતરંજમાં સૌથી નાની ઉંમરે ફિડે રેટિંગ મેળવવાનો વિશ્વવિક્રમ કર્યો ત્યારે તે ત્રણ વર્ષ, આઠ મહિના, ૧૯ દિવસની હતી.

સર્વજ્ઞ કુશવાહા હજી નર્સરી સ્કૂલમાં ભણે છે અને તેને ફિડેની ૧,૫૭૨ રૅપિડ રેટિંગ મળ્યું છે. આ એવું રેટિંગ છે જે સંબંધિત ખેલાડીના પર્ફોર્મન્સ પરથી તેની ક્ષમતા દર્શાવે છે. આ રેટિંગ છે જે રૅન્કિંગ તરીકે ન ગણાય. આ રેટિંગ મેળવવા ખેલાડીએ ઓછામાં ઓછા એક આંતરરાષ્ટ્રીય ખેલાડીને હરાવવો પડે છે. સર્વજ્ઞ ત્રણ ઇન્ટરનૅશનલ પ્લેયરને હરાવી ચૂક્યો છે. સર્વજ્ઞના પિતા સિદ્ધાર્થ સિંહે કહ્યું છે કે ‘હું મારા દીકરાને ગ્રૅન્ડ માસ્ટર બનાવવા માગું છું.’ ■

# લગ્ન મોકૂફ રહ્યા પછીની સ્મૃતિ મંધાનાની પ્રથમ પોસ્ટઃ આંગળીમાં એન્ગેજમેન્ટ રિંગ...

મુંબઈઃ ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ક્રિકેટ ટીમની વાઇસ-કૅપ્ટન અને વિમેન્સ ક્રિકેટની ટોચની ઓપનર્સમાં ગણાતી સ્મૃતિ મંધાનાએ ૨૩મી નવેમ્બરે મ્યૂઝિક કમ્પોઝર પલાશ મુચ્છલ સાથેના લગ્ન મોકૂફ રાખ્યા ત્યાર પછી પોતાના ઇન્સ્ટાગ્રામ હૅન્ડલ પર પહેલી પોસ્ટ મૂકી છે જેમાં તેની આંગળી પર એન્ગેજમેન્ટ રિંગ નથી દેખાતી.

ઉલ્લેખનીય છે કે રવિવાર, ૨૩મી નવેમ્બરના લગ્નના બે દિવસ અગાઉ સ્મૃતિનો વીડિયો વાઇરલ થયો હતો જેમાં તે સાથી ખેલાડીઓ જેમિમા રૉડ્રિગ્સ, રાધા યાદવ વગેરે સાથે ડાન્સ કરી રહેલી જોવા મળી હતી અને ડાન્સ કરતી વખતે તેણે આંગળી પરની એન્ગેજમેન્ટ રિંગ પણ બતાવી હતી. જોકે એ રિંગ હવે તેની આંગળી પર નથી જોવા મળી.

સ્મૃતિની લેટેસ્ટ પોસ્ટ એક જાણીતી ટૂથપેસ્ટ બ્રૅન્ડ સાથેની પેઇડ પાર્ટનરશિપના



ભાગરૂપે હતી, પણ એમાં સ્મૃતિના ફોટો તથા વીડિયોમાં તેની આંગળી પર રિંગ ન જોવા મળી એટલે તેના કેટલાક ચાહકોએ ખાસ કરીને એ બાબતને મીડિયામાં ચમકાવી છે. જોકે આ ઍડનું શૂટિંગ પલાશ સાથેની તેની સગાઈ પહેલાં કરવામાં આવ્યું હતું કે પછી એ સ્પષ્ટ નહોતું થયું. જે પણ હોય, આ પોસ્ટ મીડિયામાં જબરદસ્ત વાઇરલ થઈ છે.

ઉલ્લેખનીય છે કે સ્મૃતિએ ગયા રવિવાર પહેલાં જ પોતાના સોશ્યલ મીડિયા અકાઉન્ટ્સ પરથી પલાશ સાથેના લગ્નને લગતી તમામ પોસ્ટ અને ફોટો ડીલીટ કરી નાખ્યા હતા. બન્ને પરિવાર તરફથી માત્ર એટલી જ જાણ કરાઈ છે કે સ્મૃતિના પિતા શ્રીનિવાસ મંધાનાની તબિયત બગડી ગઈ હોવાથી લગ્ન મુલતવી રાખવામાં આવ્યા છે. જોકે પલાશ સાથેની કોરિયોગ્રાફર મૅરી ડિકોસ્ટની કેટલીક વિવાદાસ્પદ અને રૉમેન્ટિક ચૅટ બહાર આવતાં સ્મૃતિએ પલાશ સાથેના લગ્ન મોકૂફ રાખ્યા હોવાની જોરદાર ચર્ચા છે. સ્મૃતિની ગાઢ મિત્ર જેમિમા રૉડ્રિગ્સે સ્મૃતિની પડખે રહેવા ઑસ્ટ્રેલિયાની બિગ બૅશમાં રમવા જવાનું માંડી વાળ્યું છે. ■

# વિરાટની બૅક-ટુ-બૅક સેન્ચુરી બાદ ત્રીજી મૅચની ટિકિટો સોલ્ડ આઉટ

વિશાખાપટનમઃ આજે અહીં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાનારી સિરીઝની ત્રીજી વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) માટેની ટિકિટો રવિવાર પહેલાં ખાસ કંઈ નહોતી વેચાઈ, પરંતુ વિરાટ કોહલીએ ગયા રવિવારે રાંચીની પ્રથમ મૅચમાં અને બુધવારે રાયપુરની બીજી મૅચમાં (બૅક ટુ બૅક) સદી ફટકારી એટલે અહીં ત્રીજી મૅચ માટેની ટિકિટોની ડિમાન્ડ અચાનક વધી ગઈ. આંધ્ર પ્રદેશમાં વિશાખાપટનમના ડૉ. વાય. એસ. રાજશેખર રેડ્ડી એસીએ-વીડીસીએ ક્રિકેટ સ્ટેડિયમમાં આ મૅચ રમાવાની છે જેનું પરિણામ નક્કી કરશે કે કઈ ટીમ ટ્રોફી લિફ્ટ કરશે. બન્ને ટીમ ૧-૧ની બરાબરીમાં છે.

આંધ્ર પ્રદેશ ક્રિકેટ એસોસિયેસનના વાય. વેન્કટેશે મીડિયાને જણાવ્યું કે ‘પહેલાં થોડા દિવસ અમારી બહુ જ ઓછી ટિકિટો વેચાઈ હતી, પણ વિરાટે ઉપરાઉપરી બે સદી ફટકારી એટલે ટિકિટોની ડિમાન્ડ એટલી બધી વધી ગઈ કે તમામ ટિકિટો ગણતરીની મિનિટોમાં જ વેચાઈ ગઈ. એક ટિકિટ બચી નથી.’

વિરાટે તેનો અસલ ટચ બતાવ્યો એટલે ૧,૨૦૦ રૂપિયાથી માંડીને ૧૮,૦૦૦ રૂપિયા સુધીનો ઊંચો ભાવ હોવા છતાં ટિકિટો સોલ્ડ આઉટ થઈ ગઈ છે.


વિશાખાપટનમમાં વિરાટનો રેકૉર્ડ બહુ જ સારો છે. અહીં ત્રણ સેન્ચુરી ફટકારવા ઉપરાંત તે બીજી બે મોટી ઇનિંગ્સ (૯૯ રન, ૬૫ રન) પણ રમી ચૂક્યો હોવાથી લોકો તેને ફરી રમતો જોવા આતુર છે. બીજું, હમણાં વિરાટને લઈને ગૌતમ ગંભીર તથા ચીફ સિલેક્ટર અજિત આગરકર સાથે જે વિવાદ ચાલે છે એને કારણે પણ લોકો ખાસ કરીને વિરાટનો પર્ફોર્મન્સ અને તેના હાવભાવ નજરે જોવા ઉત્સુક છે. ■

# ‘વિરાટ-રોહિત કે સાથ મસ્તી મત કરો’: શાસ્ત્રીએ ગંભીર-આગરકરને આપી ચેતવણી

નવી દિલ્હીઃ વિરાટ કોહલી અને રોહિત શર્મા શાનદાર કરીઅરની જ્યારે ટોચ પર હતા એવું જ અત્યારે કારકિર્દીની સંધ્યાકાળે રમી રહ્યા છે, પરંતુ ટી-૨૦માંથી પોતાની મરજીથી અને ટેસ્ટમાંથી રહસ્યમય સંજોગોમાં નિવૃત્ત થઈ ગયા પછી હવે વન-ડેમાંથી પણ તેમને જાણે ઉતાવળે રિટાયર થઈ જવા આડકતરી રીતે દબાણ થઈ રહ્યું હોય એવી ભારતીય ક્રિકેટમાં જે અટકળો અને ચર્ચા છે એને પગલે ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રીએ સિલેક્ટરોને તેમ જ ટીમ-મૅનેજમેન્ટને વિનંતી કરી છે કે વિરાટ અને રોહિતને એકલા છોડી દેજો (મુક્ત મનથી રમવા દેજો). શાસ્ત્રીએ આ આડકતરી ચેતવણીમાં તેમને એવું પણ કહ્યું છે કે આ બે મહારથીઓની બાકી રહેલી કારકિર્દી સાથે કોઈ પણ પ્રકારની ગરબડ થશે તો એના પરિણામો ઠીક નહીં હોય.

વિરાટ ૩૭ વર્ષનો અને રોહિત ૩૮ વર્ષનો છે. વિરાટની છેલ્લી પાંચ







ઇનિંગ્સમાં બે ઝીરો, પરંતુ અણનમ ૭૪ રન અને બૅક-ટુ-બૅક સેન્ચુરી સામેલ છે, જ્યારે રોહિતની છેલ્લી પાંચ ઇનિંગ્સમાં એક અણનમ સદી અને બે હાફ સેન્ચુરી સામેલ છે. બન્ને પ્લેયર હમણાં ઘણું સારું રમી રહ્યા હોવાથી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી તેઓ રમતા રહેશે એવી તેમના કરોડો ચાહકોને તો આશા છે જ, પરંતુ હાલમાં હેડ-કોચ ગૌતમ ગંભીર તથા ચીફ સિલેક્ટર અજિત આગરકરના બન્ને મહારથી સાથેના કથિત વિવાદાસ્પદ અભિગમને કારણે લોકોને ડર છે કે વિરાટ-રોહિત વન-ડેમાંથી પણ અકાળે નિવૃત્તિ જાહેર કરી દેશે.

તાજેતરના એક ઇન્ટરવ્યૂમાંથી લેવામાં આવેલા ટીઝર વીડિયોમાં શાસ્ત્રીને એવું કહેતા ટાંકવામાં આવ્યા છે કે અંગત મતભેદને કારણે જો રોહિત-વિરાટને કોઈક રીતે મજબૂર કરવામાં આવશે (વન-ડેમાંથી પણ નિવૃત્ત થઈ જવાની ફરજ પાડવામાં આવશે) તો એવું કરાવનાર વ્યક્તિ સમજી લે કે તેણે પોતાના જ પગ પર ગોળી મારી છે.

રવિ શાસ્ત્રીએ આ ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ‘ આ બે ખેલાડીઓ મહારથી છે, વાઇટ-બૉલ ક્રિકેટના દિગ્ગજો છે. તો ઐસે પ્લેયર્સ કે સાથ આપ મસ્તી મત કરો યાર. અગર ઉન કા દિમાગ ઠીક હો ગયા ના ઍન્ડ સહી બટન દબાયેગા ના તો સબ આજુ-બાજુ નિકલ જાયેંગે.’ શાસ્ત્રીનું એવું કહેવું હતું કે બન્ને ટોચના ખેલાડીઓને જો વધુ પરેશાન કરવામાં આવશે અને જો એ સ્થિતિમાં તેઓ કોઈ ચોંકાવનારો નિર્ણય લેશે (કોઈ પગલું ભરશે) તો તેમને પજવનારા ભાગમભાગ કરવા લાગશે.

વિરાટ-રોહિત સાથે કોણ મસ્તી કરી રહ્યું છે? તમારી દૃષ્ટિએ એ કોણ છે? એવું પૂછાતાં શાસ્ત્રીએ એટલું જ કહ્યું કે ‘ જેમને આવી મજાક કરવામાં મજા આવે છે તેમની વાત હું કરી રહ્યો છું. આ ખેલાડીઓ એવા અનુભવીઓ છે જેમનો કોઈ વિકલ્પ નહીં જડે. એક ચેઝ માસ્ટર છે અને બીજાએ વન-ડેમાં વિક્રમજનક ત્રણ ડબલ સેન્ચુરી ફટકારી છે.’

ક્રિષ્ણમાચારી શ્રીકાંત અને મોહમ્મદ કૈફે તાજેતરમાં ચોખ્ખું કહી દીધું હતું કે ૨૦૨૭માં ભારત આ બે દિગ્ગજ ખેલાડીઓ (વિરાટ અને રોહિત) વિના વર્લ્ડ કપ નહીં જીતી શકે. ■

# રોહિત-વિરાટ ટીમના અન્ય ખેલાડીઓ કરતાં ૧૦૦૦ ગણા સારાઃ શ્રીસાન્ત

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ભારતીય પેસ બોલર અને વર્લ્ડ ચેમ્પિયન ટીમનો ખેલાડી એસ. શ્રીસાન્ત સમયાંતરે નિવેદનો આપીને ચર્ચાસ્પદ થતો રહ્યો છે અને આ વખતે તેણે રોહિત શર્મા અને વિરાટ કોહલી વિશે નિવેદન આપીને વર્તમાન વિવાદને થોડું બળ આપ્યું છે. જોકે શ્રીસાન્તનું કહેવું સકારાત્મક છે. તેણે કહ્યું છે કે ભારતની વર્તમાન ક્રિકેટ ટીમના અન્ય ખેલાડીઓની તુલનામાં રોહિત અને વિરાટ ૧૦૦૦ ગણા સારા છે.

મૅચ ફિક્સિંગની સંડોવણીના પ્રકરણને કારણે ભૂતકાળમાં વર્ષો સુધી વિવાદમાં રહેલા શ્રીસાન્તે એક ઇન્ટરવ્યૂમાં ટીમ ઇન્ડિયાના હેડ-કોચ ગૌતમ ગંભીર માટેની સલાહમાં જણાવ્યું છે કે રોહિત અને વિરાટને તેમની રીતે રમવા દેજો, કારણકે ટીમના અન્ય પ્લેયર્સ કરતાં તેઓ અનેક ગણા ચડિયાતા છે.

### રો-કો કો મત રોકો શ્રીસાન્ત

રોહિત અને કોહલીની જોડી રો-કો તરીકે ઓળખાય છે. શ્રીસાન્તે ગંભીર માટેની સલાહમાં એવું પણ કહ્યું કે રો-કો કો મત રોકો. તેમને વન-ડેમાં જેવું અને જ્યાં સુધી રમવું હોય એમ તેમની રીતે રમવા દો, કારણકે અન્યોની તુલનામાં તેઓ ઘણા ઘણા ચડિયાતા છે. ઑલ ધ બેસ્ટ ટુ વિરાટ કોહલી ઍન્ડ રોહિત શર્મા.’ ■

# ઍરપોર્ટ પર એસ્કેલેટર બગડી જતાં ભારતીય ખેલાડીઓએ સામાન લઈને ચઢવું પડ્યું!

રાયપુર/વિશાખાપટનમઃ રોહિત શર્મા, વિરાટ કોહલી, હેડ-કોચ ગૌતમ ગંભીર અને ટીમના અન્ય ખેલાડીઓ તથા કોચિંગ સ્ટાફનો એક વીડિયો વાઇરલ થયો છે જેમાં દેખાય છે કે દરેક જણે ઍરપોર્ટ પરના એસ્કેલેટર પર પોતાનો સામાન લઈને ચઢવું પડ્યું હતું.

૩૦મી નવેમ્બરની પ્રથમ વન-ડે ભારતે જીતી હતી, જ્યારે બુધવારે છત્તીસગઢ રાજ્યમાં રાયપુરની બીજી મૅચમાં સાઉથ આફ્રિકાનો વિજય થયો હતો એટલે સિરીઝ ૧-૧ની બરાબરીમાં થઈ જતાં હવે આજની ત્રીજી મૅચ (બપોરે ૧.૩૦ વાગ્યાથી) નિર્ણાયક બની છે અને ખેલાડીઓ રાયપુરથી વિશાખાપટનમ પહોંચી ગયા છે. જોકે સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલા વીડિયોમાં ટીમ ઇન્ડિયા સાથે સંકળાયેલા ખેલાડીઓ સહિતની વ્યક્તિઓએ એસ્કેલેટર પર પોતે પોતાનો સામાન ચઢાવીને લઈ જવો પડ્યો એ ઘટના બદલ ઍરપોર્ટ મૅનેજમેન્ટની મજાક ઉડાવવામાં આવી રહી છે. વાઇરલ ઘટના રાયપુર ઍરપોર્ટની હોવાનું મનાય છે. ત્યાં એસ્કેલેટર બગડી ગયું હોવાથી દરેક જણે પોતાનો સામાન ઊંચકીને ઍસ્કેલેટરના પગથિયાં ચઢવા પડ્યા હતા. સામાન્ય રીતે એસ્કેલેટર પર સામાન લઈને ચઢવું ખૂબ મુશ્કેલ થઈ જતું હોય છે જેનું એક કારણ એ છે કે જેમ સ્ટેશનના બ્રિજ પર હોય એવો કોઈ બ્રેક એસ્કેલેટરની સીડી પર નથી હોતો. બીજું,



એસ્કેલેટરની સીડી થોડી વર્ટિકલ હોય છે.

એક યુઝરે રાયપુર ઍરપોર્ટના સોશ્યલ મીડિયા પેજને ટૅગ કરીને લખ્યું છે, ‘ આ રાયપુર ઍરપોર્ટનું એસ્કેલેટર છે જે બગડી ગયું છે અને એને કારણે ભારતીય ખેલાડીઓએ સામાન સાથે ચઢવું પડ્યું છે. આ ઍરપોર્ટ ખૂબ મોટું અને આધુનિક છે છતાં અહીંનું એસ્કેલેટર રિપેર નથી કરવામાં આવ્યું. ભારતીય ટીમના ખેલાડીઓ આવવાના છે એની અગાઉથી જાણ હોવા છતાં એસ્કેલેટરના સમારકામ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે. ઍરપોર્ટવાળાઓએ આટલી ગંભીર સમસ્યા કેમ થવા દીધી એ જ નથી સમજાતું.’ ■

# ખાસ કંઈ હાંસલ ન કરનારાઓ રોહિત-વિરાટનું ભાવિ નક્કી કરવા લાગ્યા છે!: હરભજન

નવી દિલ્હીઃ રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ૨૦૨૪માં ટી-૨૦ના વર્લ્ડ કપમાં ભારતને ચૅમ્પિયન બનાવ્યા બાદ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને ગુડબાય કરી ત્યાર પછી આ વર્ષે જ્યારે અચાનક ટેસ્ટ-ફૉર્મેટને પણ અલવિદા કરી ત્યારે એવી ચર્ચા હતી કે આ બે દિગ્ગજ ખેલાડી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી વન-ડે ફૉર્મેટમાં રમવાનું ચાલુ રાખશે કે કેમ? એ ચર્ચા વચ્ચે આ બેઉ મહારથીએ તાજેતરમાં જ કેટલીક વન-ડે મૅચોમાં પોતાનો અસલ ટચ બતાવીને ટીકાકારોની તો બોલતી બંધ કરી જ છે, તેમની તરફેણ કરતા કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓએ પણ ટીકાકારો વિશે ટકોર કરવાની તક નથી છોડી અને રોહિત-વિરાટના વર્તમાન મુદ્દે તેમની તરફેણ કરનારો હરભજન સિંહ એમાંથી એક છે.

રોહિત-વિરાટને હાલમાં હેડ-કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત આગરકર સાથે બનતું નથી એવી ચર્ચા વચ્ચે ભૂતપૂર્વ ઑફ સ્પિનર હરભજનનું કહેવું છે કે ‘અત્યારે રોહિત અને વિરાટ સાથે જે કંઈ બની રહ્યું છે એ ઠીક નથી. તેઓ નવી પેઢી માટે શ્રેષ્ઠ ઉદાહરણ બની રહ્યા છે. આ બન્ને દિગ્ગજને કેમ એક બાજુ ધકેલી દેવામાં આવી રહ્યા છે એ જ મને નથી સમજાતું. હું એક ખેલાડી હતો એટલે આનો સ્પષ્ટ જવાબ તો આપી શકું એમ નથી અને અત્યારે હું જે જોઈ રહ્યો છું એવું મારી સાથે પણ બન્યું હતું. મારા ઘણા સાથીઓ સાથે આવો વ્યવહાર થયો હતો.’

વિરાટ કોહલીએ બૅક ટુ બૅક સેન્ચુરી ફટકારી હોય એવું ૧૧મી વખત બન્યું છે. હરભજન તેના આ પર્ફોર્મન્સથી બેહદ ખુશ છે, પણ તેનું એવું પણ કહેવું છે કે તેની કારકિર્દીનો ફેંસલો એવા લોકો લઈ રહ્યા છે જેમણે ભૂતકાળમાં ખાસ કંઈ હાંસલ કર્યું જ નહોતું. આ મોટું દુર્ભાગ્ય જ કહેવાય.

૪૫ વર્ષીય હરભજન સિંહ રાજ્યસભામાં આમ આદમી પાર્ટી (આપ)નો મેમ્બર છે. તેણે ૧૯૯૮થી ૨૦૧૬ સુધીમાં ૩૫૦થી પણ વધુ આંતરરાષ્ટ્રીય મૅચમાં કુલ ૭૦૦ જેટલી વિકેટ લીધી હતી. આઇપીએલમાં તેણે ૧૬૩ મૅચમાં ૧૫૦ વિકેટ લીધી હતી. ■


બ્રાઇડન કાર્સના યૉર્કરમાં ક્લીન બોલ્ડ થતો ઑસ્ટ્રેલિયાનો કૅમેરન ગ્રીન.

# ઇંગ્લૅન્ડે પાંચ કૅચ છોડ્યા પછી ઑસ્ટ્રેલિયાની ૪૪ રનની સરસાઈ

બ્રિસ્બેનઃ અહીં ગૅબામાં ઍશિઝ સિરીઝમાં રમાતી બીજી ટેસ્ટ મૅચમાં શુક્રવારના બીજા દિવસે ઑસ્ટ્રેલિયાએ રમતના અંત સુધીમાં પ્રથમ દાવમાં છ વિકેટના ભોગે ૩૭૮ રન કર્યા હતા. એક તરફ ઇંગ્લૅન્ડના ફીલ્ડરોએ પોતાના બોલર્સની નબળી બોલિંગ વચ્ચે કુલ પાંચ કૅચ છોડ્યા હતા.

પાંચ ખેલાડી ૪૦-પ્લસ રન કરી શક્યા હોવાથી યજમાન ટીમને ૪૪ રનની સરસાઈ લેવા મળી છે અને તેમની હજી ચાર વિકેટ પડવાની બાકી છે. જેક વેધરાલ્ડે ૭૨ રન, લાબુશેને ૬૫ રન, કૅપ્ટન સ્ટીવ સ્મિથે ૬૧ રન, ઍલેક્સ કૅરીએ ૪૬ (નૉટઆઉટ) અને કૅમેરન ગ્રીને ૪૫ રન કર્યા હતા.

ઑસ્ટ્રેલિયાની છમાંથી ત્રણ વિકેટ બ્રાયડન કાર્સે, બે વિકેટ બેન સ્ટૉક્સે અને એક વિકેટ જોફ્રા આર્ચરે લીધી હતી. ઇંગ્લૅન્ડનો પ્રથમ દાવ ૩૩૪ રનના સ્કોર પર પૂરો થયો હતો.

ગુરુવારે આખો દિવસ ઑસ્ટ્રેલિયાના બોલર્સ સામે ઝઝૂમનાર જૉ રૂટ છ કલાકથી પણ વધુ સમય સુધી ક્રીઝમાં રહીને બનાવેલા ૧૩૮ રનના પોતાના સ્કોર પર અણનમ રહ્યો હતો. ઇંગ્લૅન્ડની ૧૦માંથી છ વિકેટ મિચલ સ્ટાર્કે લીધી હતી. ■

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# આ આંતરરાષ્ટ્રીય મૅચનું મેદાન છે, કોઈ મજાક નથી! ખેલાડીઓની સલામતી માટે અલર્ટ થઈ જાઓ

## ક્રિકેટક્રેઝી ફૅન મેદાન પર પોતાના હીરો સુધી પહોંચી ગયો હોય એવી ભારતમાં ચાર દિવસમાં ત્રણ ઘટના બની, જે ગંભીર છે

સામાન્ય રીતે ભારતીય ક્રિકેટરો નવી સિરીઝ પહેલાં પોતાની રીતે સહી સલામત નિર્ધારિત શહેરની ફાઇવસ્ટાર હોટેલમાં કે ઍરપોર્ટ પર ભેગા થઈ જાય છે, ત્યાંથી તેમને શ્રેણીની પ્રથમ મૅચવાળા શહેરમાં પહોંચાડવામાં આવે છે જ્યાં વિમાનીમથક ખાતે તેમને લોકોના ધસારાથી દૂર રાખવા ટર્મિનલમાં પાછળના દરવાજેથી બહાર લઈ જઈને ટીમની બસમાં બેસાડી હોટેલમાં હેમખેમ પહોંચાડવામાં આવે છે. બીજા દિવસે સવારે ફરી એ જ ચક્ર શરૂ થાય છે જેમાં તેમને હોટેલ ખાતેથી ટીમની બસમાં બેસાડીને સ્ટેડિયમ પર પહોંચાડવામાં આવે છે જ્યાં તેઓ પ્રૅક્ટિસ કરે છે અને બપોરે કે સાંજે પાછા હોટેલ ભેગા થાય છે. એ દરમ્યાન તેમના ખેલાડી સુધી કે ડ્રેસિંગ-રૂમ સુધી કોઈ પણ સામાન્ય વ્યક્તિને પહોંચવાની સખત મનાઈ હોય છે. મૅચના દિવસે પણ ખેલાડીઓને વહેલા હોટેલ પરથી સ્ટેડિયમ પર લાવવામાં આવે છે. હવે બને છે એવું કે જે ખેલાડીઓને આ દિવસો દરમ્યાન ૨૦૦ ટકા સલામતી મળતી હોય છે તેઓ મૅચ દરમ્યાન જ મેદાન પર અસલામત થઈ જતા હોય છે.

વાત એવી છે કે ભારતમાં ચાર દિવસમાં રમાયેલી ત્રણ મૅચમાં પ્રેક્ષકોમાંથી કોઈ એક ક્રિકેટક્રેઝી યુવાન મેદાન પર છેક પિચ સુધી પોતાના હીરો પાસે (કે મેદાન પર તે જ્યાં પણ ઊભો હોય ત્યાં) પહોંચી ગયો હોય એવી ચોંકાવનારી ઘટનાઓ બની છે. ખેલાડીઓ પોતાના ઘરેથી ટૂર પર નીકળ્યા પછી મૅચ માટે હોટેલથી મેદાન પર પહોંચવા સુધીમાં ખૂબ સલામત સ્થિતિ અનુભવે છે, પણ મૅચ દરમ્યાન કોઈ ક્રેઝી ક્રિકેટપ્રેમી તેમની પાસે દોડી આવી શકે એવો ડર તેમને સતાવતો જ હશે. થોડા દિવસોથી ભારતના સ્ટેડિયમોમાં જે કંઈ બની રહ્યું છે એ જોતાં પ્લેયર્સને આવો ભય ન સતાવે તો જ નવાઈ કહેવાય.

ગયા રવિવારે રાંચીમાં સાઉથ આફ્રિકા સામેની પ્રથમ વન-ડેમાં વિરાટ કોહલીએ હજી તો યાદગાર સેન્ચુરી પૂરી કરી અને એના જશનની તેણે હજી તો શરૂઆત કરી ત્યાં તો એક યુવાન કોણ જાણે ક્યાંથી અને કેવી રીતે તેની પાસે પહોંચી ગયો અને સીધો તેના પગમાં પડ્યો હતો. કોહલીને તે જરૂર ભગવાન માનતો હશે, પણ કોહલીની સલામતી રામ ભરોસે હતી એનું શું! આંતરરાષ્ટ્રીય મેદાન કે જેના પર પોતાના દેશના ખેલાડીઓ ઉપરાંત વિદેશી પ્લેયર્સ પણ સંપૂર્ણ સલામતીની અપેક્ષા સાથે આવતા હોય છે તેમની સુરક્ષાની બાબતમાં કેમ આવી કચાશ રહે છે એ જ નથી સમજાતું. મૅચ દરમ્યાન માત્ર ખેલાડીઓ, અમ્પાયરો તેમ જ ડ્રિન્કસના બ્રેક દરમ્યાન એક્સ્ટ્રા ખેલાડીઓને અને ખેલાડીની ઈજા વખતે ફિઝિયોથેરપિસ્ટ તથા તેમની મેડિકલ ટીમને અને પિચ ક્યૂરેટરની ટીમના માળીઓને જ આવવાની છૂટ હોય છે ત્યારે કોઈ સામાન્ય વ્યક્તિ કેવી રીતે સીધી પિચ સુધી પહોંચી શકે? સલામતી રક્ષકો કરે છે શું? તેઓ મૅચ અને ખેલાડીઓને જોવામાં જ મશગૂલ હોય છે કે શું? ન કરે નારાયણ ને કોઈ તોફાની શખસ કોઈ હથિયાર સાથે સ્ટેડિયમમાં ઘૂસી જવામાં સફળ થયો હોય અને એ જ શખસ મેદાન પર ખેલાડી સુધી પહોંચી જાય તો તમે અંદાજ કરી શકો છો કે શું ન બનવાનું બની શકે.



૩૦ નવેમ્બરે રાંચીમાં કોહલી પાસે પહોંચીને પગે પડતો તેનો ચાહક



તાજેતરમાં હૈદરાબાદમાં હાર્દિક પાસે પહોંચીને તેની કમર પર હાથ રાખીને સેલ્ફી લેતો તેનો ફૅન.



રાયપુરમાં પણ કોહલીને પગે લાગવા તેની પાસે એક યુવાન આવી પહોંચ્યો હતો.

મંગળવારે હૈદરાબાદમાં અભિષેક શર્મા અને હાર્દિક પંડ્યા સાથે પણ વિરાટ જેવો કિસ્સો બન્યો હતો. રાજીવ ગાંધી ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની પંજાબ વિરુદ્ધ બરોડાની મૅચ દરમ્યાન એક યુવાન ફીલ્ડિંગ કરી રહેલા અભિષેક શર્મા પાસે પહોંચી ગયો હતો અને જબરદસ્તીથી તેને પકડીને તેની સાથે સેલ્ફી લીધી હતી. ત્યાર બાદ બીજી દિશામાંથી સલામતી રક્ષક દોડી આવ્યો અને એ યુવાનને પકડીને લઈ ગયો હતો. એ જ મૅચમાં પછીથી હાર્દિક પંડ્યા ફીલ્ડિંગમાં હતો ત્યારે તેનો એક ફૅન તેની પાસે આવી પહોંચ્યો અને તેને પગે લાગ્યો હતો. બીજો એક યુવાન તેની (હાર્દિક) પાસે પહોંચી ગયો હતો અને તેની (હાર્દિકની) કમર પર હાથ રાખીને તેની સાથે સેલ્ફી લીધી હતી. સલામતી રક્ષકો દોડી આવ્યા અને યુવાનને લઈ જઈ રહ્યા હતા ત્યારે હાર્દિકે તેમને વિનંતી કરી હતી કે એ છોકરાને કોઈ સજા નહીં કરતા.

બુધવારે નક્સલવાદીઓના ગઢ મનાતા છત્તીસગઢના શહેર રાયપુરમાં સાઉથ આફ્રિકા સામેની બીજી વન-ડે દરમ્યાન પણ વિરાટ સાથે રાંચી જેવો બનાવ બન્યો હતો. એ જ દિવસે સવારે બિજાપુરમાં ભારતીય કમાન્ડો અને પોલીસ દળે કેટલાક નક્સલવાદીઓને ઠાર માર્યા હતા તેમ જ બે જવાન શહીદ થયા હતા એ બનાવની વાતો હજી શાંત નહોતી પડી ત્યાં તો ૩૦૦ કિલોમીટર દૂર રાયપુરમાં એક યુવાન મેદાન પર વિરાટ સુધી પહોંચી ગયો હતો અને તેને પગે પડ્યો હતો. ખુદ વિરાટે તેને ઊભો કરવો પડ્યો અને પછી સલામતી રક્ષકો મદદે આવ્યા હતા. કેમ આ રક્ષકો સતતપણે સાવચેત નથી રહેતા? કોઈ સામાન્ય માણસ મેદાન પર પિચ સુધી ખેલાડી પાસે પહોંચી જાય ત્યાર બાદ કેમ સિક્યૉરિટી ગાર્ડ એ ઘટનાસ્થળે પહોંચે છે? યાદ છેને, અગાઉની હિન્દી ફિલ્મોમાં બનતું હતું કે હીરો અને વિલન વચ્ચે ૧૦થી ૧૫ મિનિટ સુધી ઢિસૂમ...ઢિસૂમ થઈ જાય ત્યાર પછી જ પોલીસની એન્ટ્રી થતી હતી. ફરી ક્રિકેટના મેદાનની વાત પર આવીએ તો કેમ સલામતી રક્ષકો ગ્રાઉન્ડ પર દોડી આવતા શખસને વચ્ચેથી જ આંતરીને કેમ નથી પકડી લેતા? શું ખેલાડીઓએ મેદાન પર (બૅટિંગમાં કે ફીલ્ડિંગમાં) સતત એવા ભય સાથે રમવાનું કે કોઈ ગાંડો ક્રિકેટપ્રેમી તેમને ભેટવા તેમની પાસે પહોંચી જશે?

આ ખૂબ સિરિયસ મામલો છે જેનો ત્વરિત ઉકેલ લાવવો જ પડશે. યાદ રહે, આપણા દેશમાં જ (પાકિસ્તાન પ્રત્યે કૂણી લાગણી ધરાવતા) આપણા દુશ્મનો રહે છે.

વિદેશોમાં ક્યારેક કોઈ પ્રેક્ષક નગ્ન અવસ્થામાં (સ્ટ્રીકર) ખેલાડી સુધી પહોંચી ગયો હોય એવું ઘણી વાર બન્યું છે. ફરી ભારતની વાત કરીએ તો અહીં લોકો ક્રિકેટરોને માત્ર ખેલાડી જ નથી ગણતાં. તેમને સુપરહીરો ગણે છે અને અમુક લોકોના દિલમાં મનપસંદ ક્રિકેટરને ભગવાન તરીકેનું સ્થાન મળ્યું હોય છે. દરેક ક્રિકેટપ્રેમી પોતાના હીરોને મળવા ઇચ્છતો હોય છે, પરંતુ મોટા ભાગના લોકો એ ઇચ્છાને પોતાના દિલોદિમાગમાં પૂરતી જ સીમિત રાખતા હોય છે, જ્યારે અમુક ક્રેઝીઓ હિંમત કરીને (કે કોઈ મિત્ર સાથે ચૅલેન્જ લાગી હોય તો) સીધા મેદાન પર ખેલાડી સુધી દોડી જતા હોય છે, પછી ભલે સલામતી રક્ષકોનો માર ખાવો પડે, પરંતુ જિંદગીમાં એક વાર પોતાના હીરો સાથે સેલ્ફી લેવાની ઇચ્છા તો પૂરી કરી હોય!

ખરું કહીએ તો ક્રિકેટર-ફૅનના મિલનની આવી ઘટના નિહાળીને કોઈ પણ પ્રેક્ષક કે ટીવી-દર્શક હસી પડે, પણ આવા બનાવ તાત્કાલિક બંધ થવા જરૂરી છે. નહીં તો, એકાદ ગંભીર ઘટના બનશે તો ભારતીય ક્રિકેટને અને ક્રિકેટની રમતને જ બટ્ટો લાગી જશે. ■


અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ઓસાકામાં વસે છે યંગ જાપાન...

કોઈપણ જાતનાં વીડિયો કે રીલ્સ ન બનાવવાનું પ્રેશર ન હોવાથી જાપાનમાં અમે ઘણાં રિલેક્સ રીતે ફરી રહ્યાં હતાં. છેલ્લાં ઘણાં વર્ષોથી કોન્ટેન્ટ ક્રીએટર અને ઇન્લુઅન્સર ઇન્ડસ્ટ્રીમાં લોકો શાંતિથી ફરવાનું જાણે ભૂલી ગયાં છે. અને ઘણાં એવાં પણ છે કે શાંતિથી ફરવાનું શૂટિંગ ઘાઈમાં કરતાં નજરે પડતાં હોય છે. બુલેટ ટ્રેન હોય કે ક્યોટોનાં ગાર્ડન્સ, દરેક સ્થળે સતત ક્યાંક ટ્રાઇપોડની સાથે તો ક્યાંક સ્ટિક અને જ્યાં અલાઉડ હોય ત્યાં ડ્રોન સાથે સતત રેકોર્ડિંગ ચાલુ જ હોય તેવું લાગતું હતું. જ્યાં પણ જુઓ ત્યાં યંગ પ્રવાસીઓનું ડેસ્પરેશન હવે ફોનનાં સ્ક્રીનની બહાર પણ અનુભવી શકાતું હોય છે. એવામાં અમે એક ચકાચક બુલેટ ટ્રેન લઈને ઓસાકા તરફ આવી પહોંચ્યાં.

કોને ખબર હતી કે ટોક્યો અને ક્યોટોથી ભળતી છતાંય જરા અનોખી દુનિયા ત્યાં અમારી રાહ જોઈ રહી હતી. અમે હવે જાપાનમાં હોટલના ડબલ રૂમ કરતાં ટ્વિન રૂમ વધુ મોટા હોય છે તે પણ ખાતરી કરી ચૂક્યાં હતાં. ઓસાકામાં અમે ખાસ થોડો મોટો રૂમ બુક કરેલો. અમે અહીંથી જ વળતી ફલાઇટ લેવાનાં હતાં અને અહીં અમારે ઘણું શોપિંગ પણ કરવું હતું. ઓસાકાથી હિમેજી, કોબે, નારા એવી ઘણી શોર્ટ અને લોંગ ટ્રિપ કરવાની હતી. અને સાથે સાથે રોજ રાત્રે પાછાં આવીને સૌના અને ગરમ ટબમાં થાક ઉતારવાનો હતો. અમે જાપાન ટ્રિપના આ ચરણમાં પહોંચતાં સુધી પૂરતાં અનુભવી બની ચૂક્યાં હતાં. એક વાત નક્કી હતી, અહીં કશું બાકીની દુનિયા જેવું ન હતું.

ઓસાકાનું મેઇન સ્ટેશન પણ ફરી ટોક્યોનાં ઘણાં સ્ટેશનોની જેમ પાંચ-છ માળનું હતું. અહીં અમે ધાર્યા કરતાં વધુ સમય વિતાવવાનાં હતાં તે ત્યાં પહોંચતી વખતે ખબર ન હતી. દરેક માળ રેસ્ટોરાં અને સ્ટોર્સથી ખીચોખીચ ભરેલો હતો. એટલું જ નહીં, આસપાસની દરેક ગલી પણ શોપિંગનાં ઓપ્શનોથી ભરેલી હતી. આજકાલ યુનિક્લોની આખી દુનિયામાં બોલબાલા છે. જાપાન આખુંય પાંચ-છ માળનાં યુનિક્લોથી ભરેલું છે. જાપાનીઝ બ્રાન્ડ્સથી પણ હવે અમે બરાબર પરિચિત થઈને સીધું ક્યાં જવું અને શું લેવું તે સમજી ચૂકેલાં. હવે જ્યારે ફરી જાપાન જઈશું ત્યારે જરા પણ સમય નહીં વેડફીએ એ નક્કી હતું. જાપાનની વાઇબ જ કંઇક અલગ છે.





ઓસાકા સ્ટેશનથી હોટલ સુધી ટેક્સી લીધી, તેમાં ડ્રાઇવર ભારતનો ફેન નીકળ્યો. તે કોઈ સમયે આખું ઇન્ડિયા ફરી ચૂક્યો હોવાની ઉત્સાહથી વાત કરતો હતો. અમે તેને કહ્યું કે અમે પણ તેના દેશનાં ફેન્સ બની જ ગયાં છીએ. તેણે અમને વધુ ખુશ કરીને હોટલના દરવાજે ઉતાર્યાં. સામાન રૂમ પર પટકીને અમે સીધાં શોપિંગ તરફ નીકળી પડ્યાં. ખાસ તો એટલે પણ કે આટલી લાંબી ટ્રિપ પર અમે મર્યાદિત સામાન લાવેલાં. બાકી ખરીદી ત્યાંથી કરવાની હતી. અહીં કપડાં ધોવાનો નહીં, કપડાં ખરીદવાનો પ્લાન હતો. ક્યોટો સુધી અમારે સામાન મર્યાદિત જ રાખવો હતો. પણ હવે એ ફરજિયાત ન હતું. હવે અમે અહીં સાઇટસીઇંગ સાથે શોપિંગ માટે ઉત્સાહમાં આવી ગયેલાં. ત્યાં બપોર પછી પહોંચવામાં અંધારું થઈ ચૂક્યું હતું. થોડી ઠંડી પણ લાગી રહી હતી. એવામાં પહેલાં તો એક સૂપની કાફેમાં જઈને સૂપ અને રાઈસ ખાધાં. પછી થોડી સ્વીટ મોચી ગપચાવી. થોડી વારમાં મહાકાય યુનિક્લો આવી ગયું.








અહીં મોલ્સમાં પણ કાઉન્ટર પર બેઠેલી યુવતીઓ આપણે ત્યાં ફેરિયાઓ પાડે એવી બૂમો પાડીને તે દિવસની ખાસ ઓફરનું એનાઉન્સમેન્ટ કરી રહી હતી. તેના કારણે અત્યંત આધુનિક મોલમાં પણ આ જુનવાણી સેલ્સની મેથડ જરા અલગ જ માહોલ ઊભો કરી દેતી હતી. ટોક્યોમાં પણ થોડું આવું ક્યાંક સાંભળવા મળી ગયેલું, પણ અહીં યુનિક્લોમાં તો ખાસ જરા વધુપડતી જ બૂમો પડાઈ રહી હતી. વાત થોડી વિરોધાભાસી પણ લાગતી હતી. આમ એક તરફ લોકો શિસ્તના નામે ભાગ્યે જ અવાજ કરતાં, પણ આસપાસમાં સેલ્સ એનાઉન્સમેન્ટ, લાઉડ મ્યુઝિક, કાર્ટૂન્સ, પોપ મ્યુઝિક, ઘણાં સ્ટોરને અત્યંત લાઉડ બનાવી દેતું હતું.

ત્યાંથી ફરી સ્ટેશનના અન્ડરગ્રાઉન્ડને પાર કરીને અમારે બે ગલી વટાવીને હોટલ પહોંચવાનું હતું. જ્યાં પણ જાઓ, જાણે દરેક રસ્તા સ્ટેશન નીચેથી અથવા પાસેથી પસાર થતા હતા. અને કેમ ન હોય, આ સ્ટેશનનો ઇતિહાસ પણ જરા અનોખો છે. છેક ૧૮૭૪માં અહીં એક લાકડાનું સ્ટેશન હતું. આજે ત્યાં જાણે ભૂગર્ભમાં આખી દુનિયા વસે છે. અહીં એક ખાસ બાબત એ પણ ધ્યાનમાં આવી કે દરેક સમયે યંગ છોકરાઓ કે છોકરીઓનાં ઝુંડ અહીં એકદમ તૈયાર થઈને હેન્ગઆઉટ કરવા નીકળી પડ્યાં હોય તેમ દેખાતાં રહેતાં હતાં. અહીં પણ યંગ લોકોનું મનોરંજન તૈયાર થઈને સ્ટેશનનાં મોલ પર જઈને વીડિયો અને સેલ્ફી લેવામાં જ હોય તેવું લાગતું હતું. અમારાં જેવાં ટૂરિસ્ટ પણ એમાં જોડાઈ જતાં. શોપિંગ અને ખાણીપીણીની મજા પૂરતી ન હોય તેમ અહીં રૂફટોપ ગાર્ડનો પણ છે. સ્ટેશન ઘણો મોટો એરિયા કવર કરે છે. જાપાનમાં ભીડ અને જગ્યાની તંગી વચ્ચે ઘણું આર્કિટેક્ચર વર્ટિકલ જ છે. અહીં માત્ર એક નહીં, બે-ત્રણ ગાર્ડન છે. ખાસ દસમા માળનું યાવારગી નોનિવા ખાસ તેના વ્યુ માટે યાદ રહી ગયું છે. આ વિસ્તારમાં કદાચ ધારો તો પણ ચૂકી ન જવાય તેવો ૧૭ માળનો દાઈમારુ મોલ પણ અમે તે દિવસે તો બહારથી જોઈ લીધો. બધું માત્ર બહારથી જોવામાં જ ૨૫ હજાર સ્ટેપ્સ થઈ જતાં હતાં. ત્યાં અંદર જવા જેટલી એનર્જી જ નહોતી બચતી. ઓસાકામાં હજી સુમા રેસલિંગનો પણ પ્લાન હતો અને પોર્ટ જોવાનો પણ. આ શહેર ટોક્યો અને ક્યોટોના પ્રમાણમાં થોડું કોમર્શિયલ કહેવાય છે, પણ ખરું જોવા જાઓ તો યંગ જાપાન ઓસાકામાં જ આવીને વસતું હોય તેવું લાગતું હતું. ■

# કપટ



## ઇન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

**સુંદર** મજાની રમણીય અને હરિયાળી ટેકરી. નાની પહાડી જેવી. ઊંધા પડેલા થાળ જેવો સપાટ આકાર. શિખર પર લીલાંછમ વૃક્ષો. એની ટોચેથી કલકલ ઝરણું સર્પાકારે નીચે સુધી વહેતું. ટેકરી પરથી પૂર્વનો સૂર્યોદય અદભૂત અને પશ્ચિમનો સૂર્યાસ્ત આહલાદક દેખાતો. એક જ ટેકરી પરથી સનરાઈઝ પણ દેખાય અને સનસેટ પણ નિહાળી શકાય. એ જ તો વિશેષતા હતી આ ટેકરીની. ટેકરી નગરથી બહુ દૂર પણ નહીં ને બહુ નજીક પણ નહીં. કળાના કસબીઓ ટેકરી પરથી દેખાતાં ભવ્ય દ્રશ્યોને કેમેરે કંડારતાં. રજાની મજા માણવા અને કુદરતનો નજારો જોવા સહેલાણીઓ અહીં ઉમટી પડતાં.જોકે ગુલાબની સાથે કાંટો હોય એમ ટેકરીની પશ્ચિમે આવેલી એક જગ્યા જોખમી હતી. એનો ઢોળાવ. આ ઠેકાણેથી પગ લપસ્યો તો સીધા જ નીચે અને પછી ઠેઠ ઉપર! એટલે જ સપાટ ટેકરીના એ ઢોળાવવાળી જગ્યાએ ભયસૂચક સાઈન બોર્ડ પણ મુકાયેલું:

**જોખમ.. દૂર જ રહેજો!**

અત્યારે ઇન્સ્પેક્ટર કરણ બક્ષી અને ઝલક દીક્ષિત ટેકરી પર આવેલાં.ના,ના..ઉજાણી માટે નહીં. એ તો આવેલા એક મૃત્યુની તપાસ માટે. પેલી ચેતવણીને કોકે હસવામાં કાઢી નાખેલી અને ઉપરથી નીચે પડેલી. કોઈ કાર્તિકનો ફોન આવેલો. કરણના કાનમાં એ શબ્દો ગુંજવા લાગ્યા:

‘ઇન્સ્પેક્ટર સાહેબ, મોરલી...મારી મોરલી પહાડી પરથી નીચે પડી ગઈ છે! તમે જલ્દી આવો!’

એટલે કરણ અને ઝલક ટેકરી પર આવ્યા. નામ ટેકરી, પણ આ તો ઊંચી પહાડી હતી. અહીંથી કોઈ પડે તો બચવાની શક્યતા જ નહોતી. બંને ટેકરીની ભવ્યતા નિહાળી રહ્યા હતા એટલામાં એક યુવાન દોડતો આવ્યો :

‘હું કાર્તિક, મેં જ આપને ફોન કરેલો.’

કરણ અને ઝલક એને જોઈ રહ્યા. પહેલી દ્રષ્ટિએ સોહામણો લાગતો હતો એ. પણ ચહેરા પર થાક. આંખમાં ફિકાશ. જાણે લોહી સુકાઈ ગયું હોય. કપડાં ચોળાઈ ગયેલાં.

‘સાહેબ, મોરલી...’ કાર્તિકની આંખમાં આંસુ ધસી આવ્યાં. પેલી મનહૂસ જગ્યા ભણી આંગળી ચીંધતાં કહ્યું :

‘મારી મોરલી અહીંથી લપસી ગઈ..!’

કરણ અને ઝલક એ જગ્યાએ ગયા. સાથે કાર્તિક પણ હતો: ‘જુઓ સાહેબ, અહીંથી એનો પગ લપસ્યો. અને એ નીચે..મારી નજર સામે જ નીચે પડી!’

કરણ અને ઝલકે ઉપરથી નીચે જોયું. ટેકરી પરની માટી લીસી હતી. સાચવીને ન ચાલીએ તો લપસણી માટીમાં લપસી જ જવાય. ચીકણી માટીમાં મોરલીનો પગ લપસ્યો હશે અને અહીંથી પડી હશે. બચવાની શક્યતા નહીંવત હતી. કરણ અને ઝલક ટેકરીની એક બાજુએથી વૃક્ષ અને ઝાડીઓને ટેકે ટેકે નીચે ઊતરવા લાગ્યા. ટ્રેનિંગમાં લીધેલી તાલીમ કામ લાગી. વચ્ચે થોડો કાદવ કીચડ પણ થઇ ગયેલો. ક્યાંક ક્યાંક કપડાં પણ ખરડાયાં. પણ છેવટે નીચે પહોંચી જ ગયા. નીચે મોરલીનો મૃતદેહ પડ્યો હતો. બાજુમાં જ કેનવાસનું બોર્ડ જેને પેઇન્ટર્સ પેલેટ કહે છે તે, એ કેનવાસ બોર્ડ જેના પર ભેરવવાનું હોય છે તે એલ્યુમિનિયમ એઝલ સ્ટેન્ડ ટ્રાઈપોડ, ઓઈલ પેઈન્ટ અને એક્રેલિક કલર્સ તથા ત્રણ ચાર જાતની જાડીપાતળી રંગ કરવાની પીંછીઓ.

ઝલકે મોરલીને જોઈ. એ ઊંધે માથે પડેલી. પિરોજી રંગનો ડ્રેસ પહેરેલો. પીઠ પર લાંબા વાળ પથરાયેલા. ઝલકે એને સીધી કરી . માસૂમ, મોહક હતી મોરલી. મોરલી ખરેખર મોરલી જેવી જ હતી. આ મોરલીની ધૂન પર તો નાગ પણ ડોલી ઊઠે! જે આંખની ગહેરાઈમાં ડૂબી જવાનું મન થાય એ આંખ અત્યારે સ્થિર થઇ ગયેલી. પ્રાણ વિનાની. ઝાડીઓ વચ્ચેથી પડવાને કારણે હાથ પર થોડા ઉઝરડા થયેલા. કપડાં ક્યાંક ક્યાંક ફાટી ગયેલાં. મૃતદેહ પર બીજાં કોઈ નિશાન નહોતાં. મરણ ત્રણેક કલાક પહેલાં થયું હોવું જોઈએ...

ઝલકે ઘડિયાળમાં જોયું. અત્યારે સવારના સાડા આઠ વાગેલા. એ સમયે કરણ ચિત્રકામનાં સાધનો તપાસી રહ્યો હતો.

એલ્યુમિનિયમનું ટ્રાઈપોડ નવુંનક્કોર જણાયું. કરણે સ્ટેન્ડ ફરતે વીંટળાયેલી પ્લાસ્ટિક પટ્ટીઓ ખોલી. એડ્જેસ્ટેબલ સ્ટેન્ડ હતું. એમાં એક ઠેકાણે ચાકી દેખાઈ. ચાકી ફેરવીને સ્ટેન્ડ જેટલી ઊંચાઈએ ગોઠવવું હોય એ મુજબ ગોઠવી શકાય એવી વ્યવસ્થા હતી. કરણે ટ્રાઈપોડના જોડાયેલા ત્રણ પગ ધીમે ધીમે ખોલ્યા. એમાં કોઈ ડાઘ પડેલા નહોતા. કોઈ ઘસરકા પણ નહીં. રંગોનું બોક્સ હજુ અકબંધ હતું. બાજુમાં પડેલી પીંછીઓ જમીનની ધૂળમાં રગદોળાયેલી.

સઘળું નિરીક્ષણ કરીને કરણ અને ઝલક ફરી ટેકરી પર આવ્યા. કાર્તિક ત્યાં જ ઊભો હતો. કરણને જોઇને બોલવા લાગ્યો:

‘સાહેબ, મેં તો મોરલીને આ ઢોળાવ પાસે જવાની જ ના પાડેલી. પણ એણે મારું ન સાંભળ્યું. અને...!’ કહેતાં કાર્તિક રડી પડ્યો.

‘કાર્તિક, મને શરૂઆતથી આખી વાત કરો... કરણ બોલ્યો.’

‘સાહેબ, હું અને મોરલી ચિત્રકાર છીએ. આવતા મહિને યોજાનારી રાષ્ટ્રીય સ્પર્ધા માટે એક ચિત્ર બનાવવાના હેતુથી અમે અહીં આવેલા...’ કાર્તિક આંસુ લૂછતાં કહેવા લાગ્યો:

‘અમે આખો દિવસ અહીં જ રહેવાના હતા. મોરલી સૂર્યોદયનું ચિત્ર બનાવવાની હતી અને હું સૂર્યાસ્તનું. અમે કાલે જ ચિત્રકામ માટેનું સ્ટેન્ડ અને કેનવાસ બોર્ડ પણ લઇ આવેલાં.’

‘અહીં આવવાનું સૂચન કોનું હતું...’ કરણે પૂછ્યું: તમારું કે મોરલીનું?

‘સૂચન તો મારું જ હતું.’ કાર્તિક બોલ્યો: ‘મેં જ કહેલું કે એ સૂર્યોદયનું ચિત્ર બનાવે. કાશ! મેં એવું સૂચન ન કર્યું હોત!’

‘હં, એટલે તમે સવારે વહેલાં આવ્યાં હશો!’ ઝલક બોલી.

‘હા, અમે સવારે પાંચ વાગે અહીં આવી ગયેલાં..’ કાર્તિક બોલ્યો: ‘પાંચ વાગ્યાનું વાતાવરણ અત્યંત મનોહર હતું. મોરલી તો મોરની જેમ જ થનગનાટ કરવા લાગેલી. સૂર્યોદય સાડા પાંચ આસપાસ થાય છે એટલે મોરલી ટ્રાઈપોડ ક્યાં ગોઠવવું એનો વિચાર કરવા લાગી. ટેકરી પરના બે- ત્રણ સ્પોટ જોયા પછી એ આ બાજુ આવી...’ કરણે પેલા જોખમી ઢોળાવ ભણી ઈશારો કર્યો:

‘મેં એને કહ્યું કે અહીં તો ભયસૂચક ચેતવણી લખેલી છે. એ બાજુ ન જા. પણ એ ન માની.અને...’ કાર્તિકે હોઠ ભીડી દીધા.મોરલીના મૃત્યુ જેવી અમંગળ ઘટના અંગે એ હરફ સુદ્ધાં ઉચ્ચારવા માંગતો નહોતો.

‘એટલે મોરલી આ બાજુ આવી એમ ને?’ કરણ બોલ્યો: પછી એણે સ્ટેન્ડ ગોઠવ્યું?

‘હા, સાહેબ...’ કાર્તિક થોડો સ્વસ્થ થયો. ખોંખારો ખાઈને કહેવા લાગ્યો:

સવા પાંચ તો થઇ ગયેલા. સૂર્ય ઊગવામાં જ હતો. એટલે મોરલીએ ચિત્રકામનાં સાધનો કાઢ્યાં. સ્ટેન્ડ, કેનવાસ બોર્ડ, રંગ અને પીંછીઓ. પછી સ્ટેન્ડ ગોઠવવા લાગી. ઢોળાવની નજીક જવા લાગી. મેં એને રોકી. વધુ આગળ જવાની ના પાડી. પણ એ મારી કોઈ વાત કાને ધરતી જ નહોતી. કહીને કાર્તિક અટક્યો.

‘તમે મને બતાવશો કે એણે સ્ટેન્ડ ક્યાં ગોઠવેલું?’ કરણે કહ્યું. એટલે કાર્તિક જગ્યા બતાવવા લાગ્યો. ઢોળાવની પાસે જ્યાં ચેતવણીનું બોર્ડ હતું ત્યાં સુધી જઈને કહેવા લાગ્યો:

‘જુઓ, અહીંથી પણ આગળ..છેક આગળ..!’

ઝલક અને કરણે જોયું કે કાર્તિક જે જગ્યાનો નિર્દેશ કરતો હતો ત્યાં તો ટેકરીની ધાર આવી ગયેલી. ત્યાં માટી પણ ખૂબ ચીકણી હતી.અહીંથી પગ લપસે તો...

‘સાહેબ, અહીંથી જ મોરલીનો પગ લપસ્યો...’ કાર્તિક કહેવા લાગ્યો: મેં એને ના પાડી છતાં એ ત્યાં ગઈ. સ્ટેન્ડ ગોઠવ્યું. સ્ટેન્ડની ઊંચાઈ એડજસ્ટ કરવા ચાકી ખોલવા નીચી નમી અને અચાનક... અચાનક એનો પગ લપસ્યો. સીધી નીચે જઈ પડી..

‘એ વખતે અહીં કોઈ હાજર હતું?’ કરણે પૂછ્યું:

‘કોઈએ મોરલીને પડતાં જોયેલી?’

‘ના, સાહેબ...કાર્તિક બોલ્યો:’ એ સમયે તો અંધારું હતું. એટલું વહેલું કોણ આવે?

‘એ તકનો લાભ લઈને તમે મોરલીને ધક્કો મારી દીધો, કેમ?’ કરણે કાર્તિક પર સીધો જ આરોપ મૂક્યો

‘અરે, સાહેબ...’ કાર્તિક ચોંક્યો. રોષભર્યા અવાજે કહેવા લાગ્યો: જો મારે એને ધક્કો મારવો હોત તો હું ધક્કો મારીને નાસી છૂટત. તમને ફોન શા માટે કરત?

‘એ એટલા માટે કે મોરલીના ખૂનનો આરોપ તમારા માથે ન આવે, કાર્તિક!’

કરણના અવાજમાં કારમી ઠંડક હતી કે કરડાકી એ કાર્તિકને ન સમજાયું. ચોપાટના અઠંગ ખેલાડીની અદાથી એ બોલ્યો:

‘માત્ર આરોપ મૂકવાથી તમે મારું કાંઈ બગાડી નહીં શકો. આરોપ પુરવાર કરવો પડશે!’

‘તો સાંભળો, શ્રીમાન કાર્તિક...’ કરણે તર્કબદ્ધ રીતે કહેવાનું શરૂ કર્યું:

પહેલો મુદ્દો, તમારા મનમાં પહેલેથી જ કપટ હતુંએટલે જ મોરલીને તમે અહીં લઇ આવ્યા. બીજો મુદ્દો, મોરલી ટ્રાઈપોડ ગોઠવતી હોય તો એ સ્ટેન્ડના ત્રણ પગ ફેલાયેલા હોવા જોઈએ, પણ અમે તપાસ કરી ત્યારે સ્ટેન્ડ ફરતે વીંટાળેલી પટ્ટીઓ પણ અકબંધ હતી. દુકાનમાંથી લાવ્યા હશો તેવી જ. મોરલીએ સ્ટેન્ડ ગોઠવવું હોય તો પહેલાં એ પટ્ટીઓ ખોલવી પડે. પટ્ટીઓ જ ન ખોલી હોય ત્યારે ટ્રાઈપોડના પગ ફેલાવવાનું તો અશક્ય જ છે!’

‘કદાચ... કદાચ...’ કાર્તિકની જીભ લોચા વાળવા લાગી. એનો આત્મવિશ્વાસ પણ ઓસરવા લાગ્યો:

‘કદાચ એવું બને કે મોરલી સ્ટેન્ડ એક બાજુ મૂકીને પહેલાં સ્પોટ જોઈ લેવા માંગતી હોય!’

તમે જ કહેલું કે મોરલી સ્ટેન્ડ ગોઠવતી હતી ત્યારે ચાકી ખોલવા નીચે વળી અને અચાનક નીચે પડી.... કરણે માર્મિક સ્મિત કર્યું:

એટલી વારમાં ભૂલી ગયા?

અંધારું હતું એટલે મારી કદાચ જોવામાં ભૂલ થઇ હોય.. કાર્તિકે બુઠ્ઠું હથિયાર અજમાવી જોયું. અતાર્કિક દલીલ કરવા લાગ્યો:

શક્ય છે કે મોરલીએ આપઘાત કર્યો હોય!

કરણ અને ઝલક પળેપળે રંગ બદલતાં આ કાંચીડાને જોઈ રહ્યા. એ કહી રહ્યો હતો:

‘મોરલીના મનમાં શું હોય કોણે ખબર? એવું પણ બને કે અહીં આવવાનું નક્કી થયું હોય ત્યારે જ એણે આત્મહત્યા કરવાનું નક્કી કરી લીધું હોય! પણ એને કારણે તમે મારા પર આરોપ ન મૂકી શકો!’

‘મારી વાત પૂરી થાય એ પહેલાં જ તમે બોલવા લાગ્યા...’ કરણ શતરંજનો કુશળ ખેલાડી હતો. કાર્તિકને ચેકમેટ કરતાં બોલ્યો:

‘ત્રીજો મુદ્દો એ કે જો કોઈએ આપઘાત કરવો હોય તો સીધું પડતું જ મૂકે. સાથે સ્ટેન્ડ, પીંછીઓ અને રંગ લઈને ન કૂદી પડે. એટલે મોરલીના આપઘાતની શક્યતા પર આપોઆપ ચોકડી મુકાઈ જાય છે. તમે મોરલીને ધક્કો માર્યો અને પાછળ ચિત્રકામનાં સાધનો પણ નીચે નાખી દીધાં. હવે ચોથો અને સૌથી અગત્યનો મુદ્દો!’ કહીને કરણ રોકાયો. કાર્તિકની આંખમાં આંખ પરોવીને બોલ્યો:

તમે કહેલું કે મોરલી સૂર્યોદયનું ચિત્ર બનાવવાની હતી અને તમે સૂર્યાસ્તનું, બરાબર?

‘હા,એમ જ હતું.’ કાર્તિકનું જોમ ઓસરી ગયેલું.

‘એ જ બાબત તમારી વિરુદ્ધ જાય છે, કાર્તિક...’ કરણે કાર્તિકના પગ તળેથી જાજમ ખેંચી લીધી:

આ ટેકરી પર જે જોખમી ઢોળાવ છે એ પશ્ચિમમાં છે. એટલે સૂર્યોદયનું ચિત્ર બનાવવા મોરલી પૂર્વ દિશામાં જાય, પશ્ચિમમાં નહીં. પણ મોરલી પશ્ચિમમાં ગઈ એનો અર્થ એમ થાય કે તમે એને ત્યાં લઇ ગયા. અને પછી મોકો જોઇને ધક્કો મારી દીધો. બોલો, ખરું કે ખોટું?

‘હા, હું ગુનો કબૂલ કરું છું.’ બચવાની બધી બારીઓ બંધ થઇ જતાં કાર્તિકે ગુનો કબૂલી લીધો:

‘મોરલી ખૂબ સારી ચિત્રકાર હતી.

મારાથી તો લાખ દરજ્જે સારી. એ ચિત્રસ્પર્ધામાં ચિત્ર મોકલે તો મારો કોઈ ભાવ પણ ન પૂછે. એટલે મેં એને સ્પર્ધામાંથી દૂર કરવા એનું કાસળ કાઢવાનું નક્કી કર્યું. સાથે ચિત્ર બનાવવાના બહાને એને બોલાવી. એ મારા મનનું કપટ ક્યાંથી જાણે! સાથે આવવા તૈયાર થઇ ગઈ. હું વાતવાતમાં એને આ ઢોળાવ સુધી લઇ આવ્યો. અને તક જોઇને ધક્કો મારી દીધો.’

કરણે કાર્તિકને હાથકડી પહેરાવી ત્યારે ઝલક બોલી:

‘બીજાની લીટી ભૂંસવાને બદલે પોતાની લીટી લાંબી કરવાનું શીખતા હો તો આવો દા’ડો જોવો ન પડે!’ ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

સ્થાપત્યનું વાઈ-ફાઈ

# ઓટલો - આવાસનું એક સામાજિક અંગ

હેમંત વાળા feedback@bombaysamachar.com

**સ્થાપત્યની** દ્રષ્ટિએ આવાસની રચનામાં ઓટલો એ એટલી અગત્યની ઘટના નથી, પણ સામાજિક પરિપ્રેક્ષ્યમાં તે એક અનોખી હાજરી છે. ઓટલા થકી આવાસને જાણે એક ચહેરો મળે છે.

આવાસનો રસ્તા તરફનો, પોળ તરફનો ખુલ્લો ભાગ એટલે ઓટલો. તેની અને પોળ વચ્ચે કોઈ આડાશ ન હોય, અર્થાત ઓટલાની જે બાજુ પોળ તરફ હોય ત્યાં દીવાલ ન હોય. એ સિવાયની ઓટલાની એક બાજુ, ઘર તરફની દીવાલમાં ઘરનું પ્રવેશદ્વાર હોય, અને સાથે ત્યાં બારીઓ પણ હોઈ શકે. બાકીની બે બાજુની પરિસ્થિતિ સંજોગો પ્રમાણે નક્કી થાય.

પરંપરાગત પોળના આવાસનો ઓટલો એટલે એક વિશેષ પ્રકારની સામાજિક ઘટના. આ ઓટલો સામાન્ય રીતે ત્રણ ફૂટ જેટલી ઊંચાઈનો બનાવાતો. આનાથી સમગ્ર આવાસનું તળ ઊંચું રહે અને પોળ પર અવરજવર હોવા છતાં કંઈક ગોપનીયતા જળવાઈ રહે. આ ઓટલાની પહોળાઈ એક વ્યક્તિને બેસવા માટે જરૂરી માપ પ્રમાણે નિર્ધારિત થતી, જે સામાન્યતઃ અઢીથી ત્રણ ફૂટ જેટલી રહે. તેની લંબાઈ આવાસના પહોળાઈ જેટલી કે તેનાથી ઓછી પણ હોઈ શકે. ઓટલો પહોળો હોય તો આવાસની માળખાગત રચના અનુસાર તેની ધારે થાંભલા પણ હોઈ શકે. વળી આવાસના પ્રવેશ માટેનાં પગથિયાં પણ ઓટલાની અંદર જ સમાવી લેવાયાં હોય. સામાન્ય રીતે આવાસનો ઉપરના માળનો ભાગ પોળ તરફ નીકળેલો - ઝૂલતો હોવાથી તે ઓટલાની બહારની ધારથી પણ આગળ નીકળે અને ઓટલાને વધારે સમય માટે સીધાં સૂર્ય પ્રકાશનાં કિરણો સામે રક્ષણ મળે. પોળમાં પવનની આવનજાવન ‘ટનલ ઈફેક્ટ’ પ્રમાણે રહેતી હોવાથી આ ઓટલા પર પવન ઇચ્છનીય માત્રામાં મળી રહે. આવાસનો ઉપરનો માળ બહાર નીકળતો હોવાથી ઓટલાને વરસાદથી પણ રક્ષણ મળે. આ બધાં કારણોસર ઓટલો લગભગ બારેમાસ, આખો દિવસ સરળતાથી ઉપયોગમાં લઈ શકાય.

ઓટલો એ આવાસનું મહત્ત્વનું સામાજિક અંગ છે. આવાસમાં રહેનાર વ્યક્તિઓનો આજુબાજુના રહેવાસીઓ - પાડોશીઓ સાથેનો સંબંધ આ ઓટલાથી જ નીખરે. અહીં જ નવરાશના સમયે લોકો ભેગાં થઈ અર્થસભર કે અર્થહીન વાતો કરે. ‘ચાર મળે ચોટલા..’ કહેવત પણ ઓટલાને આધારિત જ છે. અહીં બેઠાં બેઠાં પોળની અવરજવર - ચહલપહલ વિશે માહિતગાર રહી શકાય. અહીંથી જ પોળમાં રમતાં બાળકો પર નજર રાખી શકાય. રાત્રે વાળું પછીના સમયગાળામાં આ ઓટલાનું સામાજિક મહત્ત્વ સૌથી વધી જાય. આ સમયે આબોહવા પણ સૌથી વધુ અનુકૂળ હોય અને પોળના રહેવાસીઓ પાસે ફાજલ સમય પણ પૂરતો હોય.પરંપરાગત ગરમ સૂકી આબોહવાવાળા વિસ્તારમાં પોળ સાંકડી રહેતી અને તેથી ઓટલાની પહોળાઈ પણ ઓછી રહેતી. તો ઉદવાડા જેવી ગરમ ભેજવાળી આબોહવાવાળા આવાસનો ઓટલો વિસ્તૃત બનાવાતો. ચરમ આબોહવાવાળા વિસ્તારમાં આવાસની ચારે તરફ, ક્યારે છત





આચ્છાદિત, ઓટલો બનાવાતો.

ઓટલો જેમ સામાજિક મહત્ત્વ ધરાવે છે એમ તે કેટલીક વ્યક્તિગત પ્રવૃત્તિઓ માટેનું મહત્ત્વનું સ્થાન છે. સવારમાં દાંતણ કરવું, છાપુ વાંચવું, સૂપડું ઝાપટવું, કપડાં સૂકવવા, બાળકો દ્વારા લેશન પતાવવું કે બેઠાડુ રમત રમવી, બહાર બેઠાં બેઠાં વિશેષ પ્રકારની હોબી વિકસાવવી, આવાસની અંદરની તેમજ બહારની પ્રવૃત્તિ વચ્ચેનો સંબંધ નિયંત્રિત કરવો, આબોહવાનાં અનુકૂળ પરિબળોને માણવા, અને તે બધા સાથે આવાસની અંદર નજર રાખવી. આ અને આવી અનેક વ્યક્તિગત પ્રવૃત્તિઓ માટે ઓટલો પસંદગીનું સ્થાન બની રહે. તે ઉપરાંત અમુક વ્યક્તિઓ દ્વારા રાત્રે સૂવા માટે ઓટલાની ખાસ પસંદગી થતી હોય છે.

એક રીતે જોતાં ઓટલો એ આવાસનો પોળ તરફ વિસ્તરતો ભાગ છે તો અન્ય દ્રષ્ટિકોણ પ્રમાણે તે પોળનો આવાસ સાથે સંપર્ક સાધતો, સ્થાપતો હિસ્સો છે. આમ તે આવાસનો ભાગ પણ ગણાય અને પોળનો ભાગ પણ. વાસ્તવમાં ઓટલો એ અંતરાળ છે. તે એક સંક્રામક હિસ્સો છે જે પોળને આવાસથી જોડે છે. તે આવાસની કેટલીક બાબતોને બહાર આવવા દે છે તો સાથે સાથે શહેરની વ્યાપકતા અને સામૂહિકતાને આવાસના દ્વાર સુધી લઈ આવે છે. આવાસ અને પોળ પરસ્પર એકબીજા સાથે ઓટલા થકી સંકળાય છે. પોળ અને આવાસ વચ્ચેના સંવાદમાં ઓટલો એ મધ્યસ્થ છે. જેવો ઓટલો એવો આ સંવાદ. વિસ્તૃત તેમજ રક્ષિત ઓટલો આ સંવાદ વધુ દ્રઢ પણ બનાવી શકે. ઓટલા વિનાની પોળ પોળ ન રહેતાં માત્ર આવનજાવન માટેની તકનીકી ગોઠવણ બની રહે. ઓટલા થકી જ પોળને જીવંતતા મળે. ઓટલો એ પોળનો આત્મા છે. ઓટલો એ પોળની સામાજિકતાને ઝીલતો ધબકાર છે. ઓટલા પરનું જીવન આવાસનું જીવન ન રહેતા પોળનું જીવન બની રહે. ઓટલાનો ફાળો આવી સામાજિકતામાં પસંદગીલક્ષી તો રહે જ.

ઓટલો એ આવાસની સીમા નક્કી કરતું અંગ છે. સમય પસાર કરવાં માટે ખાસ મદદગાર થતો ઓટલો આજના સમયમાં ક્યાંક લુપ્ત થતો જાય છે. કાયદા પ્રમાણે આવાસના આગળના ભાગમાં રાખવી પડતી બાંધકામ મુક્ત જગ્યા, સામાજિક સંબંધોનું બદલાયેલું સમીકરણ, ગોપનીયતાની બદલાતી વ્યાખ્યા, સ્વકેન્દ્રીત થતી જીવનશૈલી, અતિશય વ્યસ્તતાને કારણે લગભગ લુપ્ત થઈ ગયેલો ફાજલ સમય, સમય પસાર કરવા માટે મળી ગયેલાં કેટલાંક ઉપકરણો તથા વ્યક્તિનો બદલાઈ ગયેલો અગ્રતાક્રમ, આ પરિસ્થિતિને કારણે ઓટલો લગભગ અસાંદર્ભિક બની રહ્યો છે. આમ પણ ગોપનીયતા અને સામાજિકતા વચ્ચેનું નાજુક સંતુલન પણ ખોરવાતું જાય છે. હવે તો બારણાં પણ સામસામે નથી રખાતાં. આ અભિગમ જેમ જેમ દ્રઢ થતો ગયો તેમ તેમ ઓટલો અપ્રસ્તુત બનતો ગયો. સામાજિક ઓટલાના સ્થાને હવે કૌટુંબિક વરંડો મહત્ત્વનો બનતો જાય છે.

એક સમયની સામાજિક જીવંતતાના પ્રતીક સમો ઓટલો ક્યાંક ઇતિહાસમાં ખોવાય તો નહીં જાય ને. આવાસની એક સમયની આ સમૃદ્ધ સામાજિક ઘટના ક્યાંક માત્ર ‘ડોક્યુમેન્ટરી’નો ભાગ તો નહીં બની રહે ને. ■



## એક નજર ઈધર ભી...

# કેમ્બ્રિજનો ધ મેથેમેટિકલ બ્રિજ

### સેતુ - પુલ બ્રિજ... યાત્રા સુગમ બનાવવા ઉપરાંત માનવ વિકાસમાં નિમિત્ત બને છે

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

**બ્રિટનના** કેમ્બ્રિજનું નામ પડતાં જ પહેલા ‘કેમ્બ્રિજ યુનિવર્સિટી’નું સ્મરણ થાય એવો એનો મહિમા છે. કેમ્બ્રિજમાં ‘પન્ટિંગ ટૂર’ જાણીતી છે. કેમ નામની નદીમાં પરંપરાગત લાકડાની હોડીમાં બેસી ગાઈડ સાથેની યાત્રાનો લાભ શિક્ષણ માટે સ્નેહ ધરાવતા લોકોએ અવશ્ય લેવો જોઈએ. પોણો કલાકની શૈક્ષણિક યાત્રા દરમિયાન ભણતા ભણતા અઠવાડિયામાં બે દિવસ હોડીને હંકારવાનું કામ કરતા ૧૮ - ૨૦ વર્ષના વિદ્યાર્થી અને વિદ્યાર્થિની શારીરિક શ્રમ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ વિશે તલસ્પર્શી માહિતી આપતા હોય છે.

**મેથેમેટિક્સ બ્રિજઃ**

એક ભોળપણવાળું બાળપણ હતું , જેમાં વાર્તા શ્રવણ મહત્ત્વનો હિસ્સો હતું. છકો મકો- મિયાં ફૂસકી -બકોર પટેલ તેમજ ગિજુભાઈ બધેકાની બાળવાર્તા સાથે રામાયણની કેટલીક કથા સાંભળવામાં મોજ પડતી અને રાવણ પર વિજય પ્રાપ્ત કરવા લંકા જવા વાનરસેનાએ તરતા પથ્થરોથી રામ સેતુ બાંધ્યો એ કથા હેરત પમાડતી. મુગ્ધાવસ્થામાં દુષ્યંત કુમારની **तू किसी रेल – सी गुज़रती है, मैं किसी पुल – सा थरथराता हूँ** પંક્તિ રોમાંચિત કરતી અને આપણા ભૂપેન હઝારીકા સેતુ ઉપરાંત સિડનીનો હાર્બર બ્રિજ, યુએસનો ગોલ્ડન ગેટ બ્રિજ સહિત અનેક પુલની વાતોથી પુલની મહત્તા સમજાણી. કેમ્બ્રિજના ‘ધ મેથેમેટિક્સ બ્રિજ’ની યાત્રા ગ્લેમરસ નથી, પણ જ્ઞાનવર્ધક જરૂર છે.

૫૦ ફૂટ ૮ ઈંચ લંબાઈનો આ બ્રિજ ‘મેથેમેટિક્સ બ્રિજ’ નામથી પ્રખ્યાત છે. જોકે, બ્રિજનું કોઈ સત્તાવાર નામ નથી. ’ક્વીન્સ બ્રિજ’ અથવા ‘એસેક્સબ્રિજ’ તરીકે પણ એનો ઉલ્લેખ જોવા મળે છે. આ બંને નામ વ્યક્તિલક્ષી છે જ્યારે મેથેમેટિક્સ બ્રિજ નામ એના અર્થ અનુસાર ગણિત સાથે નાતો ધરાવે છે. ગણિતમાં રુચિ હશે તો Tangent (સ્પર્શ રેખા) અને Radius (વર્તુળની ત્રિજ્યા)થી વાકેફ હશો. બ્રિજની ડિઝાઈન તૈયાર કરતી વખતે વિલિયમ એથરિજ નામના પ્રોજેક્ટ મેનેજરે બહુ ચીવટ રાખી હતી. લાકડું જેટલું સીધું એટલું વધુ મજબૂત રહે. આ ગુણધર્મને ધ્યાનમાં રાખી મિસ્ટર એથરીજે લાકડાની સીધી પટ્ટીનો જ ઉપયોગ કર્યો છે. આમ આખો બ્રિજ આડી - ઊભી લાકડાની પટ્ટીઓથી તૈયાર થયો છે. આડી લાંબી પટ્ટીઓ સ્પર્શ રેખા અને ઊભી નાની પટ્ટીઓ ત્રિજ્યાની યાદ અપાવે છે. ડિઝાઈનમાં એ વાતની તકેદારી રાખી છે કે જો કોઈ પણ હિસ્સો બદલવાની જરૂર પડે તો બ્રિજના અન્ય કોઈ પણ હિસ્સાને છૂટો પાડ્યા વિના એટલો ભાગ બદલવાનું કામ થઈ શકે છે. ૧૭૪૯માં તૈયાર થયેલા આ બ્રિજનું સમારકામ ૧૮૬૬માં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૯૦૫માં મૂળ ડિઝાઈન જાળવી રાખી ટિકવૂડ (સાગનું લાકડું)ને બદલે ઓકવૂડ(ઈમારતી લાકડું) વાપરવામાં આવ્યું હતું. ત્યારથી આજ દિન સુધી અડીખમ ઊભો છે અને દરરોજ એના પર અવરજવર થયા કરે છે અને અનેક સપનાં આકાર લે છે.



એકવીસમી સદીમાં લાકડાનો પુલ



બ્રહ્માંડનાં રહસ્યોના ઉપાસક હોકિંગની ઓફિસ

**કેમ્બ્રિજમાં તૈયાર થયેલા વૈજ્ઞાનિકોઃ**

અમારી બોટ યાત્રા દરમિયાન વિવિધ શૈક્ષણિક ઈમારતોનું દર્શન થયું એમાં ટ્રિનિટી કોલેજ, કિંગ્સ કોલેજ, સેન્ટ જોન્સ કોલેજ, ‘ક્રાઈસ્ટસ કોલેજ’ તેમજ ક્વીન્સ કોલેજ પ્રમુખ શિક્ષણ સંસ્થાઓ હતી. આ કોલેજોમાં વિશ્વ વિખ્યાત વ્યક્તિઓએ અભ્યાસ કરી શિક્ષણ ક્ષેત્રે અનેરી ઊંચાઈ હાંસિલ કરી વિશ્વના વિકાસમાં મહામૂલું યોગદાન આપ્યું છે.

મુંબઈમાં ‘અમિતાભનો પ્રતીક્ષા બંગલો’ અને હૈદરાબાદમાં ’રામોજી સ્ટુડિયો’ કે પછી યુએસમાં હોલિવૂડ સ્ટુડિયોની ટૂર વખતે આંખો અંજાઈ જાય અને મનમાં આનંદ આનંદ થાય એ સ્વાભાવિક છે. એમાં કશું અજુગતું નથી, પણ આઈઝેક ન્યૂટન, ચાર્લ્સ ડાર્વિન, સ્ટીફન હોકિંગ જેવા જગવિખ્યાત વૈજ્ઞાનિકો કે પછી જોન કીટ્સ જેવા ઉમદા કવિ જે કોલેજમાં ભણ્યા હતા એના દર્શનથી કોઈ ગ્લેમરસ અનુભવ ભલે ન થાય, પણ એ જોઈ અંતરમાં ઉમળકો જાગે અને વિશ્વને કશુંક આપવામાં નિમિત્ત બનવાના અભરખા જાગે તો એનાથી બીજું રૂડું શું?

**આઈઝેક ન્યૂટનઃ**

‘આઈઝેક ન્યૂટનએ અહીં વિદ્યાભ્યાસ કર્યો હતો, ટ્રિનિટી કોલેજ’, ગાઈડે કહ્યું અને બધા એકીટસે કોલેજને જોવા લાગ્યા. ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત અને ગતિના નિયમો (લોઝ ઓફ મોશન) ન્યૂટનના સૌથી મહત્ત્વનાં યોગદાન છે. ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતે સમજાવ્યું કે ગુરુત્વાકર્ષણ ન હોય તો પૃથ્વી પર વાતાવરણ જ ટકે નહીં અને જો વાતાવરણ ન હોય તો મનુષ્ય જીવન સંભવ છે ખરું ? ન્યૂટનના ગતિના ત્રણ નિયમ સમજવાથી ધરતી પર થતી હલનચલનની સમજણ વિકસે છે. સમયના અભાવે પ્રત્યક્ષ જોવા ન મળ્યો, પણ કોલેજના વિશાળ પ્રાંગણમાં આવેલા વાઈટહોલ ગાર્ડન્સનો એક હિસ્સો ’ન્યૂટન્સ ઓર્ચાર્ડ’ તરીકે પ્રખ્યાત છે એ જાણવા મળ્યું. અહીં ટહેલતી વખતે ’ઝાડ પરથી સફરજન નીચે પડ્યું, ઉપર કેમ ન ગયું?’ એવો સવાલ એના મનમાં સળવળ્યો અને જગતને ગુરુત્વાકર્ષણના નિયમની ભેટ મળી.

**ચાર્લ્સ ડાર્વિનઃ**

‘આ જમણી બાજુ દેખાય એ ‘ક્રાઈસ્ટ્સ કોલેજ’ એમ કહેવામાં આવ્યું ત્યારે વધુ એક કોલેજ જોઈ એથી વિશેષ કોઈ લાગણી ન થઈ. જોકે, બોટમાં સાથે બેઠેલા સહેલાણીએ કહ્યું કે’ ચાર્લ્સ ડાર્વિનનું શિક્ષણ અહીં થયું હતું’ ત્યારે એ કોલેજને ધ્યાનથી નીરખવાની ઈચ્છા થઈ. ‘થિયરી ઓફ ઈવોલ્યુશન’ (વાનરમાંથી માણસ કેવી રીતે બન્યો) અને ‘સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ’ (પરિસ્થિતિ અનુસાર બદલાનારા જ ટકી શકશે) જેવા બે મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતની જગતને ભેટ આપનારા ડાર્વિન ૧૮૩૧માં આ કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયા હતા. હકીકત એ છે કે એમના મોટાભાગના સિદ્ધાંત કેમ્બ્રિજ યુનિવર્સિટી છોડ્યા પછી વિકસ્યા હતા પણ ગાઈડે આપેલી જાણકારી અનુસાર કોલેજના પરિસરમાં આવેલા બોટનિકલ ગાર્ડનમાં લટાર મારવાથી માનવીય લક્ષણો અંગેના એમના ક્રાંતિકારી સિદ્ધાંતના બીજ આ ગાર્ડનમાં જ રોપાયા હશે એવો વિચાર સહેજે આવી જાય છે.

**સ્ટીફન હોકિંગઃ**

‘ધીસ ઈઝ ધ કોલેજ વ્હેર સ્ટીફન હોકિંગ સ્ટડીડ’ વાક્ય કાન પર પડતા જ બધ્ધી આંખો ‘ટ્રિનિટી કોલેજ’ને તાકવા લાગી. સામાન્ય માનવીને પલ્લે ન પડે એવા ભારેખમ ‘કોસ્મોલોજી અને થિયોરેટિકલ ફિઝિક્સ’ જેવા વિષયોનું અધ્યયન કરનારા સ્ટીફન અંકલએ બ્રહ્માંડના રહસ્યોનો તાગ મેળવવામાં જિંદગી ખર્ચી કાઢી. ‘બ્લેક હોલ્સ’ તેમજ ‘ગ્રેવિટેશનલ વેવ્ઝ’ જેવા વિષયોમાં સઘન સંશોધન કરી માનવજાતની દ્રષ્ટિ વિકસાવવામાં તેમનો અમૂલ્ય ફાળો છે. સ્ટીફન હોકિંગ વિશે ખાસ્સું અધ્યયન કરનારા એક સહેલાણીએ કહ્યું કે ‘તેમના કેટલાંક વિધાન કોતરી રાખવા જેવા છે. એક જગ્યાએ તેમણે લખ્યું છે કે ‘કરોડો વર્ષો સુધી મનુષ્ય પ્રાણી જેવું જ જીવન જીવતો હતો. પછી અચાનક એવું બન્યું કે એની કલ્પના શક્તિને પાંખો ફૂટી. આપણે બોલતા - સાંભળતા થયા. બોલી શકવાની શક્તિને કારણે વિચારોની આપલે થવા લાગી, મનુષ્ય અશક્યને શક્ય બનાવતો થયો. બોલવાથી માનવજાતને અમૂલ્ય સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે અને નહીં બોલવાથી - ચૂપ રહેવાથી સૌથી મોટી નિષ્ફળતાઓ મળી છે. આપણે સતત બોલતા રહેવું જોઈએ.’ આ વાત પૂરી થતા બધાએ તાળીઓ પાડી અને હકારમાં ડોકું ધુણાવ્યું. એટલે તરત પેલા મહાશય બોલ્યા કે ‘સ્પીક, નો સાયલન્સ’ અને કોરસમાં ‘યસ યસ’ ગુંજી ઉઠ્યું.

આમ વાચકમિત્રોને પણ ધ મેથેમેટિકલ બ્રિજનું અસ્તિત્વ અને હોકિંગના વિધાન વચ્ચેના સંબંધનો ખ્યાલ આવી ગયો હશે. ■

## ભાત ભાત કે લોગ

# એપસ્ટીનનું ભૂત હજી કેટલુંક ધૂણશે? પ્રિન્સ એન્ડ્ર્યુ પછી કોનો વારો?

### ‘એપસ્ટીન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ’લાગુ થયા બાદ પોતે આચરેલી પાપલીલાને કારણે સંખ્યાબંધ સેલિબ્રિટીઝની ઊંઘ ઊડી ગઈ છે!

જવલંત નાયક
feedback@bombaysamachar.com

**દુનિયાના** ગમે તે દેશમાં રહેતા સમૃદ્ધ લોકો એકબીજા સાથે સંપર્કો વિકસાવીને આખું સમાંતર તંત્ર ઊભું કરે છે.


એમના બિઝનેસ, એમની મોજમજા બધું સામાન્ય માણસ અને ન્યાયતંત્રની સમજ કે પહોંચ બહારનું હોય છે. આ લોકો પારસ્પરિક સંબંધોના જોરે આખી સિસ્ટમ પર રાજ કરી જાણે છે, પણ આખી સિસ્ટમ કંટ્રોલ કરવી એ વાઘની સવારી કરવા બરાબર ગણાય. એક સમયે આ વાઘ જ તમારો કોળિયો કરી જશે. પાપનો ઘડો ભરાઈ ગયા બાદ એકબીજાને જોરે કૂદતા બળિયાઓ પોતે જ એકબીજાને ખતમ કરવા તલપાપડ બની જાય છે. કદાચ આ જ કારણોસર આજની તારીખે દુનિયાભરમાં ઓછામાં ઓછા દોઢસો-બસો વ્યક્તિઓ એવા છે જેમને સરખી ઊંઘ નહિ આવતી હોય, કેમકે જેફ્રી એપસ્ટીન નામનો એક માણસ ભલે કબરમાં સૂતો હોય, પણ એનું ભૂત જોરશોરમાં ધૂણી રહ્યું છે! ખાસ કરીને અમેરિકન સરકારે ‘એપસ્ટીન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ’ નામનો કાયદો પસાર કર્યા પછી!

૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે આ કાયદા પર હસ્તાક્ષર કર્યા એ સાથે વર્ષો લાંબી વિવાદાસ્પદ ચર્ચા પર હાલ પૂરતું અલ્પવિરામ મુકાયું છે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકન ન્યાય વિભાગના માધ્યમ દ્વારા એક બહુચર્ચિત સેક્સ સ્કેન્ડલની તપાસ પ્રક્રિયા અને એના અનઅધિકૃત (unclassified) દસ્તાવેજો, રેકોર્ડ્સ વગેરે જાહેર કરવાનો છે. બસ, આ જ વાતને કારણે અનેક પ્રભાવશાળી સેલેબ્સની ઊંઘ ઉડી ગઈ છે.

આ સેક્સ સ્કેન્ડલના કેન્દ્રમાં રહેલો માણસ એટલે જેફ્રી એપસ્ટીન... આ જેફ્રી એક જાણવા જેવી જણસ છે. યહૂદી મૂળના આ આદમીના જીવનમાં ઘણી એવી બાબતો છે જેને ભેદી ગણી શકાય. ૧૯૭૦ અને ‘૮૦માં એ વોલ સ્ટ્રીટમાંથી અઢળક ડોલર્સ કમાયો. કઈ રીતે? એનો પણ કોઈ ચોક્કસ જવાબ નથી, પણ એ એટલું બધું કમાયો કે પેલી છૂપી સિસ્ટમ પર રાજ કરનારા પ્રભાવશાળી માણસોમાં એની ગણના થવા માંડી. ધનાઢ્ય ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓ એના સંપર્કમાં આવતા ગયા અને એકબીજાની સંગાથે નવા નવા બિઝનેસ સાહસો વિકસતા ગયા. વૈજ્ઞાનિકો અને રાજકારણીઓ પણ ધીમે ધીમે એપસ્ટીનના મિત્રવર્તુળમાં ઉમેરાયા. એપસ્ટીન પાસે અમેરિકાના વર્જીન આઇલેન્ડ્સ ખાતે લિટલ સેન્ટ જેમ્સ તરીકે ઓળખાતો ખાનગી ટાપુ હતો. ‘એપસ્ટીન આઈલેન્ડ’ તરીકે ઓળખાતું આ સ્થળ પ્રભાવશાળી લોકોની પાપલીલા થકી ખાસ્સું કુખ્યાત થયું અને આખરે એનું નામ પડી ગયું ‘પેડોફાઇલ આઇલેન્ડ’ બાળકો સાથે જાતીય સંબંધોની વિકૃતિને પોષતો આઈલેન્ડ!



પ્રિન્સ એન્ડ્ર્યુની ‘લવ-લીલા’



જેફ્રી એપસ્ટીન.

૨૦૦૫માં એક ચૌદ વર્ષની કન્યાની માતાએ પોલીસને ફરિયાદ કરી કે એની દીકરીને એપસ્ટીને પોતાના ટાપુ પર બોલાવી અને ૩૦૦ ડોલર્સ આપીને એની પાસે બોડી મસાજ કરાવડાવ્યું! આ ફરિયાદ પછી તપાસ થઇ અને મોટું સ્કેન્ડલ બહાર આવ્યું. એપસ્ટીનના ટાપુ પર માત્ર બોટ કે હેલિકોપ્ટર દ્વારા જ જઈ શકાતું. એટલે પોતાની મરજીથી ટાપુ પર પહોંચેલી કોઈ વ્યક્તિ પોતાની મરજીથી ટાપુ છોડી નહોતી શકતી. એપસ્ટીન થોડા ડોલર્સની લાલચ આપીને બોડી મસાજને બહાને તરુણીઓને ટાપુ પર બોલાવતો અને શારીરિક સંબંધ બાંધતો. એ પછી તરુણીને વળી એક ઓર લાલચ અપાતી. ‘જો તું બીજી કન્યાઓને અહી સુધી લઇ આવીશ તો તને કમિશન મળશે.’ આવી ઓફર મેળવનાર તરુણીઓ લાંબો વિચાર કર્યા વિના પોતાની સહેલીઓને પણ ઇઝી મનીની લાલચ આપતી અહીં લઈ આવતી. આ રીતે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વધુને વધુ છોકરીઓ સ્કેન્ડલમાં લપેટાતી ગઈ. આ કન્યાઓને ‘સમજાવવા’નું કામ એપસ્ટીનની સહાયક એવી ઘિસ્લેન (ghislaine maxwell) નામની મહિલા કરતી. એપસ્ટીનની લાલચમાં ફસાતી કુમળી વયની તરુણીઓનું કામ એપસ્ટીનના ખાસમખાસ મિત્રોને ખુશ કરવાનું રહેતું. એપસ્ટીનના મિત્રોની યાદીમાં બિલ ક્લિન્ટનથી માંડીને ડોનલ્ડ ટ્રમ્પ તેમજ માઈકલ જેક્સનથી માંડીને મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ સુદ્ધાંનો સમાવેશ થાય છે. હા, આ એ જ સ્ટીફન હોકિંગ છે, જે વ્હીલચેરમાંથી ઊભા ય નહોતા થઇ શકતા ! આવા ઓછામાં ઓછા દોઢસો-બસો લોકોના નામ એપસ્ટીનના દસ્તાવેજોમાંથી મળી આવ્યા છે. આ બધાએ તરુણીઓ સાથે વ્યભિચાર થયો જ હશે એવું માની લેવાની જરૂર નથી. બની શકે કે અમુક સેલિબ્રિટી કોઈક અન્ય કારણોસર એપસ્ટીનને મળ્યા હોય અથવા તો એમને એપસ્ટીન અને એના આઈલેન્ડની સચ્ચાઈ ખબર જ ન હોય, પણ જ્યાં સુધી કશું સાબિત ન થાય ત્યાં સુધી તો બધાને શંકાની નજરે જ જોવામાં આવશે. બ્રિટિશ રાજપરિવારના પ્રિન્સ એન્ડ્રુએ પણ પેલા આઈલેન્ડ પર જઈને જે-તે સમયે સગીર વયની કન્યા સાથે સંબંધ બાંધેલો. એની કમર ફરતે હાથ વીંટાળીને ઊભા હોય એવો ફોટો પણ પડાવ્યા હતા. પેલી છોકરીએ પુખ્ત વયે પહોંચ્યા બાદ બધા વટાણા વેરી નાખ્યા. એ પછી તાજેતરમાં જ બ્રિટનના શાહી પરિવારે પ્રિન્સ એન્ડ્રુને રાજપાટમાંથી બે-દખલ કર્યા છે.

આ બધા સેક્સ- કૌભાંડો વચ્ચે ડોનલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ બનતા પહેલા એપસ્ટીન ફાઈલ્સની તપાસ કરાવવાની બહુ શેખીઓ મારેલી, પરંતુ સત્તા પર આવ્યા એ બાદ એપસ્ટીનના મામલા પર ઢાંકપીછોડો કરવાના ભરપૂર પ્રયત્નો ય કર્યા , પણ પ્રજાનો અને ખુદ સરકારના જ એક જૂથનો વિરોધ વધતો ગયો. ઈલોન મસ્ક જેવા એક સમયના સાથીએ તો એવી મતલબની ટવીટ કરી નાંખેલી કે ટ્રમ્પ પોતે જ એપસ્ટીનની સેવાઓ લઇ ચૂક્યા છે. જો કે એમણે એ ટવીટ અગમ્ય કારણોસર થોડા જ સમયમાં ડિલીટ કરવી પડી.

અરે હા, એક વાત તો કહેવાની રહી જ ગઈ. એપસ્ટીન ખુદ બે વખત જેલમાં ગયો. ૨૦૦૮માં એને પહેલીવાર સજા થઇ ત્યારે એ બહુ આસાનીથી અને બહુ જલદી છૂટી ગયો. પણ પછી સંજોગો બદલાયા. એપસ્ટીન ટાપુઓ પર ભોગ બનેલી કન્યાઓએ અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું અને જગતના મોટા મોટા નામો એક પછી એક બહાર આવવા માંડ્યા. આ મોટા માથાઓએ પોતાની ચામડી બચાવવાની પેરવી કરી હશે. એટલે જુલાઈ, ૨૦૧૯માં એપસ્ટીને બીજી વખત જેલમાં જવું પડ્યું. અને બીજે જ મહિને ગળામાં ફ્રેક્ચર થવાથી એ જેલમાં જ ગુજરી ગયો! સરકારી તંત્રે કહ્યું કે જેફ્રીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી છે. એ વખતે ટેક્નિકલ ખામીને કારણે જેલના સીસીટીવી કેમેરાઝ બંધ હતા અને ફરજ પર હાજર ગાર્ડ્સને ઝોકું આવી ગયેલું.... કમાલનો સંયોગ કહેવાય નહિ! કદાચ સિસ્ટમ નામના વાઘે એપસ્ટીનનો શિકાર કરી નાખ્યો.

ખેર, હવે જોવાનું એ છે કે એપસ્ટીન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ અમલી બન્યા બાદ ખરેખર કેટલા દોષીઓના નામ જાહેર થાય છે અને એમાંથી કેટલાને યોગ્ય સજા મળે છે. ૧૯ ડિસેમ્બર સુધીમાં આ કેસને લગતી ઘણી ફાઈલ્સ જાહેર થવાની વકી છે. અમેરિકાના બે-બે રાષ્ટ્રપ્રમુખોના નામ હોય એવા આ સેક્સ સ્કેન્ડલમાં હજી કેટલા માથાનો ભોગ લેવાશે એ તો ઈશુ જાણે. ■

## કેરિયર

# ભવિષ્યમાં રોજગારનું સૌથી આશાસ્પદ ક્ષેત્ર એટલે બાયોટેક ને જિનેટિક રિસર્ચ સેક્ટર

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com



**ભારતના** વિજ્ઞાન, સ્વાસ્થ્ય અને ખેતીના ભવિષ્યને જે સેક્ટર આવવાવાળા દિવસોમાં ઘરમૂળથી બદલવાની ક્ષમતા રાખે છે તેને બાયોટીક અને જેનેટિક રિસર્ચ સેક્ટર કહેવામાં આવે છે. નિષ્ણાંતોનુ માનવું છે કે, આવતાં ૧૦ વર્ષોમાં આ ક્ષેત્ર રોજગાર માટે સૌથી વધુ સંભવિત ક્ષેત્રોમાંથી એક હશે. ભારત બાયોટેક્નોલોજી ક્ષેત્રમાં દુનિયાના ટોપ ૧૦ દેશોમાં શામિલ છે અને આ વર્ષના અંત સુધી ભારત સરકારનું લક્ષ્ય બાયોટેક સેક્ટરને ૭ લાખ કરોડ રૂપિયાથી ઉપર લઈ જવાનું છે. સ્વાસ્થ્ય, દવા, ખેતી, પર્યાવરણ અને ખોરાક સલામતી જેવાં બધા ક્ષેત્રોમાં બાયોટેકની જરૂરત ઝડપથી વધી રહી છે. તેથી જ આ ક્ષેત્રોમાં કેરિયર બનાવવું એક સમજદારી છે. ચાલો જાણીયે આ ક્ષેત્રમાં કઈ ને કેવી રીતે કેરિયરની શરૂઆત કરી શકાય.

**બાયોટેક સેક્ટરમાં શું સંભાવના છે?**

- હેલ્થ કેર - આ ક્ષેત્રમાં વેકસીન, જીન થેરેપી અને ફાર્માસ્યુટિકલ રિસર્ચને લઈને રોજગાર સંબંધી જબરદસ્ત શક્યતાઓ છે.
- એગ્રિકલ્ચર- આનુવંશિક રીતે સંશોધિત પાક, બાયો ફર્ટિલાઈઝર અને ક્લોનિંગ જેવાં ક્ષેત્રમાં બાયોટેક પ્રોફેશનલ્સની ખૂબ જ આવશ્યકતા છે.
- જેનેટિક્સ- ડીએનએ ટેસ્ટિંગ, જેનેટિક ડિસઓર્ડર ટ્રીટમેન્ટ જેવાં ક્ષેત્રો ઝડપથી વિસ્તરી રહ્યાં છે જ્યાં બાયોટેક એક્સપર્ટની ઘણી માગ છે.
- પર્યાવરણ - બાયો -રિમેડિએશન , વેસ્ટ ટ્રીટમેન્ટ જેવાં ક્ષેત્રોમાં કામ કરવાવાળા નિષ્ણાતો પણ બાયો એક્સપર્ટ જ હોય છે.
- ઈન્ડસ્ટ્રિયલ - એંઝાઈમ ઉત્પાદન અને બાયોફ્યૂલ ઉત્પાદનના ક્ષેત્રમાં પણ બાયોટેક પ્રોફેશનલની જરૂરત હોય છે તેથી જ આવનારા સમયમાં પણ આની સારી એવી માગ હશે.

**ભણવા માટે મહત્ત્વની સંસ્થાઓ**

| સંસ્થાઓ | કોર્સ |
|---|---|
| આઈઆઈટી (દિલ્હી, મુંબઈ, મદ્રાસ, ખડગપુર અને ગુહાટી) (દિલ્હી અને બીજા) | બીટેક, એમટેક ઈન એમ્સબાયોટેકનોલોજી એમએમસી, પીએચડી, જેનેટિક, મોલીક્યૂલર મેડિસીન |
| જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી | - એમએસસી બાયોટેક્નોલોજી |
| જેનેટિક, મોંલ્કિયૂલર મેડિસીન | |
| નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈમ્યુનોલોજી | - પીએચડી પ્રોગ્રામ |
| દિલ્હી એનસીબીએમ, બેંગલુરુ | જેનેટિક્સ, બેંગલુરુ |
| આઈઆઈએસસી, બેંગલૂરુ | - એમએસસી,પીએચડી ઈન બાયોલોજીકલ સાયન્સ |
| આઈઆઈટી રૂડકી ઈન બાયોલોજીકલ સાયન્સ | યૂજી ., પીજી કોર્સ |

**આ ક્ષેત્ર માટે મહત્ત્વની પરીક્ષાઓ**

| પરીક્ષાઓ | કોર્સ |
|---|---|
| જીએટી- વી | એમએસી બાયોટેક્નોલોજી (ડીબીડી, ફંડશીટ) |
| આઈઆઈટી- જેઈઈ | -બીટેક, બાયોટેક |
| સીયૂઈટી- પીજી | પીજી એડમિશન ઈન સેંટ્રલ |
| ડીવીટી, જેઆરએફ, જીએટીઈ અને એકસેલ | યુનિવર્સિટીઝ |
| સીએસઆઈઆર- એમીટી | -પીએચડી અને રિસર્ચફેલોશિપ |

રોજગાર પૂરી પાડતી મુખ્ય કંપનીઓ

**ફાર્મા અને હેલ્થ સેકટરમાં**

બાયોકોન, સીરમ ઈન્સ્ટિટયૂટ, સિપ્લા, ડોકટર રેડ્ડીઝ , ઝયડૂસ, ઓસ્ટ્રા જેનિકા ઈંડિયા, પી ફાઈઝર, નોઆરટિસ, જેઈ હેલ્થ કેર

**રિસર્ચ અને જેનેટિક લેબ**

મૈપમાઈજૈનોમ, મેડજૈનોમ, રેડક્લિફ લેબ, થરમોફિસર સાઈટિફિક, ઈલ્યૂમિના (ભારત)

**એગ્રિ બાયોટેક અને ઈંડસ્ટ્રિયલ**

મોનસાન્ટો ઈંડિયા, સિંજેન્ટા, બાયર ક્રોપસાયન્સ, રિલાયંસ લાઈવ સાયંસ, ટાટા કેમિકલ્સ

સ્ટાર્ટઅપ અને નોન પ્રોફિટ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન

બગબર્ર્સ, સીદ્દ એનર્જી, અકીરા લેબ્સ, સીસીએમબી- હૈદરાબાદ, આઈવીએવી, એમજી- કલકત્તા

જોબ પ્રોફાઈલ

| **પ્રોફાઈલ** | **મુખ્ય ભૂમિકા** |
|---|---|
| જેનેટિક્સ/ મોલિક્યૂલર બાયોલોજીસ્ટ | ડીએનએ,આરએનએ, |
| બાયોટેક રિસર્ચ સાઈન્ટિસ્ટ | જીંસ રિસર્ચવેકસીન, |
| ક્લિનિકલ રિસર્ચ એસોસિએટસ | ડ્રગ,બાયો ફયૂલ રિસર્ચ |
| બાયોઈન્ફોમેટિક એનાલિસ્ટ | દવાઓ અને ટેસ્ટિંગના |
| ક્વાલિટી કંટ્રોલ/ રેગુલેટ્રી અફેયર્સ | ટ્રાયલ |
| બાયોટેક સેલ્સ/ પ્રોડક્ટ સ્પેશયાલિસ્ટ | |

શરૂઆતની સેલેરી

| પ્રોફાઈલ | આશરે સેલેરી (વાર્ષિક) |
|---|---|
| બીએસઈ ફ્રેશર | -૨.૫-૪ લાખ |
| એમએસસી/એમટેક | -૪ - ૬.૫ લાખ |
| પીએચડી/સાઈટીસ્ટ | -૭ - ૧૨ લાખ |
| ઈંડસ્ટ્રી રિસર્ચએકસીરસમ્સ | - ૧૫-૨૦ લાખ |

■

# અનિલ અંબાણી ગ્રૂપની વધુ ૧,૧૨૦ કરોડની મિલકતો જપ્ત

## અત્યાર સુધીમાં કુલ ૧૦,૧૧૭ કરોડ રૂપિયાની સંપત્તિ કબજામાં લેવાઇ છે

નવી દિલ્હીઃ અનિલ અંબાણી ગ્રૂપ સામે મોટી કાર્યવાહીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટએ લગભગ ૧,૧૨૦ કરોડ રૂપિયાની નવી સંપત્તિઓ કામચલાઉ રીતે જપ્ત કરી છે. આ કાર્યવાહી રિલાયન્સ હોમ ફાઇનાન્સ લિમિટેડ, રિલાયન્સ કમર્શિયલ ફાઇનાન્સ લિમિટેડ અને યસ બેન્ક છેતરપિંડી કેસ સાથે સંબંધિત છે.

આ કાર્યવાહીમાં ૧૮થી વધુ મિલકતોનો સમાવેશ થાય છે, જેમાં રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સાત મિલકતો, રિલાયન્સ પાવરની બે મિલકતો અને રિલાયન્સ વેલ્યુ સર્વિસીસની નવ મિલકતો તેમજ અનેક કંપનીઓના બેન્ક બેલેન્સ, ફિક્સ્ડ ડિપોઝિટ અને અનક્વોટેડ ઈન્વેસ્ટમેન્ટનો સમાવેશ થાય છે. ઈડીએ અગાઉ રિલાયન્સ કમ્યુનિકેશન્સ, રિલાયન્સ કમર્શિયલ ફાઇનાન્સ અને રિલાયન્સ હોમ ફાઇનાન્સ સામે કાર્યવાહી કરી છે, જેમાં આશરે ૮,૯૯૭ કરોડ રૂપિયાની સંપત્તિઓ જપ્ત કરવામાં આવી છે. અનિલ અંબાણી ગ્રુપ સામે જપ્ત કરાયેલી કુલ સંપત્તિ હવે ૧૦,૧૧૭ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ દેશના સૌથી મોટા બેન્ક છેતરપિંડીના કેસોમાંનો એક માનવામાં આવે છે.

ઈડી દ્વારા જપ્ત કરાયેલી સંપત્તિઓમાં રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની સાત મિલકતો, રિલાયન્સ પાવર લિમિટેડની બે મિલકતો, રિલાયન્સ વેલ્યુ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડની નવ મિલકતો, રિલાયન્સ વેલ્યુ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ, રિલાયન્સ વેન્ચર એસેટ મેનેજમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ, મેસર્સ ફી મેનેજમેન્ટ સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ, મેસર્સ આધાર પ્રોપર્ટી કન્સલ્ટન્સી પ્રાઇવેટ લિમિટેડ અને મેસર્સ ગેમેસા ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ પ્રાઇવેટ લિમિટેડના નામે રાખેલા એફડી અને બેન્ક બેલેન્સનો સમાવેશ થાય છે. આ સાથે અનક્વોટેડ ઈન્વેસ્ટમેન્ટ્સમાં કરવામાં આવેલી હિસ્સેદારી પણ જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે ઈડીએ અગાઉ આરકોમ, આરસીએફએલ અને આરએચએફએલના બેન્ક છેતરપિંડીના કેસોમાં ૮,૯૯૭ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરી છે. આ નવી કાર્યવાહી સાથે જૂથની કુલ જપ્ત કરાયેલી સંપત્તિ વધીને ૧૦,૧૧૭ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ઈડી તપાસ અનુસાર, અનિલ અંબાણી જૂથની ઘણી કંપનીઓ, જેમ કે રિલાયન્સ કમ્યુનિકેશન્સ લિમિટેડ, રિલાયન્સ હોમ ફાઇનાન્સ લિમિટેડ, રિલાયન્સ કોમર્શિયલ ફાઇનાન્સ લિમિટેડ, રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ અને રિલાયન્સ પાવર લિમિટેડ, જાહેર ભંડોળનો મોટા પાયે દુરુપયોગ કર્યો હતો.

તપાસમાં જાણવા મળ્યું કે ૨૦૧૭-૨૦૧૯ દરમિયાન યસ બેન્કે આરએચએફએલમાં ૨,૯૬૫ કરોડ રૂપિયા અને આરસીએફએલમાં ૨,૦૪૫ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જે પાછળથી એનપીએમાં ફેરવાઈ ગઈ હતી. ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં આરએચએફએલનું બાકી લેણું ૧,૩૫૩.૫૦ કરોડ રૂપિયા અને આરસીએફએલનું બાકી લેણું ૧,૯૮૪ કરોડ રૂપિયા છે. ■

# વૉર્નર બ્રધર્સ સ્ટૂડિયો ૭૨ અબજ ડોલરમાં ખરીદશે નેટફ્લિક્સ

વોશિંગ્ટન : ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સે વોર્નર બ્રધર્સ સ્ટુડિયોને ૭૨ અબજ ડોલરમાં ખરીદવાની જાહેરાત કરી છે. આ સોદો મનોરંજન ઉદ્યોગમાં એક મોટું મર્જર છે, જે સ્ટ્રીમિંગ અને પરંપરાગત મીડિયાને જોડશે. ગુરુવારે કંપનીની બોર્ડ મીટિંગ પછી આ જાહેરાત કરવામાં આવી હતી. આ ડીલ હેઠળ નેટફ્લિક્સવોર્નર બ્રધર્સનું ફિલ્મ યુનિટ (એચબીઓ મેક્સ), ટીવી પ્રોડક્શન અને સ્ટુડિયો (એચબીઓ)ને મર્જ કરશે. આ ડિલ ૭૨ અબજ ડોલરમાં થયો છે. જેમાં મોટાભાગની ચુકવણી રોકડમાં થશે અને બાકીની રકમ પણ નેટફ્લિક્સના શેર મારફતે ચૂકવવામાં આવશે. અહેવાલો અનુસાર, ડિઝની અને એમેઝોને પણ બોલી લગાવી હતી, પરંતુ નેટફ્લિક્સે એ સૌથી મોટી બોલી લગાવી હતી. આ ડિલનું કુલ ઇક્વિટી વેલ્યૂ ૭૨ અબજ ડોલર છે જ્યારે ડીલની એન્ટરપ્રાઇઝ વેલ્યૂ લગભગ ૮૨.૭ અબજ ડોલર છે. આ અધિગ્રહણ નેટફ્લિક્સ માટે એક રણનીતિક ફેરફાર છે જેણે અગાઉ ક્યારેય આ ક્ષેત્રમાં કોઈ સોદો કર્યો નથી. સ્ટ્રીમિંગની દુનિયામાં દિગ્ગજ ગણાતી આ કંપની કોઈ પ્રકારની લાઈબ્રેરી અને સ્ટૂડિયો વિના અન્ય પાસેથી કાર્યક્રમોનું લાયસન્સ લઈને અને પછી ઓરિજનલ કન્ટેન્ટમાં ફેરવીને હોલિવૂડની સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ હતી.

ખરીદી સાથે નેટફ્લિક્સ એચબીઓ નેટવર્કની માલિક બની જશે. તેની સાથે 'ધ સોપ્રાનોસ' અને 'ધ વાઇટ લોટસ' જેવા હિટ શોની લાઇબ્રેરી પણ તેની થઈ જશે. વૉર્નર બ્રધર્સની સંપત્તિમાં કેલિફોર્નિયાના બરબેંકમાં આવેલા તેના વિશાળ સ્ટુડિયો અને 'હેરી પોટર' અને 'ફ્રેન્ડ્સ' જેવા વિશાળ ફિલ્મ અને ટીવી આર્કાઇવનો પણ સમાવેશ થાય છે. વોર્નર બ્રધર્સે ઓક્ટોબરમાં અનેક પક્ષો તરફથી ઓફર્સ મળ્યા બાદ વેચાણ માટેની જાહેરાત કરી હતી. નેટફ્લિક્સ ઉપરાંત, પેરામાઉન્ટ સ્કાયડાન્સ કોર્પ અને કોમકાસ્ટ કોર્પે પણ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. બોલી લગાવવાની પ્રક્રિયા વિવાદાસ્પદ બની જેમાં પેરામાઉન્ટે વૉર્નર બ્રધર્સ પર નેટફ્લિક્સ તરફ વળતી અન્યાયી પ્રક્રિયા ચલાવવાનો આરોપ લગાવ્યો હતો. ■

# મસ્કના 'એક્સ'ને ઇયુએ ૧૨ કરોડ યુરોનો દંડ કર્યો

લંડનઃ યુરોપિયન યુનિયનના નિયમનકારોએ શુક્રવારે એલન મસ્કના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર બ્લોકના ડિજિટલ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ ૧૨ કરોડ યુરોનો દંડ ફટકાર્યો છે. યુરોપિયન કમિશને બે વર્ષ પહેલાં ૨૭-દેશોના બ્લોકના ડિજિટલ સર્વિસીસ એક્ટ હેઠળ એક્સ વિરુદ્ધ તપાસ બાદ પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો.ડીએસએ એક વ્યાપક નિયમ છે જેમાં પ્લેટફોર્મને યુરોપિયન યુઝર્સની સુરક્ષા અને તેમની સાઇટ્સ પર હાનિકારક અથવા ગેરકાયદેસર કન્ટેન્ટ અને પ્રોડક્ટ્સને હટાવવા માટે વધુ જવાબદારી લેવાની જરૂર છે. આમ કરવું પણ ભારે દંડ થઈ શકે છે. કમિશને કહ્યું હતું કે તે એક્સને ડીએસએની પારદર્શિતા આવશ્યકતાઓના ત્રણ અલગ અલગ ભંગ બદલ સજા કરી રહ્યું છે. આ નિર્ણય અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ગુસ્સે કરી શકે છે, જેમના વહીવટીતંત્રે બ્રસેલ્સના ડિજિટલ નિયમો પર પ્રહાર કર્યા છે અને જો અમેરિકન ટેક કંપનીઓને દંડ કરવામાં આવે તો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે. નિયમનકારોએ જણાવ્યું હતું કે એક્સના બ્લૂ ચેકબોક્સના નિયમોનું ઉલ્લંઘન કરે છે કારણ કે તેમની ભ્રામક ડિઝાઇનને કારણે નિયમો તોડ્યા છે જે યુઝર્સને કૌભાંડો અને હેરાફેરીનો ભોગ બનાવી શકે છે. એક્સ પોતાના જાહેરાતના ડેટાબેઝ અને સંશોધકોને જાહેર ડેટાની ઍક્સેસ આપવાની જરૂરિયાત પૂરી કરવામાં પણ નિષ્ફળ રહ્યું હતું.■

# મંદિરનાં ભંડોળની માલિકી દેવતાઓની સહકારી બૅન્કોને બચાવવા એનો ઉપયોગ ન કરી શકાયઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે મંદિરના દેવતાઓના ભંડોળનો ઉપયોગ આર્થિક રીતે સંકટગ્રસ્ત સહકારી બૅન્કોને ટેકો આપવા માટે થઈ શકતો નથી. ઘણી સહકારી બૅન્કોએ વારંવાર વિનંતીઓ છતાં મંદિરની ફિક્સ્ડ ડિપોઝિટ ચૂકવવાનો ઇનકાર કર્યા બાદ થિરુનેલી દેવસ્વોમ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાંથી આ કેસ ઉભો થયો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે કેરળ હાઈ કોર્ટના થિરુનેલી મંદિર દેવસ્વમની થાપણો પરત કરવાના નિર્દેશને પડકારતી કેટલીક સહકારી બેંકો દ્વારા દાખલ કરાયેલી અપીલોની સુનાવણી કરતી વખતે આ આકરી ટિપ્પણીઓ કરી હતી. તમે મંદિરના પૈસાનો ઉપયોગ બૅન્કને બચાવવા માટે કરવા માંગો છો? જે ખૂબ મુશ્કેલીથી શ્વાસ લઈ રહી છે, તેને બદલે મંદિરના પૈસા જવા દેવાનો નિર્દેશ આપવામાં શું ખોટું છે? એવા સૂર્યકાંતે સવાલ કર્યા હતાં. મંદિરના પૈસા દેવતાઓના છે અને તેથી, ભંડોળ બચાવવા, સુરક્ષિત કરવા અને ફક્ત મંદિરનાં હિત માટે જ વાપરવા જોઈએ અને તે સહકારી બૅન્ક માટે આવક અથવા અસ્તિત્વનો સ્રોત બની શકે નહીં, એમ એમણે કહ્યું હતું.

હાઈ કોર્ટના આદેશ સામેની અરજીઓ માનન્થવાડી કો-ઓપરેટિવ અર્બન સોસાયટી લિમિટેડ અને થિરુનેલી સર્વિસ કોઓપરેટિવ બેંક લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવી હતી. બેન્કો દ્વારા પરિપક્વ થાપણો મુક્ત કરવાનો વારંવાર ઇનકાર કર્યા બાદ, હાઈ કોર્ટે પાંચ સહકારી બૅન્કને દેવસ્વોમની ફિક્સ્ડ ડિપોઝિટ બંધ કરવા અને બે મહિનાની અંદર સંપૂર્ણ રકમ પરત કરવાનો આદેશ આપ્યો હતો. બૅન્કોની રજૂઆતોથી બેન્ચ સંમત નહોતી કે હાઈ કોર્ટના અચાનક આદેશથી મુશ્કેલીઓ થઈ રહી છે. બૅન્ચે કહ્યું કે બૅન્કોએ લોકોમાં વિશ્વસનીયતા સ્થાપિત કરવી જોઈએ. જો તમે ગ્રાહકો અને થાપણોને આકર્ષવામાં અસમર્થ છો, તો તે તમારી સમસ્યા છે, તેવું કોર્ટે કહ્યું. સુપ્રીમ કોર્ટે એમની અરજીઓ પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો. જોકે, તેણે બૅન્કોને વાંધાજનક આદેશનું પાલન કરવા માટે સમય વધારવા માટે હાઈ કોર્ટનો સંપર્ક કરવાની મંજૂરી આપી હતી. ■

# માર્ચ ૨૦૨૪થી માર્ગ અકસ્માત પીડિતોની લગભગ ૨૦ ટકા કેશલેસ સારવારની વિનંતીઓ નકારાઇ

નવી દિલ્હીઃ માર્ચ ૨૦૨૪થી માર્ગ અકસ્માત પીડિતો દ્વારા કેશલેસ સારવાર યોજના હેઠળ ઉઠાવવામાં આવેલી લગભગ ૨૦ ટકા કેશલેસ સારવારની વિનંતીઓ પોલીસે નકારી કાઢી છે, એમ સંસદને ગુરુવારે જણાવવામાં આવ્યું હતું.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે મોટર વાહન અકસ્માત ભંડોળ હેઠળ કુલ ૭૩,૮૮,૮૪૮ રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

"ઉઠાવવામાં આવેલી કુલ ૬,૮૩૩ સારવારની વિનંતીઓમાંથી ૫,૪૮૦ પીડિતને પાત્ર ગણવામાં આવ્યા છે. બાકીના કેસોને પોલીસે નકારી કાઢ્યા છે," એમ ગડકરીએ જણાવ્યું હતું.

૧૪ માર્ચ, ૨૦૨૪ના રોજ, મંત્રાલયે ચંડીગઢમાં એક પાયલોટ કાર્યક્રમ શરૂ કર્યો હતો, જેને બાદમાં માર્ગ અકસ્માત પીડિતોને કૅશલેસ સારવાર પૂરી પાડવા માટે છ રાજ્યમાં વિસ્તારવામાં આવ્યો.

રોડ અકસ્માત પીડિતોની કેશલેસ સારવાર યોજના, ૨૦૨૫ હેઠળ, પીડિતોને અકસ્માતની તારીખથી મહત્તમ ૭ દિવસ સુધી દરેક અકસ્માત પીડિત દીઠ ₹૧.૫ લાખ સુધીની કૅશલેસ સારવાર માટે હકદાર છે અને તે કોઈપણ શ્રેણીના રસ્તા પર મોટર વાહનના ઉપયોગને કારણે થતા તમામ માર્ગ અકસ્માતોને લાગુ પડે છે.

"હોસ્પિટલો દ્વારા ઉઠાવવામાં આવેલા અને સંબંધિત રાજ્ય આરોગ્ય એજન્સી દ્વારા મંજૂર કરાયેલા ૨૬૪૪ દાવાઓમાંથી, ₹ ૭૩,૮૮,૮૪૮ની ચુકવણી હોસ્પિટલોને વિતરિત કરવામાં આવી છે," એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હોસ્પિટલોને વળતર મોટર વ્હીકલ એક્સિડન્ટ ફંડ (એમવીએએફ) દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે સામાન્ય વીમા કંપનીઓના યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. અકસ્માત પીડિતોની કેશલેસ સારવાર માટે રાષ્ટ્રીય આરોગ્ય ઓથોરિટી હેઠળ કુલ ૩૨,૫૫૭ હોસ્પિટલને પેનલમાં મૂકવામાં આવી છે. ■

# ઈન્ડિગો ફિયાસ્કો સરકારના ઈજારાશાહી મોડેલનું પરિણામ : રાહુલ

નવી દિલ્હીઃ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે આરોપ લગાવ્યો હતો કે ઈન્ડિગોનો ફિયાસ્કા આ સરકારના એકાધિકાર મોડેલની કિંમત છે અને 'એક્સ' પર એક પોસ્ટમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત મેચ ફિક્સિંગના એકાધિકારમાં નહીં, પરંતુ દરેક ક્ષેત્રમાં વાજબી સ્પર્ધાને પાત્ર છે.

રાહુલે કહ્યું કે વિલંબ, રદ અને લાચારીમાં સામાન્ય ભારતીયો કિંમત ચૂકવી રહ્યા છે.

રાહુલે ગયા વર્ષે લખેલો પોતાનો લેખ પણ શેર કર્યો હતો જેમાં તેણે કહ્યું હતું કે મૂળ ઇસ્ટ ઇન્ડિયા કંપની ૧૫૦ વર્ષ પહેલાં બંધ થઈ ગઈ હતી, પરંતુ તે પછી જે ભય પેદા થયો હતો તે ફરી ઇજારાશાહીવાદીઓની નવી જાતિ સાથે પાછો ફર્યો છે.

તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રગતિશીલ ભારતીય વ્યવસાય માટે નવો સોદો એ એક વિચાર છે જેનો સમય આવી ગયો છે. ■

# કૅનેડામાં રહેવું દુષ્કર બની ગયું : આવક ઓછી ને ખર્ચ છે ઝાઝા

ટોરન્ટોઃ કેનેડાની ગણના વિશ્વના સૌથી સુરક્ષિત અને વિકસિત દેશોમાં થાય છે. ભારતીયો અને ગુજરાતીઓ મોટી સંખ્યામાં અહીં ભણવા અને નોકરી-ધંધા માટે જાય છે. પરંતુ તાજેતરમાં સામે આવેલા એક ડેટા મુજબ, કેનેડામાં આવક અને ખર્ચનું અંતર વધી રહ્યું છે.

એક રિપોર્ટ મુજબ, મિનિમમ વેજ (લઘુત્તમ વેતન) અને લિવિંગ વેજ (જીવન નિર્વાહ જેટલું વેતન)માં મોટું અંતર જોવા મળ્યું છે. મિનિમમ વેજ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી સૌથી ઓછી મજૂરી છે. કોઈપણ કર્મચારીને આટલી રકમ તો મળવી જ જોઈએ. જ્યારે લિવિંગ વેજમાં ભાડું, ખાણી-પીણી, ટ્રાન્સપોર્ટ, વીજળી, પાણી, ફોન, ઈન્ટરનેટ તથા બીજા પાયાના ખર્ચ આરામથી પૂરા થઈ શકે છે. આજે સ્થિતિ એવી છે કે લોકોને મિનિમમ વેજ તો મળી રહ્યું છે પરંતુ લિવિંગ વેજ નથી મળતું, જેના કારણે જીવનનિર્વાહ ચલાવવો મુશ્કેલ બની રહ્યો છે. ઈમિગ્રેંટ્સ, ફ્રેશર, ઓછું ભણેલા અને હાઈ સ્કિલ્ડ જોબ ન મળવાના કારણે ઘણા લોકો મિનિમમ વેજ પર કામ કરે છે. જેમાં ભારતીયોની મોટી સંખ્યા છે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પઘર | પોચું |
| પઘા | પરસેવો |
| પચકું | અગ્નિ |
| પચખાણ | દોરડું |
| પચત | પ્રતિજ્ઞા |

### જાણવા જેવું

માનવ મગજમાં ૮૬૦૦૦ મિલિયન ન્યુરોન્સ હોય છે, જ્યારે મધમાખીમાં માંડ એક મિલિયન ન્યુરોન હોય છે. તેમ છતાં એ શૂન્ય ઓળખી શકે છે. આ જાણકારી પછી વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા છે કે જો મધમાખીનું આવું નાનું મગજ શૂન્યને પારખી શકે તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની વ્યવસ્થાને પણ આ વાત સમજાવી એની પાસે ઘણા કામ કરાવી શકાશે.

### ગુજરાત મોરી મોરી રે


ગુજરાતી નાટ્ય સૃષ્ટિના જૂની રંગભૂમિના દિવસોમાં ખૂબ જ ખ્યાતિ મેળવનારું સમતાનું પાત્ર કયા નાટકમાં જોવા મળ્યું હતું એ કહો.

અ) સંસ્કાર લક્ષ્મી
બ) વડીલોના વાંકે
ક) ગાડાનો બેલ
ડ) પૈસો બોલે છે

### નોંધી રાખો

જીવનમાં અંધારું છવાય ત્યારે જ સાચા હીરાની જાણ થતી હોય છે. બાકી તો સૂર્ય પ્રકાશમાં કાચના ટુકડા પણ હીરાની જેમ ચમકતા હોય છે.

### શબ્દલાલિત્ય



**આડી ચાવી**

૨. વહાલ - હેતનો ઉભરો (૪)
૭. બેશરમી, અવિવેક (૪)
૮. ---નું કોઈ ઓસડ નહીં (૩)
૯. --- થવું=નાસી જવું (૪)
૧૦. એક તેજાનો (૫)
૧૩. સત્ત્વ, કસ (૨)
૧૪. જૈનોને જપવાનો એક મંત્ર (૩)
૧૬. દ્વેષ, શત્રુવટ (૨)
૧૭. દુરાચરણ, અનીતિ (૨)
૧૮. દક્ષિણ ભારતીયોની એક સ્વાદિષ્ટ વાનગી (૩)
૨૦. પુરોહિત (૨)
૨૧. ફાયદો કરે તેવું (૫)
૨૪. સૌથી છેવટનું, આખરી (૪)
૨૬. મુકામ (૩)
૨૭. કાયદાશાસ્ત્રીનું કામ (૪)
૨૮. પારસીઓનું બેસતું વર્ષ (૪)


**ઊભી ચાવી**

૧. અચોક્કસ (૪)
૨. ઊજળું, દેદીપ્યમાન (૪)
૩. માલમિલકત, દોલત (૨)
૪. કોયલ (૩)
૫. યજ્ઞ (૩)
૬. પ્રણામ (૪)
૯. છાપાનો તંત્રી કે છાપામાં લખવાનું કામ કરનાર (૪)
૧૧. આબાદ, સદ્ધર (૪)
૧૨. કાપડની પહોળાઈ (૨)
૧૩. સેવાચાકરી, બરદાસ્ત (૪)
૧૫. એક બંગાળી મીઠાઈ (૪)
૧૯. એક જૂનું તોલ-માપ (૨)
૨૦. યજમાન વૃત્તિ (૪)
૨૨. વ્યવસાય, ધંધો, રોજગાર (૪)
૨૩. નાલાયક, બેઅદબ (૪)
૨૪. અંત, છેડો (૩)
૨૫. ઉજ્જડ (૩)
૨૭. --- કરવો=નાત જમાડવી (૨)

### ગયા વખતનો ઉકેલ



### ઓળખાણ પડી?



ઈકોનોમિક સાયન્સિસ માટે નોબેલ પ્રાઈઝની શરૂઆત ૧૯૬૯માં થઈ. આ ખિતાબ મેળવનારા પ્રથમ ભારતીય અર્થશાસ્ત્રી ઓળખાયા?

અ) સી. વી. રમણ
બ) હરગોવિંદ ખુરાના
ક) અમર્ત્ય સેન
ડ) અભિજીત બેનરજી

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

પોસ્ટલ સર્વિસનો ઈતિહાસ ૪૦૦૦ વર્ષ જૂનો છે. વિશ્વની સૌપ્રથમ પોસ્ટલ સેવા કયા દેશમાં કાર્યરત હતી એ કહી શકશો?

અ) ઈરાક બ) જાપાન ક) રશિયા ડ) ઈજિપ્ત

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૯, ૪૯, ૭૪, ૧૦૪, ૧૩૯ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૩૯ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૫૪ બ) ૧૮૯ ક) ૧૭૯ ડ) ૧૮૪

### સુડોકુ-૯૧૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | | | | | | ૨ | ૬ |
| | | ૫ | | | | ૪ | | |
| ૨ | | | ૯ | | ૧ | | | ૮ |
| ૯ | ૮ | | ૬ | | ૨ | | ૪ | ૫ |
| | | | ૮ | | ૯ | | | |
| ૬ | ૧ | | ૫ | | ૩ | | ૯ | ૨ |
| ૫ | | | ૩ | | ૪ | | | ૯ |
| | | ૯ | | | | ૨ | | |
| ૩ | ૨ | | | | | | ૫ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૭ | ૯ | ૫ | ૨ | ૧ | ૮ | ૩ |
| ૯ | ૨ | ૩ | ૮ | ૧ | ૪ | ૭ | ૬ | ૫ |
| ૫ | ૧ | ૮ | ૭ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૪ | ૧ | ૮ | ૩ | ૭ |
| ૩ | ૭ | ૪ | ૫ | ૯ | ૮ | ૨ | ૧ | ૬ |
| ૧ | ૮ | ૬ | ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૯ |
| ૬ | ૪ | ૨ | ૧ | ૭ | ૫ | ૩ | ૯ | ૮ |
| ૮ | ૫ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૭ | ૧ |
| ૭ | ૩ | ૧ | ૪ | ૮ | ૯ | ૬ | ૫ | ૨ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પક્કું | ખંધું |
| પક્ષઘાત | લકવો |
| પક્ષપાત | તરફદારી |
| પગરખું | જોડું |
| પગાર | દરમાયો |

**ગુજરાત મોરી મોરી રેઃ** આયના

**ઓળખાણ પડી?** રેચેલ રીવ્ઝ

**માઈન્ડ ગેમ :** ૨૬૪

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ભારત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) વિપીન શાહ (૧૨) નૂતન વિપીન શાહ (૧૩) મહેશ સંઘવી (૧૪) મીનળ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) ભરત કજરિયા (૧૭) કિરીટ છેડા (૧૮) મનીષા શેઠ (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) કમલ માતલિયા (૨૫) અંજુ ટોલિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) અલકા વાણી (૩૦) નિતિન બજરિયા (૩૧) વિજય આસર (૩૨) પુષ્પા ખોના (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) ડો. પ્રકાશ કટકિયા (૩૭) ભામિની સંપટ (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) અરવિંદ કામદાર (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) હિના દલાલ (૪૮) રમેશ દલાલ (૪૯) તાહેર ઔરંગાબાદવાલા (૫૦) શીરીન ઔરંગાબાદવાલા (૫૧) જાગૃતિ નિતીન બજરિયા (૫૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૫૩) ચેતના છેડા (૫૪) હિંમત ખોલીયા (૫૫) પ્રિતી ખત્રી (૫૬) વેદાશી ખત્રી (તાઈવાન) (૫૭) હિતેશભાઈ ખત્રી (૫૮) હીરા મિલન પરમાર - હેનોઈ - વિયેતનામ (૫૯) પ્રવીણ વોરા

# સેન્સેક્સ ૪૪૭ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૬,૧૫૦થી ઉપર; સ્ટેટ બેન્ક, બજાજ ફિનમાં ઉછાળા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભારતીય રિઝર્વ બેંક દ્વારા છ મહિનામાં પ્રથમ વખત મુખ્ય બેન્ચમાર્ક વ્યાજ દરમાં ઘટાડો જાહેર કરવામાં આવ્યા બાદ અને ઉચ્ચ યુએસ ટેરિફનો સામનો કરવા માટે 'ગોલ્ડીલોક' અર્થતંત્રને ટેકો આપવા માટે પ્રવાહિતા વધારવા માટે પગલાં જાહેર કરાયા બાદ શુક્રવારે શેરબજારના બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૪૪૭.૦૫ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા વધીને ૮૫,૭૧૨.૩૭ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૫૩૧.૪ પોઈન્ટ અથવા ૦.૬૨ ટકા વધીને ૮૫,૭૯૬.૭૨ સુધી ઊંચે ગયો હતો. જ્યારે નિફ્ટી ૧૫૨.૭૦ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા વધીને ૨૬,૧૮૬.૪૫ પર બંધ થયો હતો. રિઝર્વ બેન્ક દ્વારા તાર્કિક રીતે અનપેક્ષિત અને આશાવાદના ધોરણે અપેક્ષિત વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર થયા બાદ આવેલા સુધારામાં શુક્રવારે સેન્સેક્સ ૪૪૭ પોઈન્ટ ઉછળ્યો હતો અને નિફ્ટી ૨૬,૧૫૦થી ઉપર પહોંચ્યો હતો. ખાસ કરીને સ્ટેટ બેન્ક, બજાજ ફિનમાં ઉછાળા જોવા મળ્યા હતા.

સેન્સેક્સના શેરોમાં સ્ટેટ બેન્ક, બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, મારુતિ, એચસીએલ ટેક, લાર્સન, મહિન્દ્રા અને ઇન્ફોસિસ ટોપ ગેઇનર હતા. જોકે, એચયુએલ, ઇટર્નલ, ટાટા મોટર્સ પેસેન્જર અને સન ફાર્મા ટોપ લુઝર હતા. એનએસઇ પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (૨.૪૯%), પંજાબ નેશનલ બેંક (૧.૭૫%) અને બેંક ઓફ બરોડા (૧.૩૨%)માં તેજીના કારણે, નિફ્ટી બેંક લગભગ એક ટકા વધ્યો. ઇન્ડેક્સ પર બધા બેંકિંગ શેર ગ્રીન ઝોનમાં બંધ થયા હતા.

પ્રાઇમરી માર્કેટમાં પાર્ક બ્રાન્ડ હેઠળ હોસ્પિટલ ચેઇન સંચાલિત કરતી પાર્ક મેડી વર્લ્ડનો રૂ. ૯૨૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ દસમી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૫ ડિસેમ્બરે નક્કી થશે, જ્યારે એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૭ ડિસેમ્બર નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૫૪થી રૂ.૧૬૨ પ્રતિ શેર અને અરજી માટે મિનિમમ લોટ સાઇઝ ૯૨ શેરની છે.

નેફ્રોકેર હેલ્થ સર્વિસિસનો રૂ. ૮૭૧.૦૫ કરોડના બુક બિલ્ડ આઇપીઓ ૧૦ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ડિસેમ્બરના રોજ બંધ થશે. કોરોના રેમેડીઝનો રૂ.૬૫૫.૩૭ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ આઠમી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૦ ડિસેમ્બરના રોજ બંધ થશે. વેકફિટ ઇનોવેશન્સ લિમિટેડ રૂ. ૧૨૮૯ કરોડના આઇપીઓ સાથે આઠમી ડિસેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ઇન્ડિયન ગેસ એક્સચેન્જના બોર્ડે આઇપીઓ માટે મંજૂરી આપી છે.

દરમિયાન, આરબીઆઇ દ્વારા રેપો રેટમાં ઘટાડો કર્યા પછી રૂપિયો ૧૦ પૈસા ઘટીને ૮૯.૯૯ (કામચલાઉ) પર બંધ થયો. શુક્રવારના સુધારા છતાં, બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સપ્તાહના અંતે મોટાભાગે યથાવત રહ્યા, નિફ્ટી બેંક પણ સ્થિર બંધ રહ્યો હતો. જોકે, વ્યાપક બજારોમાં નબળાઈ જોવા મળી હતી, નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૭% ઘટ્યો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ૨૦ ટકા ઘટ્યો હતો. શુક્રવારે ગવર્નર સંજય મલ્હોત્રાના નેતૃત્વમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) એ સર્વાનુમતે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૫.૨૫% કરવાનો નિર્ણય લીધો છે, જે તાત્કાલિક અસરથી અમલમાં આવશે.



શુક્રવારના ઘટાડા સાથે, સમિતિએ ચાલુ નાણાકીય વર્ષમાં કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટનો દર ઘટાડો કર્યો છે.

રોકાણકારો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નીતિ જાહેરાતની રાહ જોઈ રહ્યા હતા અને આગલા સત્ર, ગુરુવારના સુધારા છતાં, મજબૂત આર્થિક ડેટા અને અસ્થિર રૂપિયા વચ્ચે સાવચેતીનું માનસ રહ્યું હતું. પ્રારંભિક સત્રમાં મિશ્ર ક્ષેત્રીય ચાલ જોવા મળી હતી, જેમાં બેંકો, ઓટો અને રિયલ એસ્ટેટ શેરોમાં નીતિ પરિણામની અટકળોને આધારે હલચલ જોવા મળી હતી. વૈશ્વિક સંકેતો નરમ હતા, જ્યારે ક્રૂડ ઓઇલના ભાવ સ્થિર તથા રૂપિયો સુધારાના પંથે આગળ વધી રહ્યો હતો.

બજાર નીચા મથાળે ખુલ્યું હતું, જોકે રેપો રેટ ઘટાડા પછી બેંક, એનબીએફસી, ઓટો, રિયલ્ટી શેરોમાં બે ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. એક મહત્ત્વની ઘોષણામાં આરબીઆઇએ કહ્યું હતું કે, રૂપિયો દબાણ હેઠળ હોવાથી તે પાંચ બિલિયન ડોલર, ફોરેક્સ સ્વેપ સાથે લિક્વિડિટી સપ્લાય કરશે. આ તરફ ફેડરલ રિઝર્વ રેટ ઘટાડશે એવી અપેક્ષા સાથે ક્રૂડ ઓઇલ સ્થિર રહ્યું હોવાથી પણ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧,૯૪૪.૧૯ કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૩,૬૬૧.૦૫ કરોડના શેર ચોખ્ખા ધોરણે ખરીદ્યા હતા. વિદેશી ફંડોએ નવેમ્બરમાં ભારતીય ઇક્વિટી બજારમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. ઓક્ટોબરમાં રૂ. ૧૪,૬૧૦ કરોડના ચોખ્ખા આંતર પ્રવાહ પછી નવેમ્બરમાં આ ઘટાડો થયો છે. વિદેશી ફંડોએ સપ્ટેમ્બરમાં રૂ. ૨૩,૮૮૫ કરોડ, ઓગસ્ટમાં રૂ. ૩૪,૯૯૦ કરોડ અને જુલાઈમાં રૂ.૧૭,૭૦૦ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી હતી. ૨૦૨૫માં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૧.૪૩ લાખ કરોડથી વધુ નાણાં ઉપાડી લીધા છે. દરમિયાન, ડેટ માર્કેટમાં, એફઆઇઆઇએ સામાન્ય મર્યાદા હેઠળ રૂ. ૮,૧૧૪ કરોડનું રોકાણ કર્યું હતું જ્યારે તે જ સમયગાળા દરમિયાન સ્વૈચ્છિક રીટેન્શન રૂટ દ્વારા રૂ. ૫,૦૫૩ કરોડ ઉપાડ્યા હતા.

વૈશ્વિક સ્તરે, વોલ સ્ટ્રીટ પરના અનિશ્ચિત સત્રને પગલે શુક્રવારે એશિયન બજારો મિશ્ર બંધ થયા હતા. જાપાનનો નિક્કી ૧.૨૭% ઘટ્યો હતો, સિંગાપોરનો સ્ટ્રેટ ટાઇમ્સ ૦.૦૮% ઘટ્યો હતો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ૦.૫૨% વધ્યો હતો, અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૬૯% વધ્યો હતો. દક્ષિણ કોરિયાનો પણ ૧.૭૪% વધ્યો હતો.

વોલ સ્ટ્રીટ પર, ગુરુવારે યુએસ શેરબજાર મોટાભાગે ફ્લેટ નોટ પર બંધ થયા હતા, જેમાં એમેઝોનના શેરમાં થયેલા ઘટાડાનો સમાવેશ થતો હતો, જે એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ પર સૌથી મોટો ઘટાડો હતો. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૦.૦૭% ઘટ્યો, એસએન્ડપી ૫૦૦ ૦.૧૧% વધ્યો અને ટેક-હેવી નેસ્ડેક ૦.૨૨% વધ્યો.

શુક્રવારે એનએસઇ પર ૩,૧૯૨ જેટલા શેરો ટ્રેડ થયા. તેમાંથી ૧,૩૩૫ વધ્યા અને ૧,૭૬૯ શેરોમાં ઘટાડો થયો, જ્યારે ૮૮ શેરોમાં કોઈ ફેરફાર નહોતો થયો. આ દર્શાવે છે કે બજારનો અંડર ટોન નબળો રહ્યો હતો. કુલ ૩૬ શેરો તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા, જ્યારે ૨૪૯ શેરો તેમના એક વર્ષના નીચલા સ્તરને સ્પર્શ્યા. ઉપરાંત, શુક્રવારે ૬૬ શેરો તેમની ઉપલી સર્કિટ મર્યાદાને સ્પર્શ્યા, અને ૫૪ તેમના નીચલા સર્કિટ બેન્ડને સ્પર્શ્યા. એનએસઇ લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીકરણ સત્રના અંતે રૂ. ૪૬૮.૫૮ લાખ કરોડ હતું.

# ટીન અને નિકલમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ, અન્ય ધાતુઓમાં આગેકૂચ

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપર અને બ્રાસની વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૧ સુધીનો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે ટીન અને નિકલમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૬ અને રૂ. આઠ ઘટી આવ્યા હતા અને ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૧૩૩, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૦૨૨ અને રૂ. ૭૧૦ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૦૦૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૯૫ અને રૂ. ૯૦૮, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૨૪, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૮૬ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૬૨૫ના મથાળે રહ્યા હતા.

# રૂપિયાની નરમાઈ અને વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૧૫૮૫નો અને સોનામાં ₹ ૭૪૭નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ ઉપરાંત અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારો જોવા મળ્યો હોવાના નિર્દેશ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો છ પૈસા નબળો પડતાં આયાત પડતરોમાં વધારો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪૪થી ૭૪૭નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫૮૫નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક ચાંદીમાં ૧.૯ ટકા જેટલો ઉછાળો આવ્યાના સંકેતો સાથે સ્થાનિકમાં પણ ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી જોવા મળી હતી. આ સિવાય ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ.



૧૫૮૫ વધીને રૂ. ૧,૭૮,૧૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૪૪ વધીને રૂ. ૧,૨૮,૦૭૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૪૭ વધીને રૂ. ૧,૨૮,૫૯૨ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઊંચી સપાટીએથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ પાંચ સપ્તાહની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ વચ્ચે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૪૨૨૫.૧૧ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૪૨૨૫.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૯ ટકા ઉછળીને ઔંસદીઠ ૫૮.૧૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદને ટેકે સોનામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું એફએક્સટીએમનાં રિસર્ચ એનાલિસ્ટ લુકમાન ઓટુનુગાએ જણાવતાં ઉમેર્યું હતું કે ગત બુધવારે જાહેર થયેલા અમેરિકાના ખાનગી રોજગારીના ડેટા પણ વ્યાજદરમાં કપાતની તરફેણમાં રહ્યા હતા. વધુમાં તાજેતરમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત કરશે કે નહીં તે અંગે થરૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં પણ ૧૦૦ અર્થશાસ્ત્રીઓએ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટના કાપની શક્યતા વ્યક્ત કરી હતી.

# આરબીઆઈએ રિપો રેટમાં કાપ મૂકતાં ડૉલર સામે રૂપિયો વધુ છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન એક તબક્કે ૨૦ પૈસા જેટલો સુધારો નોંધાયો હતો. જોકે, ત્યાર બાદ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે ત્રણ દિવસીય નાણાનીતિની સમીક્ષાની બેઠકના અંતે છ મહિનામાં પહેલી વખત બૅન્ચમાર્ક વ્યાજ દરમાં કાપ મૂકવાનો નિર્ણય લીધો હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. તેમ છતાં તેની સામે રિઝર્વ બૅન્કે ઓપન માર્કેટ ઓપરેશન મારફતે રૂ. એક લાખ કરોડનાં સરકારી બૉન્ડ તેમ જ પાંચ અબજ ડૉલરનાં ત્રણ વર્ષીય બાય-સેલ સ્વેપ હાથ ધરવાનો નિર્ણય લીધો હોવાથી અમુક અંશે રૂપિયાને ટેકો મળતાં સત્રના અંતે રૂપિયો છ પૈસાના ઘટાડા સાથે ૮૯.૯૫ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૯૫ના બંધ સામે સુધારા સાથે ૮૯.૮૫ની સપાટીએ ખૂલ્યા બાદ ૨૦ પૈસા મજબૂત થયો હતો, પરંતુ રિઝર્વ બૅન્કની બેઠકની ફળશ્રુતિ પશ્ચાત્ સુધારો ધોવાઈ ગયો હતો અને નીચામાં ૯૦.૦૬ સુધી ક્વૉટ થયા



બાદ અંતે છ પૈસા ઘટીને ૮૯.૯૫ની સપાટીએ બંધ રહ્યો હતો. રિઝર્વ બૅન્કે આજે રિપોરેટ ૨૫ બેસિસ પૉઈન્ટ ઘટાડીને ૫.૨૫ નિર્ધારિત કર્યો હતો. તેમ જ રૂ. એક લાખ કરોડનાં ઓપન માર્કેટ ઓપરેશન મારફતે સરકારી બૉન્ડની ખરીદી અને પાંચ અબજ ડૉલરના બાય-સેલ સ્વેપના નિર્ણયનો આશય બજારમાં ટકાઉ પ્રવાહિતા લાવવા અને ડૉલર સામે રૂપિયામાં થયેલા ધોવાણ પશ્ચાત્ ચલણમાં સ્થિરતા લાવવાનો નિર્ણાયક પ્રયાસ હોવાનું એક્સિસ લાઈફ ઈન્સ્યોરન્સનાં વાઈસ પ્રેસિડેન્ટ અને ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઑફિસર સચિન બજાજે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ રિઝર્વ બૅન્કે રૂપિયા માટે કોઈ સ્તર કે ભાવ નિર્ધારિત નથી કર્યો અને બજાર પરિબળો અનુસાર તેમાં વધઘટ થઈ રહી છે. જોકે, બજારમાં અતિરિક્ત ચંચળતા ખાળવા માટે આરબીઆઈ પ્રયાસ કરતી હોય છે. વધુમાં આજે રિઝર્વ બૅન્કે નાણાનીતિમાં તટસ્થ વલણ જાળવી રાખવાની સાથે ફુગાવાનો અંદાજ જે ૨.૬ ટકા મૂક્યો હતો તે ઘટાડીને બે ટકાનો અને નાણાકીય વર્ષ ૨૦૨૬ માટેના જીડીપીનો અંદાજ જે ૬.૮ ટકા મૂક્યો હતો તે વધારીને ૭.૩ ટકા કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે દેશમાં પર્યાપ્ત વિદેશી હૂંડિયામણની અનામત છે, ચાલુ ખાતાની ખાધ મેનેજ થઈ શકે તેમ છે અને આર્થિક પરિબળો પણ મજબૂત હોવાથી આગામી સમયગાળામાં મૂડીગત્ પ્રવાહ પણ મજબૂત જોવા મળે તેવી શક્યતા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા ઘટીને ૯૮.૯૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૪૭.૦૫ પૉઈન્ટનો અને ૧૫૨.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને બેરલદીઠ ૬૩.૨૭ ડૉલર ક્વૉટ થઈ રહ્યા હતા અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯૪૪.૧૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

### વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આરબીડી પામોલિનમાં ધીમો સુધારો

# એકથી પાંચમી ડિસેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ૨૦ ટકા ઘટી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૮ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૭ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ખાસ કરીને આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય અનુસાર ગત પહેલી ડિસેમ્બરથી પાંચમી ડિસેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા નવેમ્બર મહિનાના સમાનગાળાના ૨,૨૯,૨૧૦ ટન સામે ૨૦.૨૫ ટકા ઘટીને ૧,૮૨,૭૮૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ડિસેમ્બર અને જાન્યુઆરી ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૨૫૦ અને રૂ. ૧૨૫૩, સોયા રિફાઈન્ડના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૯ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૪૫ અને ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ મથકે અગાઉની શેષ અનુક્રમે ૭૦,૦૦૦ ગૂણી અને ૪૦,૦૦૦ ગૂણી મગફળીના વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૫૦માં અને રૂ. ૧૦૫૦થી ૧૩૪૦માં થયા હતા. આ સિવાય આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ત્રણ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૦૦થી ૪૫૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૫૦૦થી ૪૬૦૦માં થયાના અહેવાલ હતા.

દરમિયાન હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૨૩૧૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૪૫૦માં થયાના અહેવાલ હતા.

# ગેરવાજબી ભાવબાંધણી: માર્ચ સુધીમાં પશ્ચિમ બંગાળની અડધી જ્યૂટ મિલો બંધ થવાની આઈજેએમએની ચેતવણી

કોલકાતા: કાચા શણની અવ્યવહારુ ભાવબાંધણી કરવામાં આવતા આ ક્ષેત્રમાં ઘેરી કટોકટી પ્રવર્તી રહી હોવાથી ઈન્ડિયન જ્યૂટ મિલ્સ એસોશિયેશન (આઈજેએમએ)એ પશ્ચિમ બંગાળ સરકારને તાકીદે હસ્તક્ષેપ કરવા અનુરોધ કર્યો છે અને જો કોઈ પગલાં લેવામાં નહીં આવે તો આગામી માર્ચ, ૨૦૨૬ સુધીમાં રાજ્યની અડધી ખાંડ મિલો બંધ થવાની ચેતવણી ઉચ્ચારી છે.

રાજ્યનાં શ્રમ ખાતાના પ્રધાન મોલોય ઘતકને એસોસિયેશને ગત ત્રીજી ડિસેમ્બરના રોજ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે રાજ્યના શણ ક્ષેત્રમાં સર્જાયેલી કટોકટીને કારણે મિલો સાથે સીધા સંકળાયેલા બે લાખ કામદારોનાં જીવનનિર્વાહ સામે જોખમ ઊભું થયું છે. તેમ જ અંદાજે ઉદ્યોગ સાથે અંદાજે એક લાખ કરતાં વધુ લોકો આડકતરી રીતે સંકળાયેલા છે.

એસોસિયેશને જણાવ્યું હતું કે જ્યૂટ કમિશનરે ગત ૧૫મી સપ્ટેમ્બરે નોટિફિકેશન જાહેર કરીને ઑક્ટોબર માટે અને ત્યાર બાદ અનિશ્ચિત મુદત માટે ૫૮૦ ગ્રામ બી-ટ્વિલ બેગ્સના ભાવ સપ્ટેમ્બર ૨૦૨૫ની સપાટીએ યથાવત્ નિર્ધારિત કર્યા હતા.

એસોસિએશને જ્યૂટ કમિશનરની કાર્યાલય દ્વારા ફરજિયાત ભાવ નિર્ધારિત કરવાની પદ્ધતિનો ત્યાગ કરવાનો અને વધતાં ઈનપૂટ ખર્ચ, કાચા શણના ભાવની વધઘટ અને ન્યાયિક નિર્દેશોની અવગણના કરવાનો આક્ષેપ મૂકતા દાવો કર્યો હતો કાચા શણના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૭૫૦૦ હતા તે વધીને રૂ. ૧૦,૦૦૦ થયા છે જેના કારણે ખાસ કરીને બી અને સી કક્ષાની મિલો માટે ઉત્પાદન આર્થિક રીતે પોસાણક્ષમ નથી રહ્યું.

વધુમાં એસોસિયેશને પત્રમાં જણાવ્યું હતું કે આ નોટિફિકેશને કોલકતા હાઈ કોર્ટના નિર્દેશો સાથે પણ સીધો સંઘર્ષ ઊભો કર્યો છે, જેમાં જ્યૂટ કમિશનર ઑફિસે નોટિફાઈ અથવા તો નિર્ધારિત કરવામાં આવેલા ભાવથી કાચા શણની ઉપલબ્ધિતા સુનિશ્ચિત કરવાની આવશ્યકતા આપવાની હોય છે. આ સિવાય એસોસિયેશને ચેતવણી આપી હતી કે ભાવ સ્થિર થવાથી વેતનની ચુકવણી તેમ જ ગ્રાહક ભાવાંક આધારીત ફરજિયાતપણે અપાતા મોંઘવારી ભથ્થાં પર પણ પડી છે. નોંધનીય બાબત એ છે કે ગ્રાહક ભાવાંકમાં ૧૨૯ પૉઈન્ટનો વધારો થયો છે જેને ધ્યાનમાં રાખીને નવેમ્બરથી જાન્યુઆરી, ૨૦૨૬ સુધીનાં ભથ્થાની ચુકવણી કરવાની હોય છે, પરંતુ ગૂણી અથવા તો બેગ્સના ભાવ ફિક્સ્ડ થઈ ગયા છે, જેમાં વેતન ખર્ચમાં થયેલા વધારાને પણ ગણવામાં નથી આવ્યો.

વાસ્તવમાં જોઈએ તો ગૂણીના ભાવ ઉત્પાદન ખર્ચની સરખામણીમાં ૧૦થી ૧૨ ટકા ઓછા હોવાથી મિલો નુકસાનીમાં કાર્ય કરી રહી છે.

# કચ્છમાં બે દિવસમાં ૩.૩ અને ૨.૭ની તીવ્રતાના ભૂકંપના આંચકાઃ રાપર અને ખાવડા નજીક કેન્દ્રબિંદુ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: એક તરફ, ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧માં કચ્છને તારાજ કરનારા ભયાનક ધરતીકંપની ૨૫મી વરસી નજીક આવી રહી છે ત્યારે બીજી બાજુ ધરતીના પેટાળમાં શરૂ થયેલી સિસ્મિક એક્ટિવિટીને પગલે, ભૂકંપ ઝોન-૫માંથી ૬માં તાજેતરમાં સમાવવામાં આવેલા સરહદી જિલ્લા કચ્છમાં, મહાભૂકંપ બાદ શરૂ થઇ ગયેલો આફટરશોક્સનો સિલસિલો જારી રહેતાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો.

૧૯ દિવસના અંતરાલ બાદ એક્ટિવ થયેલા પૂર્વ બાજુના વાગડ ફોલ્ટમાં ગત ગુરુવારે રાત્રીના ૧૨ અને ૪૯ મિનિટે ખાવડાથી ૪૪ કિલોમીટર દૂર આંતરરાષ્ટ્રીય સીમા નજીક ૩.૩ની તીવ્રતા ધરાવતો આફટરશોક ગાંધીનગરસ્થિત સિસમોલોજી કચેરી ખાતે નોંધાયો હતો. ત્યારબાદ શુક્રવારે મધ્યરાત્રીના ૧ અને ૪૭ મિનિટે, રાપરથી ૧૯ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતો અને જમીનથી માત્ર ૯.૮ કિલોમીટરની ઊંડાઇએથી ઉદ્દભવેલો ૨.૬ની તીવ્રતાના ભૂકંપના ઝટકાએ કચ્છની ધરાને ધ્રુજાવી હતી.

દરમ્યાન, ભૂકંપની ૨૫મી વરસી નજીકમાં જ છે ત્યારે અચાનક હાઇપર એક્ટિવ બનેલી કચ્છ-સૌરાષ્ટ્રની ફોલ્ટલાઈનોમાં ભૂકંપના આંચકાઓનો દોર ચિંતાજનક રીતે વધી ગયો છે. કચ્છમાં આમ તો બે દાયકા અગાઉ આવેલા મહાવિનાશક ધરતીકંપ બાદ સતત આંચકાઓ આવી રહ્યા છે,પણ છેલ્લા ત્રણ-ચાર મહિનામાં ભૂકંપના આંચકાઓનું પ્રમાણ વધ્યું છે જેમાં ખાસ કરીને વાગડ ફોલ્ટ લાઈન પર તેની સંખ્યા વિશેષ રહેવા પામી છે. ■




રાજકોટ બાર એસોસિયેશનની આગામી ચૂંટણીમાં બે મુખ્ય પેનલ, 'સમરસ પેનલ' અને "RBA પેનલ' વચ્ચે સીધો જંગ છે. સમરસ પેનલ બાદ RBA પેનલ દ્વારા પોતાની સંપૂર્ણ ટીમ સાથે ઉમેદવારી નોંધાવવામાં આવી હતી. આ પેનલના તમામ ઉમેદવારોએ કોર્ટ પરિસરમાં એકઠા થઇને શક્તિ પ્રદર્શન કર્યું હતું (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ચકચારી મુંદરા કસ્ટોડિયલ ડેથ કેસના આરોપીના ટૂંકાગાળાના જામીનની માગ નકારાઈ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છના મુંદરાના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસના દસ આરોપીઓ પૈકીના નરવીરસિંહ ગણપતસિંહ સરવૈયાએ સાળાનાં લગ્ન પ્રસંગનું કારણ ધરીને ટૂંકા ગાળાના જામીન માગ્યા હતા, પરંતુ પોલીસ તપાસમાં લગ્ન સાળાના નહીં પરંતુ કાકાઈ સાળાના હોવાનું જાણવામાં આવતાં જામીન નામંજૂર કરી દેવાયા હતા. ભુજની અધિક સેશન્સ કોર્ટમાં છેલ્લા પાંચ વર્ષથી ચાલી રહેલા આ કેસમાં જેલમાં રહેલા આરોપી નવવીરસિંહે પોતાના સગા સાળનાં લગ્ન પ્રસંગમાં હાજરી અનિવાર્ય હોવા અંગેની ટૂંકા ગાળાના જામીન માટેની નામદાર અદાલત સમક્ષ અરજી દાખલ કરી હતી. ખાસ સરકારી વકીલ અનિલ દેસાઈએ પોલીસ તપાસ કરાવતાં પોલીસે લગ્ન થનારના પિતાનું નિવેદન લઈ રજૂઆત કરતાં આ લગ્ન આરોપી નરવીરસિંહના સગા સાળાના નહીં પરંતુ કાકાઈ સાળાના હોવાનું બહાર આવતાં હાજરીની અતિઆવશ્યકતા જરૂરી ન હોવાનું, આ અરજી રેકર્ડથી વિરુદ્ધ હોવાની તથા યોગ્ય-વાજબી ન હોવાથી ભુજના અધિક સેશન્સ જજ દ્વારા જામીન નકારાયા હતા.

આ કેસમાં સરકાર પક્ષે ખાસ નિયુક્ત સરકારી વકીલ રાજકોટના અનિલ આર. દેસાઇ તથા મૂળ ફરિયાદ પક્ષ વતી ધારાશાત્રી ડી.વી. ગઢવી સાથે વાય.વી.વોરા, એ.એન. મહેતા, એચ.કે.ગઢવી, એસ.એસ.ગઢવી ઉપરાંત ગઢવી-ચારણ સમાજના તમામ એડવોકેટ હાજર રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ ગઢવી યુવકોને અચાનક ઉઠાવી, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે યુવકોનાં દર્દનાક મોત થયાં હતાં, એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ચકચારી મામલે તત્કાલીન પોલીસ ઇન્સ્પેકટર પઢિયાર સહિત પાંચ પોલીસ કર્મી, ગ્રામ રક્ષક દળના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ■

# કચ્છના આદિપુરમાં ભાડાનું મકાન ખાલી કરતી વેળાએ લાગેલો વીજશોક યુવાનને ભરખી ગયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છના આદિપુરના વોર્ડ ૬-એ વિસ્તારમાં ભાડાનું મકાન ખાલી કરતી વેળાએ જોરદાર વીજશોક લાગતાં રાહુલ મુકેશ આચરાણી (ઉ.વ.૨૬)એ જીવ ખોયો હતો.

આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, આદિપુરના વોર્ડના વોર્ડ નંબર ૬-એમાં સ્થિત સંત કંવરરામ સોસાયટીમાં ગત તા.૨-૧૨ના રાત્રીના અરસામાં અકાળ મૃત્યુનો બનાવ બન્યો હતો. જેમાં અહીં રાહુલ આચરાણી અને અન્યો ભાડાનું મકાન ખાલી કરી રહ્યા હતા. આ વેળાએ જમીન પર પડેલા વીજ વાયરને અડી જતાં હતભાગીને જોરદાર વીજ શોક લાગતાં તેનું સારવાર મળે તે અગાઉ મોત નીપજતાં ગમગીની પ્રસરી હતી. ■

# કચ્છના મોટા રણમાં બનાવાયેલી નવી ફ્લેમિંગો સિટી રૂપકડાં સુરખાબ પક્ષીઓના કલરવથી ગુંજી ઊઠી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ આગવી વન્યજીવ શ્રૃષ્ટિ ધરાવતા ભાતીગળ કચ્છ પ્રદેશની વૈશ્વિક ઓળખ સમા સુરખાબ પક્ષીઓ તેમના પ્રજનનકાળ માટે સમયસર કચ્છના રણ વિસ્તારમાં આવી પહોંચતાં રૂપકડાં પક્ષીઓના કલશોરથી આ સૂમસામ વિસ્તાર ગુંજી ઊઠ્યો છે.

કચ્છના રણના ખડીર વિસ્તારમાં આવેલી ફ્લેમિંગો સિટીની મધ્યમાં પૂર્વ કચ્છ વનવિભાગના તત્કાલીન ડી.સી.એફ હર્ષ ઠક્કરના માર્ગદર્શન હેઠળ સુરખાબ પ્રજનન કરી શકે તે માટે ૧ મીટર ઊંચું અને ૧૦૦ મીટર જેટલું લાબું બનાવવામાં આવેલું આર્ટિફિશિયલ બ્રિડિંગ પ્લેટફોર્મ રશિયા, સર્બિયા જેવા પૂર્વ સોવિયેટ યુનિયનના દેશોમાંથી હજારો કિલોમીટરનો પ્રવાસ કરીને કચ્છ આવેલા સુરખાબ પક્ષીઓ માટે આશીર્વાદરૂપ બન્યું છે અને અહીં અંદાજિત બે લાખથી વધારે સુરખાબનું સફળ પ્રજનન થયું છે.

આ અંગે પૂર્વ કચ્છ વન વિભાગના મુખ્ય અધિકારી આયુષ વર્માએ જણાવ્યું હતું કે, કચ્છના નાના રણ પછી, ફ્લેમિંગો માટે કચ્છના મોટાં રણના પટમાં એક નવો વિશિષ્ટ માળો બનાવવાના આવ્યો છે જે સુરખાબના બ્રીડિંગ માટે અનુકૂળ આવી રહ્યો છે. થોડાં વર્ષ અગાઉ કુડા વિસ્તારની મુલાકાત દરમિયાન વન અધિકારીઓ અને નિષ્ણાતો દ્વારા આશરે ૧,૦૦,૦૦૦ માળાઓ મળી આવ્યા હતા જ્યાં તેમનો સંવર્ધનનો પ્રયાસ સફળ રહ્યો છે. વનવિભાગ દ્વારા કચ્છના મોટા રણમાં વિદેશી પક્ષીઓના માળાઓનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. આયુષ વર્માએ વધુમાં જણાવ્યું હતું કે, ખડીરથી સાંતલપુર તરફ જતા અને બીજા રોડ ટુ હેવન તરીકે ઓળખાતા માર્ગ નજીકના રણ વિસ્તારમાં શિયાળો માણી, ઉનાળા દરમિયાન દેશ-વિદેશમાં ફેલાઈ જતા સુરખાબ પક્ષીઓ ખડીર બેટના અમરાપરથી લોદ્રાણી જાગીર વચ્ચેના વિસ્તારને હાલ શોભાવી રહ્યા છે. ગત નવેમ્બરના અંતિમ સપ્તાહ દરમ્યાન અંદાજિત સવા લાખ જેટલા સુરખાબ અને કુંજ પક્ષીઓની હાજરી નોંધાઈ છે. ■

# ભાવનગરની શિશુવિહાર સંસ્થામાં આંખનાં સવા લાખથી વધુ દર્દીઓને મળી નિદાન સારવાર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ 'દર્દી દેવો ભવઃ' સૂત્ર મૂલ્ય સાથે ગોહિલવાડની સુપ્રસિદ્ધ શિશુવિહાર સંસ્થા દ્વારા ૫૮ વર્ષથી ચાલતાં પ્રભુકૃપા નેત્રયજ્ઞ દ્વારા વીસ હજારથી વધુ દર્દીઓને આંખની શસ્ત્રક્રિયાનો નિઃશુલ્ક લાભ મળ્યો છે. આંખનાં સવા લાખથી વધુ દર્દીઓને નિદાન સાથે સારવાર મળી છે. શિશુવિહાર સંસ્થાનાં વડા નાનકભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૬૮થી પ્રભુકૃપા નેત્રયજ્ઞ સેવા અભિયાન ચાલી રહેલ છે. આ નેત્રયજ્ઞમાં વિવિધ સંસ્થાઓ અને દાતાઓનો પૂરતો સહયોગ રહ્યો છે.

૫૮ વર્ષથી ચાલતાં આ પ્રભુકૃપા નેત્રયજ્ઞ દ્વારા વીસ હજારથી વધુ દર્દીઓને આંખની બીમારીઓ મોતિયો બિંદુ, ઝામર વગેરે બીમારીની શસ્ત્રક્રિયાનો વિનામૂલ્યે લાભ મળ્યો છે. અહીંયા વયસ્કોને દૃષ્ટિ ચકાસણી સાથે વિનામૂલ્યે ચશ્મા વિતરણ થાય છે. વીરનગર સ્થિત શ્રી શિવાનંદ આંખનાં દવાખાના દ્વારા નિષ્ણાત તબીબો દ્વારા ભાવનગર શિશુવિહારમાં નિદાન કરવામાં આવે છે, તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને વીરનગર લઈ જવામાં આવે છે. આટલાં વર્ષોમાં આંખનાં સવા લાખથી દર્દીઓને આ નિદાન સાથે સારવાર મળી છે. આંખના દર્દીઓને આ દરમિયાન ગરમ ધાબળા, ભોજન, કપડા વગેરે સહાય પણ આપવામાં આવે છે. ■

# જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાનું ફેક આઈડી બન્યું, પાકિસ્તાન કનેક્શન હોવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપના ધારાસભ્ય સંજય કોરડીયાની ઈમેજને નુકસાન પહોંચાડવાના બદઇરાદે કોઈ અજાણ્યા ઈસમોએ તેમનું ફેક ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ આઇડી બનાવી દીધી હતી. ધારાસભ્ય સંજય કોરડીયાના સેક્રેટરી હર્ષ લાલજીભાઈ ગોઠીએ જૂનાગઢ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં કાર્યવાહી કરતા પોલીસને બે અજાણ્યા નંબર ધ્યાને આવ્યાં હતાં. એસઓજીની તપાસમાં ફેસબુક આઇડીની પ્રોફાઇલની વિગતો મેટા પાસેથી મંગાવવામાં આવી હતી. તપાસ પ્રમાણે આ ફેસબુક આઇડી પાકિસ્તાનમાંથી બનેલી હોવાની માહિતી પ્રકાશમાં આવી હતી.

સેક્રેટરી હર્ષ લાલજીભાઈ ગોઠીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ૭ જુલાઈએ ધારાસભ્ય સંજય કોરડીયા તેમના મત વિસ્તાર ઝાંઝરડા રોડ ઉપર હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા ઈસમોએ ધારાસભ્યના ફોટો સાથે સંજય કોરડીયા નામનું ફેક ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ આઇડી બનાવ્યું હતું. આ ફેક આઇડીનો ઉપયોગ કરીને ધારાસભ્યના ફોટો અને નામનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો અને લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસરૂપે ખોટા મેસેજ મોકલવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું હતું.

આ સમગ્ર મામલે જૂનાગઢ બી-ડિવિઝન પોલીસે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં આ બંને ફેક આઈડી પાકિસ્તાનમાંથી બન્યા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. તેમાં બે શંકાસ્પદ મોબાઇલ નંબર મળ્યા હોવાનું ખુલ્યું હતું. પાકિસ્તાન કનેક્શન અને બે શંકાસ્પદ નંબરો મળ્યા બાદ પોલીસ દ્વારા તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. એટલું જ નહીં પરંતુ આ માહિતીના આધારે સેક્રેટરી હર્ષ લાલજીભાઈ ગોઠીએ બંને અજાણ્યા મોબાઈલ નંબરના ધારકો સામે ફરિયાદ નોંધાવી હતી. ■

# આપ ૭ ડિસેમ્બરે અમરેલીમાં કિસાન મહાપંચાયત યોજશેઃ ઈસુદાન ગઢવી સહિતના નેતાઓ હાજર રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટી (આપ) દ્વારા ૭ ડિસેમ્બરે અમરેલી જિલ્લામાં કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતોના ન્યાય અને અધિકાર માટે યોજાનારી આ મહાપંચાયત અમરેલીના સિટીઝન પાર્ક ખાતે બપોરે ત્રણ વાગ્યે યોજાશે.

આ કિસાન મહાપંચાયતમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્યો ગોપાલ ઈટાલિયા, ચૈતર વસાવા, હેમંત ખવા, સુધીર વાઘાણી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ખેડૂત નેતા અને પ્રદેશ મહામંત્રી સાગર રબારી, રાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરી રાજુ સોલંકી, યુવરાજસિંહ જાડેજા, યુવા પ્રદેશ અધ્યક્ષ બ્રિજરાજ સોલંકી અને લોકસભા ઇન્ચાર્જ કાંતિ સતાસિયા સહિતના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહેશે. અમરેલી જિલ્લાની ટીમ અને કાર્યકર્તાઓ પણ આ કાર્યક્રમમાં જોડાશે.

અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સુદામડા મહાપંચાયત દરમિયાન આમ આદમી પાર્ટીએ તમામ લોકસભા મતવિસ્તારોમાં કિસાન મહાપંચાયત યોજવાનું આહ્વાન કર્યું હતું. તે અંતર્ગત અમરેલીમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતોમાં સરકાર વિરુદ્ધ ભારે આક્રોશ છે અને તેઓ સ્વયંભૂ ટ્રેક્ટરો ભરીને મહાપંચાયતમાં જોડાશે. સાવલિયાએ તમામ ખેડૂતોને આ મુહિમમાં જોડાઈને સરકારને જાગૃત કરવા અપીલ કરી હતી. ■

# દુષ્કર્મ કેસમાં જામનગરના ઉદ્યોગપતિ વિશાલ મોદીને હાઈકોર્ટે પોલીસ સમક્ષ હાજર થવા આદેશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના ચકચારી દુષ્કર્મ કેસમાં ફરાર ઉદ્યોગપતિ વિશાલ મહેન્દ્રભાઈ મોદીને ગુજરાત હાઈ કોર્ટે પોલીસ સમક્ષ હાજર થવાનો આદેશ કર્યો હતો. આરોપીએ ધરપકડથી બચવા આગોતરા જામીન માટે અરજી કરી હતી, પરંતુ હાઈ કોર્ટે જામીન મંજૂર કરવાને બદલે તેને ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ કેસના તપાસ અધિકારી સમક્ષ હાજર થવા જણાવ્યું હતું.

પીડિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, જામનગરના જાણીતા ઉદ્યોગપતિ વિશાલ મોદી પ્રોપર્ટી બતાવવાના બહાને પીડિતાને આર્ય ભગવતી વિક એન્ડ વિલામાં લઈ ગયા હતા. ત્યાં તેમને કેફી પીણું પીવડાવી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આ કૃત્યના અંગત ફોટા અને વીડિયો બનાવી તેને વાયરલ કરવાની ધમકી આપી, આરોપીએ બે વર્ષ સુધી પીડિતા સાથે અનેક વખત શારીરિક સંબંધો બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું.

આ ફરિયાદ બાદ વિશાલ મોદીએ ધરપકડથી બચવા જામનગર સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ તેણે ગુજરાત હાઈ કોર્ટનો સંપર્ક કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ફરિયાદની વિગતો ધ્યાનમાં લીધી હતી. કોર્ટે આગોતરા જામીન આપવાને બદલે આરોપીને ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તેના મોબાઈલ ફોન સાથે તપાસ કરનાર પોલીસ અધિકારી સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો હતો. એક મહિનાથી વધુ સમયથી ફરાર આરોપીની ધરપકડ થઈ શકી નથી. આ આદેશથી પોલીસને આરોપીની પૂછપરછ કરવા અને મોબાઈલ ફોન સહિતના પુરાવાઓની તપાસ કરવાનો માર્ગ મોકળો થયો છે, જેનાથી કેસમાં વધુ વિગતો બહાર આવી શકે છે. ■

# વેરાવળ પાસે ફિશિંગ બોટ પલટી જતા એક માછીમારનું મોત, ૩નો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વેરાવળ બંદર નજીક અરબી સમુદ્રમાં એક ગંભીર દરિયાઈ દુર્ઘટના સર્જાઈ હતી. દરિયામાં માછીમારી કરીને પરત ફરી રહેલી એક ફિશિંગ ટ્રોલર બોટ ઓવરલોડને કારણે પલટી ગઈ હતી. બોટ પલટી જતા એક માછીમાર અરવિંદ ભારાવાલાનું ડૂબી જવાથી કરુણ મૃત્યુ થયું હતું. જોકે અન્ય ત્રણ ખલાસીઓનો આબાદ બચાવ કરી લેવામાં આવ્યો હતો. માછીમારનો મૃતદેહ માછલીઓના ઢગલા નીચે દટાયેલો જોવા મળ્યો હતો.

આ દુર્ઘટના ગુરુવારે સાંજે આશરે ૭:૩૦ વાગ્યાના સુમારે બની હતી. વેરાવળ જાલેશ્વરથી આશરે ૨ નોટિકલ માઈલ દૂર સમુદ્રમાં મુકેશ કિશન વણિકની માલિકીની શ્રી ભવાની કૃપા નામની બોટ અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માત અજય કિશન વણિક, રાકેશ કિશન વણિક અને મહેશ નાથાલાલ ફોફંડીનો આબાદ બચાવ કરી લેવામાં આવ્યો હતો. વેરાવળ માછીમાર બોટ એસોસિયેશનના પ્રમુખ તુલસી ગોહેલે આ ઘટના અંગે વિગતો આપી હતી.

માછીમારી પૂર્ણ કરી પરત ફરતી વખતે વેરાવળ જાલેશ્વર નજીક છેલ્લીવાર જાળ નાખવામાં આવી હતી. આ જાળમાં અતિશય પ્રમાણમાં માછલીઓ ફસાતાં બોટ પર ઓવરલોડ થઈ ગઈ હતી. જેથી જાળ પાછી ખેંચવામાં આવી રહી હતી.

આ દરમિઆન માછલીના અસામાન્ય વજનને કારણે બોટ એક તરફ વધુ પડતી ઝૂકી ગઈ અને પલટી ગઈ હતી. જેના કારણે બોટમાં સવાર ચાર માછીમાર દરિયામાં પડ્યાં હતા, જેમાંથી એક માછીમારનું ડૂબી જવાથી મોત થયું હતું. મૃતકના પરિવાર અને માછીમાર સમુદાયમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ■

# અમરેલીમાં દિવ્યાંગજનોને હાર્મોનિયમનું વિતરણ કરાયું, ૧૬૭ લાભાર્થીઓને મળી ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને સમાજ સુરક્ષા વિભાગ દ્વારા 'દિવ્યાંગ સાધન સહાય વિતરણ' કાર્યક્રમ યોજાયો હતો. શહેરના ડો. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે રાજ્ય પ્રધાન કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન દિવ્યાંગજનોને કુલ રૂપિયા ૧૫,૪૦,૫૭૫ ની કિંમતના હાર્મોનિયમનું વિતરણ કરવામાં આવ્યું હતું. કૌશિક વેકરીયા અને જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે આ સાધન સહાયનું વિતરણ કર્યું હતું.

રાજ્ય સરકારની યોજના અંતર્ગત ૧૬૭ લાભાર્થીઓને હાર્મોનિયમની ભેટ આપવામાં આવી હતી. આ દરમિયાન કૌશિક વેકઇરયાએ કહ્યું હતું કે, શારીરિક ક્ષતિ ધરાવતા ભાઈઓ અને બહેનોને 'દિવ્યાંગ' તરીકે ઓળખ આપવામાં આવી છે. આ કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એન.એમ.પુરોહિતે રાજ્યમંત્રી અને જિલ્લા કલેક્ટરનું અભિવાદન કરીને પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું. કાર્યક્રમમાં દિવ્યાંગ લાભાર્થીઓ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા જિલ્લામાં દિવ્યાંગજનો માટે વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે. સંત સુરદાસ યોજનામાં ૨,૮૭૮ લાભાર્થીઓને, દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો ૩૭ દિવ્યાંગોને અને નિરામય હેલ્થ ઇન્શ્યોરન્સ યોજનાનો ૧,૧૦૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ સાથે બૌદ્ધિક અસમર્થતા ધરાવતા ૨,૨૯૪ મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય યોજનાનો લાભ મળ્યો છે. ૧૫૪ લાભાર્થીઓને દિવ્યાંગ સાધન સહાય યોજનાનો અને ૧૦૧ લાભાર્થીઓને શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળ્યો છે. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી એસટી બસમાં નિઃશુલ્ક મુસાફરીની યોજનાનો લાભ ૧૬,૭૨૯ વ્યક્તિઓને આપવામાં આવ્યો છે. ■

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૫૪ મો ખેલકૂદ મહોત્સવ યોજાશે, ૪૦૦ ખેલાડીઓ ભાગ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આમ તો મોટા ભાગે વિવાદો માટે ચર્ચાના કેન્દ્રમાં રહેતી હતી. જો કે, યુનિવર્સિટીમાં કેટલાક સારા કામો પણ કરવામાં આવતાં હોય છે. યુનિવર્સિટીમાં આગામી ૧૦ ડિસેમ્બરથી ૧૨ ડિસેમ્બર દરમિયાન ૫૪મા વાર્ષિક ખેલકૂદ મહોત્સવ વર્ષ ૨૦૨૫ - ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ દરમિયાન યોજાનારી આ એથ્લેટિક્સ ગેમમાં ૨૬ ઇવેન્ટમાં રાજકોટ, મોરબી, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લાના ૪૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેવાના હોવાની વિગતો મળી છે. યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર ખેલાડીને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલથી સન્માન કરવામાં આવશે.. આ સાથે વિજેતા ખેલાડીઓમાંથી ક્વોલીફાય થનારા ખેલાડીઓ મેંગ્લોરમાં યોજાનારી ઓલ ઇન્ડિયા સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે મોકલવામાં આવશે. શિક્ષણ સાથે રમત પણ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ જરૂરી છે તેના ભાગરૂપે દર વર્ષે વાર્ષિક ખેલકૂદ મહોત્સવનું આયોજન કરવામાં આવતું હોય છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબાએ આ વાર્ષિક ખેલકૂદ મહોત્સવ અંગે વિગતો આપી હતી. તેમના જણાવ્યાં પ્રમાણે ૧૦થી ૧૨ ડિસેમ્બર દરમિયાન વાર્ષિક ખેલકૂદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૬ ઇવેન્ટમાં ૪૦૦થી વધુ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ ખેલ મહાકુંભમાં જે ભાઈઓ અને બહેનો સ્પર્ધામાં જે ક્વોલિફાય થશે તેમને મેંગ્લોરમાં યોજાનાર ઓલ ઇન્ડિયા સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે મોકલવામાં આવશે. ■

# હળવદ લૂંટ કેસમાં બે આરોપી ઝડપાયા, ૫.૧૧ લાખની રોકડ સહિત કાર અને બાઈક જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હળવદમાં વેપારી સાથે લૂંટની ઘટના બની હતી. આરોપીઓએ વેપારીની આંખમાં મરચું નાખીને રૂપિયા ૬.૫૦ લાખ રૂપિયાની લૂંટ આચરી હતી. આ લૂંટના કેસમાં કાર્યવાહી કરતા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી હતી. આ સાથે આરોપીઓ પાસેથી રૂપિયા ૫.૧૧ લાખ રોકડા, લૂંટના રૂપિયાથી ખરીદેલી કાર અને ગુનામાં વાપરેલું બાઈક જપ્ત કર્યું હતું. પોલીસે પકડાયેલા બંને આરોપીઓના રિમાન્ડ મેળવવા માટેની તજવીજ હાથ ધરી દીધી હતી. મળતી જાણકારી પ્રમાણે ૨જી ડિસેમ્બરે સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. હળવદના રાણેકપર રોડ પર આનંદ બંગલોઝ ખાતે રહેતા અને યાર્ડમાં કમિશન એજન્ટ તરીકે વેપાર કરતા રજનીકાંત ભીખાભાઈ દેથરીયા યાર્ડમાંથી ૬.૯૦ લાખ રૂપિયા રોકડા લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન આનંદ બંગલોઝ નજીક બે અજાણ્યા શખ્સો આવ્યા અને તેમની આંખમાં મરચાંની ભૂકી નાખી દીધી હતી. મરચાની ભૂકી છાંટીને આરોપીઓએ રજનીકાંત દેથરીયાના બાઈક પર રાખેલા રોકડ ભરેલા થેલાની લૂંટ ચલાવી હતી અને નાસી છૂટ્યા હતા.

આ મામલે વેપારીએ હળવદ તાલુકા પોલીસ સ્ટેશનમાં લૂંટની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે રાહુલ ઉર્ફે પીંગરો વિજયભાઈ હળવદિયા અને કિશન મોતીભાઈ પરસાડીયાની ધરપકડ કરી લીધી હતી. ■